CMYK

RNI NO. GUJ/GUJ/2004/15191
LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

BHAVNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૮૨ માગસર વદ - ૭    ગુરૂવાર, તા.૧૧-૧૨-૨૦૨૫    અંક : ૩૬ વર્ષ : ૨૩    news@aaspassindia.com    કિંમત રૂા. ૨-૫૦    પાના - ૮


# અમેરિકાએ આવક વધારવા લોન્ચ કર્યું નવું 'ટ્રમ્પ ગોલ્ડ કાર્ડ'

### ગોલ્ડ કાર્ડ વિઝા નીતિથી અમેરિકન તિજોરીમાં દર વર્ષે અરબો ડોલરની આવક થશે તેવો દાવો : વિદેશી પ્રતિભાને અમેરિકામાં રોકવામાં મદદ કરશે સાથે જ અમેરિકન કંપનીઓને શ્રેષ્ઠ વૈશ્વિક કૌશલ્યની ભરતી કરવામાં સરળતા આપશે : ટ્રમ્પ

વોશિંગ્ટન

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક નવો વિઝા પ્રોગ્રામ શરૂ કર્યો છે, જેનું તેમણે 'ટ્રમ્પ ગોલ્ડ કાર્ડ' નામ આપ્યું છે. તેમણે જાહેરાત કરી કે બુધવાર બપોરથી જ લોકો આ ગોલ્ડ કાર્ડ નાગરિકતા માટે અરજી કરી શકશે. ટ્રમ્પનું કહેવું છે કે આ નવા વિઝા પ્રોગ્રામથી અમેરિકાને અરબો ડોલરનો ફાયદો થશે. આ એક વિશેષ ઈમિગ્રેશન કાર્ડ છે, જે વિદેશી પ્રોફેશનલ્સ, ખાસ કરીને ભારત અને ચીન જેવા દેશોના યુવાનો માટે ગેમ-ચેન્જર સાબિત થઈ શકે છે.

ટ્રમ્પે આ કાર્ડને ગ્રીન કાર્ડ જેવું, પણ તેનાથી ઘણું સારું ગણાવતા કહ્યું કે, 'આ કાર્ડ વિદેશી પ્રતિભાને અમેરિકામાં રોકવામાં મદદ કરશે, સાથે જ અમેરિકન કંપનીઓને શ્રેષ્ઠ વૈશ્વિક કૌશલ્ય (ગ્લોબલ સ્કિલ)ની ભરતી કરવામાં સરળતા આપશે. આ જાહેરાત એવા સમયે આવી છે જ્યારે અમેરિકામાં હાઈ-સ્કિલ્ડ વર્કર્સની ભારે માંગ છે અને ટેક કંપનીઓ લાંબા સમયથી સરળ ઈમિગ્રેશન પ્રક્રિયાની માંગ કરી રહી હતી.ટ્રમ્પે દાવો કર્યો કે ગોલ્ડ કાર્ડથી અમેરિકન તિજોરીમાં દર વર્ષે અરબો ડોલરની આવક થશે, કારણ કે કંપનીઓએ આ કાર્ડ્સ ખરીદવા માટે મોટી રકમ ચૂકવવી પડશે. આ પૈસા સીધા અમેરિકાની તિજોરીમાં જશે.ટ્રમ્પના મતે, આ કાર્ડ અમેરિકન કંપનીઓને વધુ અધિકાર આપશે કે તેઓ વિદેશી વિદ્યાર્થીઓ અને કુશળ કામદારોને ગ્રેજ્યુએશન પછી તરત જ અમેરિકામાં રાખી શકે. વર્તમાનમાં, ઘણા પ્રતિભાશાળી યુવાનો અમેરિકામાં અભ્યાસ પૂર્ણ કર્યા પછી વિઝા રિન્યૂઅલ અથવા H-1Bની મર્યાદાઓને કારણે પોતાના દેશ પાછા ફરવા મજબૂર થાય છે. ટ્રમ્પે કહ્યું કે, 'એપલ જેવી મોટી કંપનીઓ આ મુદ્દે તેમની સાથે સતત વાત કરી રહી હતી. તેમનું કહેવું છે કે હવે આ સમસ્યા નહીં રહે. ટિમ કુક(એપલના સીઈઓ) સૌથી વધુ પરેશાન હતા અને હવે તે ખૂબ ખુશ થશે.




### ભારતીયો માટે અમેરિકન નાગરિકતા મોંઘી બની

જો કોઈ સામાન્ય ભારતીય આ કાર્ડ લેવા ઈચ્છે, તો તેણે $1 મિલિયન(લગભગ ૯ કરોડ રૂપિયા) ચૂકવવા પડશે. આ સંજોગોમાં, અમેરિકન નાગરિકતા મેળવવી સામાન્ય ભારતીયો માટે ખૂબ જ મોંઘી સાબિત થશે તેનાથી એવા કુશળ વ્યાવસાયિકોની મુશ્કેલીઓ વધી શકે છે, જેઓ પહેલાથી જ ગ્રીન કાર્ડ માટે વર્ષોથી રાહ જોઈ રહ્યા છે. વળી, અગાઉના EB-5 વિઝામાં લોકો લોન લઈ શકતા હતા અથવા પૈસા ભેગા કરીને રોકાણ કરી શકતા હતા, પરંતુ ગોલ્ડ કાર્ડ વિઝા માટે પૂરી રકમ એકસાથે રોકડમાં આપવી પડશે. આ જ કારણોસર મોટાભાગના ભારતીયો માટે આ કાર્ડ મેળવવો વધુ મુશ્કેલ બની જશે. ભારતીયો માટે હજી પણ H-1B વર્ક વિઝા સૌથી પસંદગીનો વિકલ્પ છે. H-1B વિઝા પર અમેરિકામાં કામ કરી રહેલા ભારતીયો પણ ગોલ્ડ કાર્ડ માટે અરજી કરી શકે છે.

# અમેરિકાની નીતિથી ભારત રશિયા તરફ વળ્યું

### વ્યૂહાત્મક ભાગીદારોને વિરોધીઓ તરફ ધકેલીને નોબેલ શાંતિ પુરસ્કાર ન મળે: અમેરિકન સંસદમાં નરેન્દ્ર મોદી અને પુતિનની તસવીર દર્શાવી ટ્રમ્પની ભારત વિરોધી નીતિની ટીકા કરી

વોશિંગ્ટન

ભારત સાથેના અમેરિકાના વર્તમાન સંબંધો અને નીતિનો અમેરિકાની સંસદમાં પડઘો પાડ્યો હતો.સાંસદે મોદી અને પુતિનની તસવીરવાળુ પોસ્ટર બતાવી ટ્રમ્પ વહીવટી તંત્રની ટીકા કરતા જણાવ્યું હતું કે અમેરિકાની હાલની નીતિથી ભારત રશિયા તરફ ઝૂકી રહ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન વચ્ચે તાજેતરમાં કારમાં બેસીને લેવાયેલી તસવીર અમેરિકાની સંસદમાં ચર્ચાનો વિષય બની છે. યુએસ કોંગ્રેસ સાંસદ સિડની કમલાગર-ડોવે વિદેશ નીતિ અંગેની ચર્ચા દરમિયાન આ તસવીરનું મોટું પોસ્ટર સંસદમાં પ્રદર્શિત કર્યું હતું, જેના દ્વારા તેમણે ટ્રમ્પ વહીવટીતંત્રની ભારત પ્રત્યેની નીતિની આકરી ટીકા કરી હતી.

કોંગ્રેસ સાંસદ કમલાગર-ડોવે ચેતવણી આપી હતી કે, હાલની યુએસ નીતિઓ ભારતને રશિયા તરફ ધકેલી રહી છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે 'આ પરિસ્થિતિ માટે ભારત નહીં, પણ અમેરિકાની નીતિઓ જવાબદાર છે. ટ્રમ્પ વહીવટીતંત્રની ભારત નીતિ સ્વ-નુકસાન સમાન છે. આ વ્યૂહરચનાએ બંને દેશો વચ્ચેના વ્યૂહાત્મક વિશ્વાસ અને સમજણને ગંભીર નુકસાન પહોંચાડ્યું છે. આ તસવીર હજાર શબ્દો જેટલું છે. તમે તમારા વ્યૂહાત્મક ભાગીદારોને વિરોધીઓ તરફ ધકેલીને નોબેલ શાંતિ પુરસ્કાર જીતી શકતા નથી.'તેમણે કહ્યું કે, 'અમેરિકાએ સમજવું પડશે કે દબાણ દ્વારા ભાગીદારી બનાવવા માટે કિંમત ચૂકવવી પડે છે અને આ નીતિ પર ગંભીરતાથી પુનર્વિચાર કરવાની જરૂર છે.'

# અમેરિકાના પગલે મેક્સિકો પણ એશિયન દેશો પર ટેરિફ બોમ્બ ફોડવા તૈયાર

### ભારત અને ચીન સહિત અનેક દેશો સામે ૫૦% ટેરિફ લાદવાનો પ્રસ્તાવ મેક્સિકો સેનેટમાં મંજૂર

નવીદિલ્હી,

વૈશ્વિક વેપાર જગતમાં ફરી એકવાર ટેરિફ યુદ્ધ શરૂ થવાના સંકેતો મળી રહ્યા છે. અમેરિકા દ્વારા વિવિધ દેશોના માલ પર ટેરિફ વધાર્યા બાદ હવે મેક્સિકોએ પણ મોટો નિર્ણય લીધો છે. મેક્સિકોએ ભારત અને ચીન સહિત અનેક એશિયન દેશોમાંથી આયાત થતા માલ પર ૫૦ ટકા સુધીના ઊંચા ટેરિફ લાદવાનો પ્રસ્તાવ સેનેટમાં મંજૂર કર્યો છે.

અહેવાલો અનુસાર, મેક્સિકો દ્વારા વધારવામાં આવેલા આ ટેરિફ આગામી વર્ષ ૨૦૨૬થી અમલમાં આવશે. આ નિર્ણયથી સૌથી વધુ પ્રભાવિત થનારા એશિયન દેશોમાં ભારત અને ચીન ઉપરાંત દક્ષિણ કોરિયા, થાઈલેન્ડ અને ઈન્ડોનેશિયાનો સમાવેશ થાય છે. મેક્સિકો આ દેશોમાંથી આયાત થતા ઓટો પાર્ટ્સ, કાપડ, સ્ટીલ અને અન્ય વસ્તુઓ પર ૫૦ ટકા સુધીનો ટેરિફ લાદશે. સેનેટ દ્વારા પસાર કરાયેલા પ્રસ્તાવ મુજબ, ઘણી વસ્તુઓ પર ટેરિફ વધારીને ૩૫ ટકા કરવામાં આવ્યો છે.સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા અને આયાત ઘટાડવાના ઉદ્દેશ્યથી મેક્સિકોએ આ પગલું ભર્યું છે. જો કે, આ નિર્ણય પાછળના અન્ય કારણો પણ સામે આવ્યા છે.

# અફઘાનિસ્તાન સામે દંડનીય પગલાં નહીં વ્યાવહારિક વાતચીત જરૂરી : ભારત

### સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ભારતે અફઘાનિસ્તાનનું સમર્થન કરી પાકિસ્તાનને આપ્યો તેની જ ભાષામાં જવાબ

નવી દિલ્હી

ભારતે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ફરી એકવાર પાકિસ્તાનને સખત ઠપકો આપ્યો છે. કાબુલ પર હવાઈ હુમલા અને વેપારમાં વિક્ષેપો માટે ભારતે પાકિસ્તાનની આકરી ટીકા કરી હતી.

ભારતે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં જણાવ્યું હતું કે, તાલિબાન સાથે વ્યવહારિક વાતચીતની જરૂર છે. ફક્ત દંડાત્મક પગલાં પર ધ્યાન કેન્દ્રિત કરવાથી અફઘાનિસ્તાનમાં પહેલા જેવી જ સ્થિતિ સર્જાશે. ભારતે જણાવ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય સમુદાયે એવા નીતિગત પગલાં અપનાવવા જોઈએ જે અફઘાન લોકોને કાયમી લાભ આપી શકે.

સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી પ્રતિનિધિ પી. હરીશે જણાવ્યું હતું કે, તાલિબાન સાથે વ્યવહારિક વાતચીત જરૂરી છે અને નીતિએ સકારાત્મક પગલાંને પ્રોત્સાહન આપવું જોઈએ. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ફક્ત દંડાત્મક પગલાં પર ધ્યાન કેન્દ્રિત કરવાથી છેલ્લા સાડા ચાર વર્ષમાં અનુભવાયેલી પરિસ્થિતિ જેવી પરિસ્થિતિ સર્જાશે. હરીશે અફઘાન લોકોની વિકાસ જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે ભારતની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.

# ગોવા અગ્નિકાંડ બાદ ફરાર થઈ ગયેલા લુથરા બ્રધર્સ થાઈલેન્ડમાંથી પકડાયા

### અગ્નિકાંડના મુખ્ય આરોપી ગૌરવ અને સૌરભને ભારત લાવવાની તૈયારી

ગોવા

ગોવાના એક નાઈટક્લબમાં ૬ ડિસેમ્બરની રાત્રે લાગેલી ભીષણ આગની ઘટના માટે જવાબદાર માનવામાં આવતા લૂથરા બ્રધર્સ – ગૌરવ અને સૌરભની થાઈલેન્ડમાં ધરપકડ કરવામાં આવી છે. ૨૫ લોકોના મોત થયા બાદ આ બંને ભાઈઓ દેશ છોડીને ભાગી ગયા હતા. હવે તેમને ભારત લાવવા માટે પ્રત્યાર્પણની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે, જેથી તેમની સામે ભારતમાં કાયદાકીય પ્રક્રિયા ચાલી શકે.

આ અગ્નિકાંડ પછી તરત જ લૂથરા બ્રધર્સ દેશ છોડીને ભાગી ગયા હતા. આ પછી તેમની ધરપકડ માટે સીબીઆઈએ ઈન્ટરપોલ પાસેથી બ્લુ કોર્નર નોટિસ જારી કરાવી હતી. એવી ચર્ચા હતી કે આ બંને થાઈલેન્ડમાં છુપાયેલા છે, અને આખરે તપાસ એજન્સીઓએ તેમને ત્યાંથી ઝડપી પાડ્યા છે. ગોવા પોલીસની તપાસ મુજબ, જ્યારે બચાવ દળ આગ બુઝાવવામાં વ્યસ્ત હતું અને લોકોના મૃતદેહો બળી રહ્યા હતા, ત્યારે આ બંને ભાઈઓએ ફ્લાઈટ બુક કરાવી અને દેશ છોડીને ભાગી ગયા હતા. બંને ભાઈઓ દ્વારા ધરપકડથી બચવા માટે દિલ્હીની એક અદાલતમાં અરજી દાખલ કરવામાં આવી હતી, પરંતુ કોર્ટે તેમને રાહત આપવાનો ઈનકાર કર્યો હતો. તેમના વકીલે દલીલ કરી હતી કે લૂથરા બ્રધર્સ દેશ છોડીને ભાગ્યા નથી, પરંતુ બિઝનેસ ટ્રિપ પર ગયા છે.

# રાજસ્થાનમાં ઈથેનોલ ફેક્ટરી સામેનું ખેડૂતોનું આંદોલન હિંસક બન્યું

### ખેડૂતોએ MLAનું માથું ફોડ્યુંઃ રાજસ્થાનમાં તંગદિલી, ઇન્ટરનેટ સેવાઓ સ્થગિત

હનુમાનગઢ

રાજસ્થાનના હનુમાનગઢ જિલ્લામાં એક ઈથેનોલ ફેક્ટરીના નિર્માણ વિરુદ્ધ ખેડૂતોનો વિરોધ આખરે હિંસક રૂપ લીધું છે. ટિબ્બી વિસ્તારના રાઠીખેડા ગામમાં બની રહેલા ડ્યૂન ઈથેનોલ પ્રાઈવેટ લિમિટેડ પ્લાન્ટને લઈને લાંબા સમયથી આંદોલન ચાલી રહ્યું છે. આ આંદોલન બુધવારે હિંસામાં પર્વતિત થઈ ચૂક્યું હતું.

ખેડૂતોના ટોળાએ ફેક્ટરીની દિવાલ તોડી પાડ્યા બાદ પરિસ્થિતિ એટલી હદે વણસી કે પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે જોરદાર પથ્થરમારો અને આગચંપી થઈ. આ હિંસક ઝપાઝપીમાં કોંગ્રેસના ધારાસભ્ય અભિમન્યુ પૂનિયા સહિત ૫૦થી વધુ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે, અને ગુસ્સે ભરાયેલા ખેડૂતોએ ૧૪ જેટલા વાહનોને આગ ચાંપી દીધી હતી.

સૂત્રોની જાણકારી પ્રમાણે બુધવારે સાંજે જ્યારે સેંકડો ખેડૂતો ટ્રેક્ટર પર સવાર થઈને અચાનક ફેક્ટરી સાઈટ પર પહોંચ્યા અને દિવાલ તોડી પાડી, ત્યારે પરિસ્થિતિ નિયંત્રણ બહાર જતી રહી. પોલીસે તેમને રોકવાનો પ્રયાસ કર્યો, પરંતુ પ્રદર્શનકારીઓ દ્વારા પથ્થરમારો શરૂ થતાં પોલીસે જવાબમાં લાઠીચાર્જ કરવો પડ્યો અને ટીયર ગેસના ગોળા છોડવા પડ્યા. આ ભીષણ અથડામણમાં મોટી સંખ્યામાં લોકો ઘાયલ થયા હતા.

પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે ટિબ્બી કસ્બા અને આસપાસના ગામોમાં ઈન્ટરનેટ સેવાઓ બંધ કરી દેવામાં આવી છે. આ વિસ્તારમાં કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી છે અને શાળાઓ-કોલેજો બંધ રાખવામાં આવ્યા છે. વહીવટીતંત્ર સતત પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે.

રાઠીખેડામાં ૪૦ મેગાવોટનો અનાજ આધારિત ઈથેનોલ પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવી રહ્યો છે, જેનું નિર્માણ ચંદીગઢ સ્થિત ડ્યૂન ઈથેનોલ પ્રાઈવેટ લિમિટેડ કંપની કરી રહી છે. કંપનીનો દાવો છે કે આ પ્રોજેક્ટ કેન્દ્ર સરકારના ઈથેનોલ બ્લેન્ડેડ પેટ્રોલ કાર્યક્રમને ટેકો આપશે. જોકે, વિવાદનું મૂળ એ છે કે આ પ્લાન્ટની પર્યાવરણ મંજૂરી માટેની અરજી વર્ષ ૨૦૨૨થી પેન્ડિંગ છે.

ખેડૂતો અને ગ્રામજનોનો મુખ્ય આરોપ છે કે પર્યાવરણીય મંજૂરી વિના જ બાંધકામ શરૂ કરી દેવામાં આવ્યું છે. તેઓ પર્યાવરણીય અસર, પ્રદૂષણ અને ભૂગર્ભ જળ પર પડનારા નકારાત્મક પ્રભાવને લઈને ચિંતિત છે અને તેમની આ ચિંતાઓને વહીવટીતંત્ર દ્વારા અવગણવામાં આવી રહી હોવાનું તેમનું કહેવું છે.

ખેડૂતોએ બુધવારે બપોરે ટિબ્બી જીલ્ડ્સ ઓફિસ બહાર એક સભા યોજી હતી અને પ્લાન્ટનાં કામ રોકવા માટે વહીવટીતંત્ર પાસેથી લેખિત બાંયધરીની માંગ કરી હતી. કોંગ્રેસ નેતા શબનમ ગોદારાએ જિલ્લા પ્રશાસન પર આરોપ લગાવ્યો છે કે તેમની ગંભીરતાના અભાવે જ સ્થિતિ વણસી છે.

# ચૂંટણી પંચની આજે મહત્વની બેઠકમાં SIR મામલે થશે ચર્ચા

### બેઠકમાં ૧૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં SIRની સમયમર્યાદા લંબાવવામાં આવે તેવી શક્યતા

નવીદિલ્હી,

ચૂંટણી પંચ આજે ખાસ સઘન પુનરાવર્તન (SIR) પ્રક્રિયા પર એક મહત્વપૂર્ણ બેઠક યોજશે. અહેવાલો અનુસાર, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળ સહિત અનેક રાજ્યોમાં મતદાર યાદી સુધારણાનું કાર્ય સમયપત્રક કરતાં પાછળ રહી ગયું હોવાના અહેવાલ છે. પરિણામે, કમિશન આ રાજ્યો માટે સમયમર્યાદા લંબાવવાનું વિચારી શકે છે. કમિશન માને છે કે વધુ સચોટ મતદાર યાદીઓ સુનિશ્ચિત કરવી એ પ્રાથમિકતા છે, તેથી વધારાનો સમય જરૂરી હોઈ શકે છે.




ઉત્તર પ્રદેશના મુખ્ય ચૂંટણી અધિકારી નવદીપ રિનવાએ બુધવારે જણાવ્યું હતું કે રાજ્યએ ભારતના ચૂંટણી પંચને મતદાર યાદીઓના ખાસ સઘન પુનરાવર્તન (SIR) પૂર્ણ કરવા માટે વધુ બે અઠવાડિયાની વિનંતી કરી છે. એક અખબારી નિવેદનમાં, નવદીપ રિનવાએ જણાવ્યું હતું કે જિલ્લા ચૂંટણી અધિકારીઓ મૃત મતદારો, સ્થળાંતર કરનારા મતદારો અને ગુમ થયેલા મતદારોની એન્ટ્રીઓની ફરીથી ચકાસણી કરી શકે તે માટે આ મુદત લંબાવવાની માંગ કરવામાં આવી હતી. તેમના મતે, અત્યાર સુધીમાં ૯૯.૨૪ ટકા વસ્તી ગણતરી ફોર્મ ડિજિટલાઈઝ્ડ કરવામાં આવ્યા છે.

રાજ્યભરમાં ૪ નવેમ્બરથી SIR કવાયત ચાલી રહી છે.

ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલા સુધારેલા સમયપત્રક મુજબ, બૂથ-સ્તરના અધિકારીઓ દ્વારા ઘરે-ઘરે જઈને ગણતરી આજે, ૧૧ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ પૂર્ણ થશે. ડ્રાફ્ટ મતદાર યાદી ૧૬ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ પ્રકાશિત કરવામાં આવશે, ત્યારબાદ નાગરિકો ૧૬ ડિસેમ્બર, ૨૦૨૫ થી ૧૫ જાન્યુઆરી, ૨૦૨૬ ની વચ્ચે દાવા અને વાંધા નોંધાવી શકશે. દાવાઓ અને વાંધાઓનો નિકાલ અને ખાસ ચકાસણી ઝુંબેશ ૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી ચાલુ રહેશે, અને મતદાન મથકોનું તર્કસંગતકરણ પણ તે જ તારીખ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.

અંતિમ મતદાર યાદી ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ પ્રકાશિત કરવામાં આવશે.

# લોકસભામાં તૃણમૂલ કોંગ્રેસના સાંસદે ઈ સિગારેટ સળગાવી હોવાનો આક્ષેપ

### અનુરાગ ઠાકુરની રજૂઆત બાદ સ્પીકરે તપાસ કરવાની ખાતરી આપી

નવી દિલ્હી

લોકસભા ગૃહમાં તૃણમૂલ કોંગ્રસના સાંસદે ઈ-સિગારેટ સળગાવવાનો મામલો પ્રકાશમાં આવ્યો છે. લોકસભામાં એક ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રીએ તૃણમૂલ કોંગ્રેસના સાંસદ પર ઈ-સિગારેટ પીવાનો આરોપ લગાવ્યો હતો. અનુરાગ ઠાકુરના આ નિવેદન પર સ્પીકર ઓમ બિરલાએ કહ્યું કે, તેઓ આ ઘટનાની યોગ્ય તપાસ કરાવશે.

આજે લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન, ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે તૃણમૂલ કોંગ્રેસના સાંસદ પર ગંભીર આરોપો લગાવ્યા હતા. અનુરાગ ઠાકુરે સ્પીકર ઓમ બિરલાને આ બાબતને ગંભીરતાથી લેવા અને તપાસ કરાવવા કહ્યું હતું. આ અંગે, સ્પીકરે તેમને ખાતરી આપી કે નિયમોનું કોઈપણ પ્રકારનું ઉલ્લંઘન સહન કરવામાં આવશે નહીં. ગૃહના નિયમો અનુસાર યોગ્ય તપાસ કરવામાં આવશે. સ્પીકર ઓમ બિરલાએ કહ્યું કે, આ ઘટનાની સંસદીય નિયમો અનુસાર તપાસ કરવામાં આવશે. તેમણે ખાતરી આપી કે સંસદની શિષ્ટાચાર સાથે કોઈપણ પ્રકારની છેડછાડ સહન કરવામાં આવશે નહીં. નોંધનીય છે કે ભારતમાં ઈ-સિગારેટ પર સંપૂર્ણ પ્રતિબંધ છે. ભારતમાં ઈ-સિગારેટના ઉત્પાદન, વેચાણ, આયાત, નિકાસ કે જાહેરાત પર પ્રતિબંધ છે તથા આવું કરવા પર દંડ તથા જેલની સજાની જોગવાઈ છે.

CMYK

# ગુજરાતના સાંસદો ટીબી-મુક્ત ભારત માટે એક થયા : કેન્દ્રીય આરોગ્ય મંત્રીએ મજબૂત પાયાના સ્તરે કાર્યવાહી માટે હાકલ કરી

## ભારત ટીબી સામે વૈશ્વિક લડાઈનું નેતૃત્વ કરે છે; ગુજરાતના સાંસદોએ મતવિસ્તાર-સ્તરની કાર્યવાહી ઝડપી બનાવવાનો સંકલ્પ લીધો




અમદાવાદ,
કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી, જગત પ્રકાશ નડ્ડાએ આજે ?'ટીબી-મુક્ત ભારત' માટેના રાષ્ટ્રીય મિશનને આગળ વધારવા માટે ગુજરાતના સાંસદસભ્યો (સાંસદો) સાથે સઘન વ્યૂહરચના અંગે સંવાદ કર્યો હતો. "ટીબી મુક્ત ભારતના ચેમ્પિયન બનતા સંસદસભ્યો" પહેલ હેઠળ આયોજિત આ વાર્તાલાપ સંસદના શિયાળુ સત્રની સાથે- સાથે ગરવી ગુજરાત ભવન ખાતે યોજાયો હતો.આજના સત્રમાં ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયના રાજ્યમંત્રી મતી નિમુબેન બાંભણિયા અને ગુજરાતનું પ્રતિનિધિત્વ કરતા બંને ગૃહોના સાંસદો ઉપસ્થિત રહ્યા હતા. સાંસદોને સંબોધતા, નડ્ડાએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ ક્ષય રોગ સામેની લડાઈમાં ભારતની નોંધપાત્ર પ્રગતિ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે નોંધ્યું કે દેશે ૨૦૧૫ થી ૨૦૨૪ દરમિયાન ટીબીના કેસમાં આશરે ૨૧% ઘટાડો હાંસલ કર્યો છે, સાથે જ સારવાર સફળતા દર લગભગ ૯૦% છે, જે તાજેતરના WHO મૂલ્યાંકનોમાં પ્રતિબિંબિત વૈશ્વિક સરેરાશ કરતાં પણ વધુ છે.કેન્દ્રીય મંત્રીએ ભાર મૂક્યો કે ગુજરાત - તેની મજબૂત આરોગ્ય પ્રણાલીઓ, નવીનતાઓનો ઝડપી સ્વીકાર અને મજબૂત કાર્યક્રમ માલિકીને કારણે - આગામી પેઢીના ટીબી નાબૂદી વ્યૂહરચનાઓ લાગુ કરવામાં અગ્રણી રાજ્ય તરીકે ઉભરી આવવાની ક્ષમતા ધરાવે છે. નડ્ડાએ સાંસદોને ટીબી જાગૃતિને ચાલુ જન સંપર્ક પહેલ, સ્થાનિક મીડિયા આઉટરીચ અને જાહેર કાર્યક્રમો સાથે સાંકળવા વિનંતી કરી જેથી કલંકનો સામનો કરી શકાય અને લોકોને વહેલા પરીક્ષણ અને સારવાર મેળવવા માટે પ્રોત્સાહિત કરી શકાય. મંત્રીએ ટીબીની સારવાર લઈ રહેલા વ્યક્તિઓ માટે પોષણ, કાઉન્સેલિંગ અને કલ્યાણ-જોડાણ સહિત સતત સમુદાય સમર્થન સુનિશ્ચિત કરવા માટે મતવિસ્તાર-સ્તરના નિક્ષય શિબિરોના સંગઠન અને નિક્ષય મિત્ર નેટવર્કના વિસ્તરણને વધુ પ્રોત્સાહન આપ્યું હતું.કેન્દ્રીય આરોગ્ય સચિવ મતી પુણ્ય સલિલા વાસ્તવે સાંસદોને સમુદાય-કેન્દ્રિત સ્ક્રીનીંગ, ઉન્નત ટેક-સક્ષમ દેખરેખ અને પોષણ સહાયના મહત્વપૂર્ણ મહત્વ જેવા ઉભરતા નીતિ નિર્દેશો વિશે માહિતી આપી હતી. રાષ્ટ્રીય આરોગ્ય મિશનના અધિક સચિવ અને મિશન ડિરેક્ટર, મતી. આરાધના પટનાયકે ટીબી મુક્ત ભારત અભિયાન હેઠળ પ્રગતિના અપડેટ્સ રજૂ કર્યા અને ટીબી મુક્ત ભારતમાં રાજ્યના યોગદાનને વેગ આપવા માટે મજબૂત સંસદીય જોડાણની મુખ્ય ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો.

# સુરત : વૃદ્ધ મહિલા સાથે જમીન સોદો કરવાને બહાને ૫૯.૬૧ કરોડની છેતરપિંડી

## સોદા પેટે ચૂકવવાના કરોડો રૂપિયાના બદલે આરોપીએ માત્ર રૂ. ૨૧ હજાર આપી જમીન પર કબજો કરવાની ચાલ ચલાવી

સુરત,
શહેરમાં જમીન સોદાના નામે થયેલી એક મોટાપાયે છેતરપિંડીનો પર્દાફાશ થયો છે. સિટીલાઈટ વિસ્તારમાં રહેતી અંજનાબેન કાંતિલાલ શાહ નામની વૃદ્ધા સાથે જમીનના સોદા પેટે રૂ. ૫૯.૬૧ કરોડની છેતરપિંડી આચરવા બદલ સંજય અધેરા નામના શખ્સને પોલીસે ઝડપી લીધો છે. લોભામણી વાતો કરી ૫૯.૬૧ કરોડનો સોદો કરાવાયો. મળતી માહિતી મુજબ અંજનાબેનની સુરત જિલ્લાના ચોર્યાસી સબ-ડિસ્ટ્રીક્ટ મોજે આભવા ખાતે રે.સ.નં.-૫૦૯, હિસ્સા નં-૧૨ નંબરની કિંમતી જમીન આવેલી છે. આ જમીન અંગે સંજય અધેરાએ વૃદ્ધાને લોભામણી વાતો કરી, અને જમીનની કુલ કિંમત રૂ. ૫૯,૬૧,૦૦,૦૦૦ નક્કી કરીને વેચાણ સોદો કરાવ્યો હતો. સાથે જ ૨૧ હજાર રૂપિયા પણ આપ્યા હતા. સોદા પેટે ચૂકવવાના કરોડો રૂપિયા આપવા બદલે આરોપીએ માત્ર રૂ. ૨૧ હજાર આપી, જમીન પર કબજો કરવાની ચાલ ચલાવી હતી. તપાસ મુજબ સંજય અધેરાએ ગત તા. ૧ મે ૨૦૨૫ના રોજ રૂ. ૭.૧૧ લાખનો સાટાખત અને કબજા કરાર બનાવી લીધો હતો. કરાર થતા જ આરોપી ગાયબ થઈ ગયો કે તેનો ફોન પણ બંધ આવવા લાગ્યો.

વૃદ્ધાએ પૈસાની માંગણી કરી ત્યારે સંજય અધેરાએ તેમને "જે થાય તે કરી દેજે" એવી ધમકી આપી વધુ ત્રાસ આપ્યો હતો. બાદમાં સંપર્ક થતા સંજય અધેરા સતત નવા નવા બહાના બનાવતો અને પૈસા ચૂકવતો નહોતો. લાંબા સમયથી ચાલતા આ છેતરપિંડી કેસમાં અંતે અંજનાબેન કાંતિલાલ શાહે પોલીસમાં લેખિત ફરિયાદ નોંધાવી હતી. તપાસ દરમિયાન સમગ્ર સોદા સંબંધિત દસ્તાવેજો, કબજા કરાર તથા ચુકવણીના પુરાવા પ્રાપ્ત થતા પોલીસે સંજય અધેરાની ધરપકડ કરી આગળની પૂછપરછ શરૂ કરી છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું કે સંજય અધેરાએ બહેતર કાગળપત્રો અને આકર્ષક વચનો દ્વારા વૃદ્ધા પાસે ૫૯.૬૧ કરોડની જમીનના માત્ર ૨૧ હજાર રૂપિયામાં પચાવી પાડવાનો પ્રયાસ કર્યો હતો. આ સમગ્ર સોદા પાછળ સંજય અધેરાની સુયોજિત યોજના હોવાનું પોલીસે જણાવ્યું છે, કે સંદેહિત વ્યવહાર અને કરારની પ્રક્રિયા જોતા પોલીસે આશંકા વ્યક્ત કરી છે કે આ ગોટાળા પાછળ વધુ લોકો સામેલ હોઈ શકે છે.

# ગાંધીનગરમાં CMની અધ્યક્ષતામાં મહત્વપૂર્ણ કેબિનેટ બેઠક મળી

ગાંધીનગર
ગાંધીનગરમાં આજે મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં કેબિનેટની મહત્વપૂર્ણ બેઠક મળી હતી. જેમાં રાજ્યના ખેડૂતો, વેપારીઓ અને નાગરિકોને અસર કરતા અનેક મહત્વના મુદ્દા પર ચર્ચા કરવામાં આવી હતી, ત્યારે કેબિનેટ બેઠક બાદ સરકારના મહત્ત્વના અને ઐતિહાસિક નિર્ણયો અંગે માહિતી આપતા પ્રવકતા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ય્ઁ ઓફિસના ઉદ્ઘાટન અંગે ખાસ સમીક્ષા કરી છે. રાજ્યના ઉત્તર, મધ્ય, દક્ષિણ, સૌરાષ્ટ્ર અને દરિયાઈ વિસ્તાર માટે રીજનલ અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે. જિલ્લાની જરૂરિયાતોને અનુરૂપ ઝોનલ

## બેઠકમાં આવનારા બજેટ માટે નવી યોજનાઓ અને નીતિઓનો સમાવેશ કરવા ચર્ચા

અધિકારીઓની પણ નિમણૂક થઈ છે. જે વિકાસ સંબંધિત કામગીરીનું મોનિટરિંગ કરશે. રાજ્યની ૧૪ જનરલ હોસ્પિટલમાં રેનબસેરા બનાવવા માટે કેબિનેટમાં જમીન આપવા મંજૂરી આપાઈ છે અને સેવાદાન ફાઉન્ડેશન દ્વારા આ રેનબસેરા બનાવવામાં આવશે. શિક્ષણની ગુણવત્તા સુધારવા ઝસ્એ મુખ્ય સચિવને સ્પષ્ટ સૂચનાઓ આપી હોવાનું વાઘાણીએ જણાવ્યું હતું કે, આવનારા બજેટ માટે નવી યોજનાઓ અને નીતિઓનો સમાવેશ કરવા ચર્ચા થઈ. કોણપણ વિભાગની પોલિસી પૂરી થાય ત્યારે માત્ર ૬ મહિનામાં નવી પોલિસી તૈયાર કરવાની સૂચના વિભાગના વડાઓને આપવામાં આવી છે. રાજ્યમાં કેટલાક મંત્રીઓની ખાસ પરામર્શ સમિતિ રચાઈ છે. જેમાં મુખ્યમંત્રી અધ્યક્ષ સ્થાને અને હર્ષ સંઘવી, અર્જૂન મોઢવાડિયા, જીતુ વાઘાણી અને ઋષિકેશ પટેલ સભ્ય તરીકે રહેશે. નાગરિક હિતના મુદ્દા અને વિકાસ કામો મુખ્યમંત્રી સમક્ષ રજૂ કરવામાં આવશે.

સુભાષ બ્રિજ અંગે તેમણે જણાવ્યું હતું કે, ટેક્નિકલ નિષ્ણાતોની ટીમ નિરીક્ષણ કર્યું જેમાં ફૂટપાથમાં તિરાડો જોવા મળી છે. ૨૫ ડિસેમ્બર સુધી સુભાષ બ્રિજ બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. મનરેગા જોબકાર્ડ ૨૬ કરવા બાબતે વાઘાણીએ જણાવ્યું હતું કે, મનરેગામાં ટેકનિકલ ઉપયોગ વધારવામાં આવ્યો છે. ી્દ્બરૂઝ અને રી-વેરિફિકેશન મહત્વના પાસા છે. સંકલિત ડેટા માટે મુખ્યમંત્રીએ સુચના આપી છે. અત્યાર સુધી ૩૧૩૦ કરોડની પાક નુકસાન સહાય ખેડૂતોને મળી ગઈ છે. પોર્ટલ અપગ્રેડ થવાથી ચૂકવણી ઝડપથી થઈ રહી છે. આવતા ૨૦ દિવસમાં ૧૧ હજારથી વધુ ખેડૂતોના ખાતામાં રકમ જમા થશે.

# મહેસાણા જિલ્લામાં ખનિજચોરીનો ધીકતો કારોબાર ૧.૨૫ કરોડની ખનિજ ચોરી કરતા ૪ ડમ્પર ઝડપાયા



મહેસાણા
મહેસાણા જિલ્લામાં પેટ્રોલિંગ દરમિયાન ખનિજ અધિકારીઓએ સુંઢિયા, લાડોલ,નુગર નજીક ખનિજચોરી જતાં ચાર ડમ્પર ઝડપી લઈ તેના વાહન માલિકો સામે દંડનીય કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં ગ્રેવલ ખનિજચોરીના વાહનમાલિકને રૂ. ૩.૮૧ લાખનો દંડ ફટકારી તેની રીકવરી કરી ગાડી મુક્ત કરવામાં આવી હતી. વડનગર તાલુકાના સુંઢિયા ગામ નજીક ગઈકાલે પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે મહેસાણા જિલ્લા ભૂસ્તર તંત્રની ટીમે ગેરકાયદે ડસ્ટ બ્લેક ટ્રેપનો જથ્થો ભરી જતાં એક ડમ્પરને ઝડપી લઈ આગળની કાર્યવાહી માટે વડનગર પોલીસ સ્ટેશનમાં મુકાવી દીધો હતો.

વિજાપુરના લાડોલ રોડ પરથી અનધિકૃતરીતે ગ્રેવલ ખનિજ ચોરી જતાં એક ડમ્પર ટ્રકને ઝડપી લીધો હતો. જેના વાહન માલિકને ભૂસ્તર તંત્રએ રૂ. ૩.૮૧ લાખનો દંડ ફટકારી તેની ઓનલાઈન વસુલાત કરી ગાડી છોડી મૂકી હતી. તેમજ મહેસાણાના નુગર બાયપાસ રોડ પરથી રોયલ્ટી પરમીટ વગર રેતી ભરી જતાં બે ડમ્પર ઝડપી લઈ નુગર સ્ટોકયાર્ડમાં મૂકી તેના વાહન માલિકો સામે દંડનાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આમ મહેસાણા ભૂસ્તર ટીમે આશરે સવા કરોડના ચાર ડમ્પરને ખનિજચોરીમાં ઝડપી લીધાં હતા. જેમાંના લાડોલ પાસેથી પકડાયેલાં ડમ્પર માલિક પાસેથી રૂ. ૩.૮૧ લાખનો દંડ વસુલ કરવામાં આવ્યો હોવાનું રોયલ્ટી ઓફિસરે જણાવ્યું હતું.

## પાર્ક મેડી વર્લ્ડ લિમિટેડનો ઈશ્યુ ૧૦ ડિસેમ્બરે ખુલી ગયો છે



પાર્ક મેડી વર્લ્ડ લિમિટેડનો ઈશ્યૂ ૧૦ ડિસેમ્બરના રોજ ખૂલી ગયો છે. ઓફરની પ્રાઈઝ બેન્ડ ઈકવિટી શેર દીઠ રૂ ૧૫૪થી રૂ ૧૬૨ રાખવામાં આવી છે.બીડ્ અરજી ૯૨ ઈકવિટી શેર અને ત્યારબાદ ૯૨ ઈકવિટી શેરના ગુણાંકમાં કરી શકાશે. ઈશ્યૂ ૧૦ ડિસેમ્બરના રોજ ખુલશે અને ૧૨ ડિસેમ્બરના રોજ બંધ થશે.

# ચકચારી ગેંગરેપ કેસમાં કોર્ટનો ઐતિહાસિક ચુકાદો

## સગીરાના ભોળપણનો લાભ લઈને હેવાનિયત આચરનાર ત્રણ નરાધમોને છેલ્લા શ્વાસ સુધીની કેદ

ગાંધીનગર
ગાંધીનગર જિલ્લાના સાંતેજ પોલીસ મથકની હદ વિસ્તારમાં આઠેક વર્ષ અગાઉ ૧૭ વર્ષીય સગીરાનું અપહરણ અને ગેંગરેપની ઘટનાએ ચકચાર મચાવી દીધી હતી. જે કેસ કલોલ સ્પેશિયલ કોર્ટે માં ચાલી જતા પાંચમાં સેશન્સ જજ બી.આર.રાજપૂતે મુખ્ય ત્રણ આરોપીઓને તકસીરવાન ઠરાવી છેલ્લા શ્વાસ સુધી આજીવન કેદની સજા તેમજ પીડિતાને પાંચ લાખનું વળતર ચૂકવવાનો ઐતિહાસિક હુકમ ફરમાવ્યો છે. કલોલના સાંતેજ પોલીસ મથકની હદ વિસ્તારમાં રહેતી ૧૭ વર્ષીય સગીરાને સ્કૂલ અભ્યાસ દરમિયાન મૂળ કરશન પુરા ગામના વતની અને શેરીસામાં રહેતા વિપુલ સેંધાજી ઠાકોર સાથે ગાઢ સંબંધો હતો. આથી અગાઉથી નક્કી થયા મુજબ વિપુલ તા.૧૧ જુલાઈ ૨૦૧૮ના રોજ સગીરાને બાઈક ઉપર બેસાડી સઈજ ગામે તેના મિત્ર રમેશજી ઠાકોર ખેતરમાં લઈ ગયો હતો. જોકે એ વખતે રમેશ ત્યાં હાજર ન હતો. આથી બંને જણા ખેતરમાં તેની રાહ જોઈ રહ્યા હતા. આ દરમિયાન અંધારાનો લાભ ઉઠાવી વિપુલે સગીરા પર દુષ્કર્મ આચર્યું હતું.

આ ઘટનાથી ગભરાઈ ગયેલી સગીરા રડવા લાગતા વિપુલે ધાક ધમકીઓ આપી સગીરાને ચૂપ કરાવી દીધી હતી. બાદમાં સગીરાને શેરીસા મોટી કેનાલ ઉતારીને વિપુલ મોટી ભોયણ જવાનું કહીને રવાના થઈ ગયો હતો. એ વખતે વિપુલે સગીરાનો મોબાઈલ અને દુપટ્ટો પણ લઈ લીધો હતો. આથી સુમસાન વિસ્તારમાં કણસતી હાલતમાં એકલી પડી ગયેલી સગીરા રડવા માંડી હતી. એ સમયે એક ફોરવ્હીલ કારને હાથથી ઈશારો કરીને સગીરાએ ઉભી રખાવી હતી. કારમાં સવાર કાકાને પોતાની કહાની વર્ણવી રહી હતી. એ દરમિયાન બે બાઈક ઉપર કુલ પાંચ ઈસમો ત્યાં પહોંચ્યા હતા અને કાર માં સવાર કાકાને જવાનું કહી સગીરાને દવાખાને લઈ જવાની વાત કરી હતી. જેથી કાર લઈને કાકા ત્યાંથી નીકળી ગયા હતા. બાદમાં પાંચેય જણા સગીરાને બાઈક ઉપર બેસાડી એક નાળિયામાં લઈ ગયા હતા. જ્યાં શેરીસા ગામના અરવિંદ મેલાજી ઠાકોર(ઉં ૨૪), બળદેવ ઉર્ફે પપ્પુ ઉર્ફે ભાણો રમણજી ઠાકોર(ઉં ૨૪) તેમજ એક બાળ આરોપીએ સગીરા સાથે શારીરિક અડપલા કર્યા હતા.

# અમદાવાદમાં કફ સિરપના ગેરકાયદેસર વેચાણ સામે તંત્ર સક્રિય : ૮ મેડિકલ સ્ટોર્સ પર દરોડા

## ૫ મેડિકલ સ્ટોર્સમાં રજીસ્ટર્ડ ફાર્માસીસ્ટની ગેરહાજરીમાં કફ સીરપ દવાનું વેચાણ કરવામાં આવતું હતું

અમદાવાદ,
અમદાવાદ ખાતે આવેલા વિવિધ ૮ જેટલા મેડિકલ સ્ટોર્સની આકસ્મિક તપાસ કરવામાં આવી હતી. જેમાં ઘાટલોડીયામાં આવેલી એપોલો ફાર્મસી અને ક્રિષ્ના મેડિકલ, સેટેલાઇટની સોલક્યોર ફાર્મસી, નમનીધી ફાર્મા, નમઃ વેલનેસ અને નટરાજ મેડિકલ સ્ટોર્સ તેમજ એપોલો ફાર્મસી, વેજલપુર અને એપોલો ફાર્મસી, પ્રહલાદનગરનો સમાવેશ થાય છે.

રાજ્યની જાહેર જનતાને જીવન જરૂરી દવાઓ શુદ્ધ અને ગુણવત્તાયુક્ત મળી રહે તે માટે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ખૂબ સતર્કતાપૂર્વક કામગીરી કરીને કાયદાનું ઉલ્લંઘન કરનાર ઈસમો સામે કડકમાં કડક પગલાં ભરવામાં આવી રહ્યા છે.

ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શન વગર વેચાણ કરતાં આ ૮ મેડિકલ સ્ટોર્સ પૈકી ૫ મેડિકલ સ્ટોર્સમાં રજીસ્ટર્ડ ફાર્માસીસ્ટની ગેરહાજરીમાં કફ સીરપ દવાનું વેચાણ કરવામાં આવતું હતું. બાકીના અન્ય ૩ મેડિકલ સ્ટોર્સ પૈકી ૨ મેડિકલ સ્ટોર્સ ખાતે રજીસ્ટર્ડ ફાર્માસીસ્ટ હાજર હતા અને કફ સીરપ દવાનું વેચાણ કરતાં હતા. જ્યારે બાકીના ૧ મેડિકલ સ્ટોર્સ તપાસ સમયે બંધ માલૂમ પડયા હતા. આથી ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા આ તમામ ૮ મેડિકલ સ્ટોર્સને કારણદર્શક નોટીસ આપીને તાત્કાલીક ખુલાસો કરવાં જણાવવામાં આવ્યું છે. મેડિકલ સ્ટોર્સના ખુલાસા આવ્યા બાદ તંત્ર દ્વારા નિયમોનુસાર કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે.

# સુરત ટેક્સટાઈલ માર્કેટમાં આગ કાબૂમાં આવ્યા બાદ ફરી લાગી

સુરત
સુરતના પર્વત પાટિયા વિસ્તારમાં આવેલી રાજ ટેક્સટાઈલ માર્કેટમાં આજે સવારે ૭ વાગ્યાના અરસામાં લાગેલી આગ કાબૂમાં આવ્યા બાદ ફરી લાગતાં વેપારીઓમાં દોડધામ મચી છે. ટેક્સટાઈલ માર્કેટના ગ્રાઉન્ડ ફ્લોર પર લિફ્ટમાં આગ લાગ્યા બાદ સાતમા માળ સુધી ફેલાઈ હતી. એના કારણે ફાયરબ્રિગેડ કોલ જાહેર કર્યો હતો. ૧૧ વાગ્યાના અરસામાં આગ પર કાબૂ મેળવી કૂલિંગની કામગીરી ચાલી રહી હતી ત્યારે જ બે દુકાનમાં ફરી આગ ચાલુ થતાં ફાયરે આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો હાથ ધર્યા છે. આગને કાબૂમાં લેવાની કામગીરી દરમિયાન ૩ ફાયર જવાનોને ગૂંગળામણ થતાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે, જ્યારે એક માર્શલ પણ ઈજાગ્રસ્ત થયા છે. આગમાં વેપારીઓના લાખો રૂપિયાના માલનું નુકસાન થયાની આશંકા વ્યકત કરવામાં આવી રહી છે, જોકે નુકસાનીનો ચોક્કસ આંક તો આગ પર સંપૂર્ણ કાબૂ મેળવાયા બાદ જ સામે આવી શકશે. પ્રાથમિક અંદાજ ૧૦થી ૧૨ કરોડનો લગાવવામાં આવ્યો છે. સવારે સાત વાગ્યે રાજ ટેક્સટાઈલ માર્કેટમાં આગની ઘટના સમગ્ર શહેરમાં વાયુવેગે પ્રસરી જવા પામી હતી. ઘટના અંગે જાણ થતાં જ માર્કેટનાં વેપારીઓ અને કર્મચારીઓ તાત્કાલિક માર્કેટ તરફ ધસી ગયા હતા. એક તબક્કે આગની જવાળાઓ ત્રણથી ચાર કિલોમીટર દુર સુધી દેખાતાં વેપારીઓનો જીવ પણ તાળવે ચોંટ્યો હતો. કરોડો રૂપિયાનાં નુકસાનની આશંકાઓ વચ્ચે સવારથી જ વેપારીઓની સાથે-સાથે કર્મચારીઓ પણ માર્કેટ પરિસર અને આસપાસ ટોળે વળીને ઉભા છે.

આ દરમિયાન ગ્રાઉન્ડ ફ્લોર પર કેટલાક વેપારીઓ દ્વારા સાવચેતીનાં ભાગરૂપે માલ બહાર કાઢવાનો પ્રયાસ પણ કર્યો હતો. આગ પર કાબુ મેળવવા માટે ફાયર વિભાગનાં ઉચ્ચાધિકારીઓ સહિત ૯ ફાયર સ્ટેશનનો કાફલો પણ જોતરાયો હતો. જેને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ટ્રાફિકજામની સમસ્યાને ધ્યાને રાખીને ઘટના સ્થળે પહોંચેલી સ્થાનિક પોલીસ દ્વારા રાજ ટેક્સટાઈલ માર્કેટ તરફનાં બંને રસ્તાઓ કોર્ડન કરી લેવામાં આવ્યા હતા. આ સ્થિતિમાં ફાયર વિભાગની ગાડીઓને ત્વરિત ઘટના સ્થળે પહોંચવામાં સરળતા રહી હતી.

# ગુજરાતમાં છેલ્લા દસ મહિનામાં ટીબીના ૧,૧૧,૯૦૯ દર્દીઓ નોંધાયા

## ગુજરાતમાં પ્રતિ દિવસ સરેરાશ ૩૬૫ જેટલા ટીબીના નવા કેસ સામે આવ્યા : અમદાવાદમાં સૌથી વધુ ૧૦ હજારથી વધુ દર્દી



અમદાવાદ,
ટીબીની બીમારી ભારતમાં હજી પણ એક ગંભીર જાહેર આરોગ્ય સમસ્યા બની રહી છે. તાજેતરના આંકડાઓ દેશમાં ટીબીના કેસોની ચિંતાજનક સ્થિતિ દર્શાવે છે, જ્યાં એક અંદાજ મુજબ ગત વર્ષે ટીબીના કારણે ૩ લાખ દર્દીઓના મોત થયા છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના મતે, વર્ષ ૨૦૨૪માં દેશમાં ટીબીના કારણે આટલા મોટા પ્રમાણમાં મૃત્યુ થયા હોવાનો અંદાજ છે, જે દર્શાવે છે કે આ રોગ સામેની લડાઈ હજુ લાંબી છે.

ગુજરાતમાં પણ ટીબીના કેસો સતત વધી રહ્યા છે, જે ચિંતાનો વિષય છે. વર્ષ ૨૦૨૫માં અત્યાર સુધીમાં ગુજરાતમાં પ્રતિ દિવસ સરેરાશ ૩૬૫ જેટલા ટીબીના નવા કેસ સામે આવ્યા છે. જાન્યુઆરીથી ઓક્ટોબર-૨૦૨૫ એમ છેલ્લા દસ મહિનામાં રાજ્યમાં ટીબીના કુલ ૧,૧૧,૯૦૯ દર્દીઓ નોંધાયા છે. એક અંદાજ પ્રમાણે, ટીબીની બીમારીમાં મૃત્યુનો રેશિયો લગભગ ૧૦ ટકાની આસપાસ છે. ગુજરાતમાં પ્રતિ દિવસ ટીબીની બીમારીથી પીડાતા ૧૬ જેટલા દર્દીઓનાં મોત થઈ રહ્યા છે. ગત વર્ષ ૨૦૨૪માં ગુજરાતમાં ટીબીના કુલ ૧.૩૭ લાખ દર્દીઓ રજિસ્ટર્ડ થયા હતા.

તાજેતરમાં થયેલી તપાસ દરમિયાન અમદાવાદ અને દાહોદ જિલ્લામાં ટીબીના વધુ દર્દીઓ હોવાનું ખૂલ્યું છે. છેલ્લા નવ મહિનામાં નોંધાયેલા ૯૦ હજાર જેટલા કેસ પૈકી, અમદાવાદમાં સૌથી વધુ ૧૦ હજારથી વધુ દર્દીઓમાં ટીબીની બીમારીનું નિદાન થયું હતું. અમદાવાદ પછી દાહોદમાં ૫૮૦૦થી વધુ દર્દીઓ હોવાનું સામે આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, છેલ્લા એક મહિનામાં જ ગુજરાતમાં ૨૧ હજારથી વધુ દર્દીઓ નોંધાયા છે, જે દર્શાવે છે કે સંક્રમણની ગતિ ઝડપી છે. ટીબીની બીમારી મુખ્યત્વે ફેફસાંને સીધી અસર કરે છે, પરંતુ તે મગજ, કરોડરજ્જુ જેવા શરીરના અન્ય મહત્વના ભાગો સુધી પણ ફેલાઈ શકે છે. ગુજરાત સરકાર દ્વારા ટીબીના દર્દીઓને લક્ષણો જણાય તો શરૂઆતથી જ તેનું નિદાન અને ઝડપી સારવાર મળે તેવા આશય સાથે ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

# ૨૦ કરોડના ખર્ચે બનેલા એસટીપી પ્લાન્ટના બિલ્ડિંગ અને સાધનો આઠ વર્ષમાં જ બિસ્માર !

## કરોડોના ખર્ચે વિકાસ કાર્યો કર્યા બાદ યોગ્ય જાળવણીના નહી થતા પ્રજાના પૈસાનો થતો વ્યય : સ્ટેન્ડિંગ કમિટીમાં માત્ર સૂચનાઓ અને ટકોર કરીને સંતોષ મનાયો !



તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૧૧

ભાવનગર મહાપાલિકા દ્વારા પ્રજા એ ચૂકવેલા ટેક્સના નાણાંમાંથી કરોડોના ખર્ચે વિવિધ વિકાસ કામો હાથ ધરાય છે પરંતુ તેની જાળવણી માટે યોગ્ય દરકાર લેવાતી નથી. શહેરના કુંભારવાડામાં એસટીપી પ્લાન્ટ પાછળ રૂ.૨૦ કરોડનો ખર્ચ કરાયો હતો જેના લગભગ આઠેક વર્ષમાં જ બિલ્ડિંગ અને સાધનો બિસ્માર થતા પ્રજાના પૈસાનો ધૂમાડો થયાનું ફલિત થાય છે, ચૂંટાયેલા સભ્યોએ પ્રજા વતી ચોકીદારી કરવાની હોય છે પરંતુ તેમાં સરેઆમ નિષ્ફળ અને બેદરકાર રહ્યાનો આ પુરાવો છે. જોકે, શાસક સભ્યો પોતાની ભૂલ ઢાંકવા સમયાંતરે ઠપકો આપી કે પ્રશ્નો ઉઠાવી પોતાની વાહવાહી કરવામાં માહિર છે પરંતુ આખરે તો અધિકારીઓ પાસે કામ લેવામાં તેઓ નિષ્ફળ રહ્યા તે ફલિત થાય છે.!

મહાપાલિકાના સ્ટેન્ડિંગ હોલ ખાતે બુધવારે સાંજે સ્ટેન્ડિંગ ચેરમેનના અધ્યક્ષ સ્થાને બંધ બારણે બેઠક મળી હતી. જેમાં જુદા જુદા કામના પ્રશ્ને સમીક્ષા કરવામાં આવી હતી, જેમાં કુંભારવાડા વિસ્તારમાં સિવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (એસટીપી)નું બિલ્ડીંગ બિસ્માર થઈ જતા ચેરમેને રાબેતા મુજબ સવાલો ઉઠાવ્યા હતાં. આ પ્લાન્ટ ગત વર્ષ ૨૦૧૭ માં આશરે ૨૦ કરોડમાં બનાવ્યો હતો અને થોડા વર્ષ પ્લાન્ટ સરખો ચાલ્યો હતો, ત્યારબાદ જાળવણીના અભાવે બિલ્ડીંગ અને સાધનો ખરાબ થઈ ગયા હોવાથી ચેરમેને યોજના વિભાગના અધિકારીને યોગ્ય જાળવણી કરવા (માત્ર) સૂચના આપી હતી. કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે ત્યારે થોડા વર્ષમાં જ બિલ્ડીંગ અને સાધનો ખરાબ થઈ જતા રૂપિયાનો વ્યય થતો હોય છે. જેના પાછળ ચૂંટાયેલા સભ્યોની અણઆવડત અને યોગ્ય શાસનનો અભાવ સ્પષ્ટ થાય છે.

સ્ટેન્ડીંગ કમિટિમાં અંદાજીત રકમ રૂા. ૫૯.૨૭ કરોડનાં ખર્ચથી વિકાસનાં કામોને મંજૂરી આપવામાં આવી હતી, તરસમીયા અને તખ્તેશ્વર ફિલ્ટર ખાતે જનરેટર જણાવેલ. મહાપાલિકાના ગાર્ડન વિભાગ દ્વારા નવા સર્કલો, ટ્રાયેંગ્લ કે ડીવાઈડર દત્તક આપવા માટે પ્લાનીંગ અને જાળવણી અંગેના આયોજનની વિગતો મેળવ્યાં બાદ મંજૂરી અંગે આગળની કાર્યવાહી કરવા નિર્ણય કરવામાં આવ્યો હતો. ચાર ઠરાવ અધ્યક્ષ સ્થાનેથી કરવામાં આવ્યા હતા તેથી કુલ ૨૯ ઠરાવને મંજૂરી આપવામાં આવી હતી. ચૂંટણીનું વર્ષ છે ત્યારે ઝડપી કામ પૂર્ણ કરવા અને પેન્ડીંગ ફાઈલોનો નિકાલ કરવા ચેરમેને સૂચના આપી હોવાનું પણ જાણવા મળ્યું છે.

### ૨૨ કરોડના કામમાં કોન્ટ્રાક્ટરે વધુ બે ટકા ઘટાડી આપતા આશ્ચર્ય

શહેરના કુંભારવાડા વોર્ડમાં આવેલા ગઢેચી વડલાથી કુંભારવાડા સર્કલ તરફ જતા જવાહર કોલોની પાસે ફાટક નં. ૨૧૯/બી પર રેલ્વે અન્ડર બ્રિજ બનાવવાનુ કામ રૂા. ૨૨,૭૪,૩૬,૫૩૦ ખર્ચે કરવાનુ હતુ પરંતુ નેગોશીએશન કરવામાં આવતા એજન્સી દ્વારા વધુ ૨ ટકા ઘટાડો કરવામાં આવેલ છે ત્યારે ૨૨ કરોડના કામમાં તંત્રએ ગણતરીમાં કે આંકડા માંડવામાં ઉતાવળ તો નથી કરીને તે ચર્ચાનો વિષય બન્યો છે ઉપરાંત કુંભારવાડાના પ્રથમ રેલવે અંડર બ્રિજમાં હજુ પાણી ભરાવાની સમસ્યાનો કોઈ ઉકેલ આવ્યો નથી ત્યારે તેને કોરાણે મૂકી નવી ઘોડીએ ચડવાની વાતથી લોકોમાં રોષ ફેલાયો છે.

### આધેધડ વિકાસ કામોથી પરેશાન ચૂંટાયેલા સભ્ય બન્યા અરજદાર !!

શહેરના સંસ્કાર મંડળથી સહકારી હાટ સુધીના રોડની કામગીરી શરૂ હતી ત્યાં કાળિયાબીડ પાણીની ટાંકીથી વાઘાવાડીના રોડનું કામ શરૂ કરાતા વાહન ચાલકોને ખુબ જ હાલાકી પડી રહી છે. આ બાબતે કાળિયાબીડના નગરસેવક પરેશ પંડયાએ સવાલ ઉઠાવી નારાજગી વ્યકત કરી હતી અને યોગ્ય આયોજન કરવા ટકોર કરી હોવાનું જાણવા મળ્યું છે. જોકે, ચૂંટાયેલા સભ્ય જ અરજદાર બનવું પડે તેનાથી મોટી કમનસીબી શું હોઈ શકે. બીજું કે તંત્ર દ્વારા થતી કામગીરીથી સભ્યો અજાણ હોય છે અથવા તો તેમને વિશ્વાસમાં નથી લેવાતા તેમ પણ ફલિત થાય છે. જોકે, શાસક સભ્ય એક માત્ર પરેશ પંડ્યા એ આડેધડ રીતે થતા વિકાસ કામોથી નગરજનોને પડતી હાલાકી અંગે અવાજ ઉઠાવી નારાજગી વ્યક્ત કરી છે ત્યારે આવકાર્ય ગણવું રહ્યું.!

# ચેક બાઉન્સ થતા વેપારીને પડી જેલની સજા

## વરતેજ જીઆઈડીસીની અમન ટ્રેડીંગના ભાગીદારોએ દાખલ કરાવેલી અલગ-અલગ નવ ફરિયાદમાં ચુકાદો



ભાવનગર,તા.૧૧

શહેરના મોતીતળાવ વિસ્તારમાં આવેલી ફાતિમા માર્કેટીંગના પ્રોપરાઈટર સામે એન.આઈ. એક્ટ હેઠળ કોર્ટમાં દાખલ થયેલી નવમાંથી પાંચ ફરિયાદમાં કસુરવાર ઠેરવી બે-બે વર્ષની સજા અને દંડનો હુકમ કર્યો હતો.

વરતેજ જીઆઈડીસી, પ્લોટ નં.૧૩૨માં આવેલ અમન ટ્રેડીંગના ભાગીદાર નિરંજનભાઈ નરોત્તમભાઈ રાઠોડ અને શારદાબેન નરોત્તમભાઈ રાઠોડના કુલમુખત્યાર દરજ્જે રાજેશભાઈ નરોત્તમભાઈ રાઠોડે પોતાના વકીલ એન.આર. ચૌહાણ મારફત મોતીતળાવ રોડ, અલંગ હાઉસ સામે, જન્નતી ડેલો, એફ/૨૮/એ/૬ (૧)માં આવેલ ફાતિમા માર્કેટીંગનો પ્રોપરાઈટર ઉસ્માનગની એ. જન્નતી નામના શખ્સ સામે વર્ષ ૨૦૨૦માં ભાવનગરના બીજા એડીશનલ ચીફ જ્યુડી મેજિસ્ટ્રેટ (સ્પે. નેગો કોર્ટ)ની કોર્ટમાં ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ અન્વયે અલગ-અલગ ૯ ફરિયાદ દાખલ કરી હતી. જેમાં શખ્સે ઈમ્પોર્ટ -એક્સપોર્ટમાં કામ કરી ધંધાના વિકાસ અને પેઢીના વ્યાપ વધારવા માટે રૂા.૧,૨૦,૫૦,૦૦૦ લીધા બાદ ત્રુટક-ત્રુટક રૂા.૧૫,૫૦,૦૦૦ ચૂકવી બાકીની રકમના ચેક આપ્યા હતા. જે ચેક બાઉન્સ થતાં નોટિસ આપવા છતાં ચેકની રકમ પરત કરી ન હતી. આ તમામ ફરિયાદોમાં કોર્ટે રજૂ થયેલા આધાર પુરાવા અને દલીલોને ગ્રાહ્ય રાખી ન્યાયમૂર્તિ જે.પી. પ્રજાપતિએ પાંચ કેસમાં બે-બે વર્ષ સાદી કેદની સજા, અનુક્રમે રૂા.૮ લાખ, રૂા.૪૯ લાખ, રૂા.૫૦ લાખ, રૂા.૧૨ લાખ અને રૂા.૧૫ લાખનો દંડ ભરવા તેમજ ચાર કેસમાં શંકાનો લાભ આપી છોડી મુકવા હુકમ કર્યો છે.

# ઈશ્વરિયાની વાડીઓમાં તસ્કરો હળી ગયા, કેબલ વાયરોની ચોરી

ભાવનગર, તા ૧૧

સિહોરના ઈશ્વરિયા ગામની સીમમાં આવેલી અલગ-અલગ પાંચ વાડીઓમાં છેલ્લા થોડાં મહિનાઓના સમયગાળામાં કુલ ૮૪૦ ફુટ ઈલેક્ટ્રીક કેબલ વાયરની ચોરી થઈ છે. બનાવ અંગે સોનગઢ પોલીસ મથકમાં અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધાયો છે.

ઉમરાળા તાલુકાના બજુડ ગામે રહેતા મહેશભાઈ પ્રેમજીભાઈ રાઠોડે સોનગઢ પોલીસ મથકમાં અજાણ્યા ઈસમ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેમાં ગત તા.૧-૧૨ની મોડી રાત્રિના સમયગાળા દરમિયાન ઈશ્વરિયા ગામની સીમમાં આવેલી તેમની ભાગવી રાખેલી વાડીમાંથી આશરે ૨૦૦ ફુટ જેટલો ઈલેક્ટ્રીક વાયર ચોરી થઈ ગયો હતો. તેમજ તેમની આજુબાજુમાં આવેલી ઘનશ્યામભાઈ સોલંકી, મુકેશભાઈ ચૌહાણ, શંભુભાઈ વઘાસીયા અને સુરેશભાઈ ચૌહાણની ભાગવી રાખેલી વાડીમાંથી ઉપરાંત ત્રણેય મહિના પહેલા સવજીભાઈ ભલાણીની વાડીમાંથી અલગ-અલગ દિવસે કુલ ૩૦૦ ફુટકેબલ વાયર ચોરી હતી. આમ, પાંચેય વાડીમાંથી રૂ.૧૨,૬૦૦ન કિંમતનો કુલ ૮૪૦ ફુટ ઈલેક્ટ્રીક કેબલ વાયર ચોરી થયો હતો. આ અંગે સોનગઢ પોલીસે ગુનો નોંધ્યો છે.

**અલગ-અલગ પાંચ વાડીમાંથી છેલ્લા થોડા મહિનાઓમાં ૮૪૦ ફૂટ વાયર ચોરાયો**

# એમકેબી યુનિવર્સિટીના આંતર કોલેજ ખેલકૂદ મહોત્સવનો કાલથી થશે પ્રારંભ

## સીદસર સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સ ખાતે યોજાશે ૪૫મો આંતરકોલેજ ખેલકૂદ મહોત્સવ 'રમતરંગ'

ભાવનગર,તા.૧૧

મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીનાં શારીરિક શિક્ષણ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ દ્વારા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ સિદસર ખાતે તા.૧૨, ૧૩ અને ૧૪ ડિસેમ્બર, શુક્રવાર, શનિવાર અને રવિવાર દરમિયાન યુનિવર્સિટીનો ૪૫મો આંતરકોલેજ ખેલકૂદ મહોત્સવ "રમતરંગ ૨૦૨૫-૨૬" યોજાનાર છે. જેમાં ભાઈઓ-બહેનોની કુલ ૨૦-૨૦ ઈવેન્ટ્સમાં ૨૮ સંસ્થાઓનાં કુલ ૨૯૭ ખેલાડીઓ(ભાઈઓ-બહેનો) ઉત્સાહ પુર્વક ભાગ લેશે.

આ ખેલકુદ મહોત્સવનો ઉદ્ઘાટન સમારોહ કુલપતિ પ્રો(ડૉ.) ભરતભાઈ રામાનુજનાં અધ્યક્ષ સ્થાને તા.૧૩ ડિસેમ્બરને શનિવારનાં રોજ સવારે ૯.૩૦ કલાકે સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ સિદસર ખાતે યોજાશે.જેમાં સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિ.ના ભૂતપૂર્વ કુલપતિ ડૉ.જતિનભાઈ સોની ઉદ્ઘાટક તરીકે ઉપસ્થિત રહી ખેલકુદ મહોત્સવનું ઉદ્ઘાટન કરશે તથા શેઠ બ્રધર્સના ગૌરવ શેઠ - મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે. અતિથી વિશેષમાં યુનિ.ના બોર્ડ ઓફ મેનેજમેન્ટનાં સભ્ય ડૉ.ડી.આર.ગોધાણી, ઇ.સી. સભ્ય ડૉ. ડી.બી.ચુડાસમા અને ઈન્ટરનેશનલ બાસ્કેટબોલ ખેલાડી ભગીરથસિંહ જાડેજા ઉપસ્થિત રહેશે.

આ ખેલકુદ મહોત્સવનો સમાપન સમારોહ કુલપતિ પ્રો.ભરતભાઇ રામાનુજનાં અધ્યક્ષ સ્થાને તા.૧૪ ડિસેમ્બને રવિવારે બપોરે ૩ કલાકે સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ સિદસર ખાતે યોજાશે. જેમાં સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિ.ના ભૂતપૂર્વ કુલપતિ ડૉ.અર્જુનસિંહ રાણા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે. જ્યારે અતિથી વિશેષમાં ઉદ્યોગપતિ નિશીથભાઈ મહેતા, યુનિ.ના બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્ય પ્રો (ડૉ.) કે.એમ.જોષી,યુની.ના ઇ.સી. સભ્ય નરેન્દ્રસિંહ જાડેજા અને ઈન્ટરનેશનલ જુડો ખેલાડી નિશાંતભાઈ ભટ્ટ ઉપસ્થિત રહેશે.

# સોસિયામાં સ્વામિનારાયણ ગુરૂકુળના આચાર્યની ઓફિસમાંથી રોકડની ચોરી

## બાઈકને નુકસાન કરી વાહન ફી અને પગાર ચૂકવણીના રાખેલા રોકડા રૂ.૫૪,૫૯૬ કોઈ ઉઠાવી ગયું

ભાવનગર,તા.૧૧

તળાજા તાલુકાના સોસિયા ખાતે આવેલ સ્વામી નારાયણ ગુરુકુળના આચાર્યની ઓફિસમાંથી વાહન ફી અને પગાર ચુકવણીના રોકડા રૂપિયાની ચોરી ઉપરાંત બાઈકને નુકસાન કર્યા અંગેની પોલીસ ફરિયાદ અલંગ મરીન પોલીસ મથકમાં નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ તળાજા તાલુકાના સોસિયા ખાતે આવેલી સ્વામીનારાયણ ગુરૂકુળ સંસ્થાની આચાર્યની ઓફિસમાં સાંજના ૭.૩૦ કલાકથી બુધવારે વહેલી સવારે ૬ કલાકના અરસામાં સમયગાળા દરમિયાન અજાણ્યા શખ્સોએ આચાર્યની ઓફિસનું તાળું તોડી ઓફિસમાં રાખેલા વાહન ફી અને પગારની ચુકવણીના રોકડા રૂ.૫૪,૫૯૬ ચોરી ગયા હતા. તેમજ ગુરૂકુળના બસોના ડ્રાઈવરની બાઈકમાં નાની મોટી નુકસાની કરી હતી. બનાવ અંગે ગુરૂકુળના આચાર્ય પરાક્રમસિંહ નટવરસિંહ ગોહિલે અલંગ મરીન પોલીસ મથકમાં અજાણ્યા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા આંબલામાં વિદ્યાર્થીઓ દ્વારા સ્વયંપાકનો કાર્યક્રમ




ભાવનગર,તા.૧૧

રાષ્ટ્રીય વિરસાતશાળા ગ્રામ દક્ષિણામૂર્તિ લોકશાળા આંબલામાં સ્વયં પાકનો કાર્યક્રમ યોજાઈ ગયો.જેમાં સમગ્ર શાળાના વિદ્યાર્થીઓની પાંચ ટુકડી પાડવામાં આવી. દરેક વિદ્યાર્થી દીઠ સો રૂપિયા બજેટ ફાળવવામાં આવ્યું ૧૦૦ રૂપિયામાં બંને ટક બપોર અને સાંજના ભોજનનું બજેટની મર્યાદામાં રહીને મેનુ તૈયાર કરવામાં આવ્યુ. મેનુ પ્રમાણે દરેક ટુકડીએ રસોઈ બનાવી.

શાળાના તમામ કાર્યકર્તાઓને ટુકડી પ્રમાણે વહેંચવામાં આવ્યા અને પરિવાર સાથે કાર્યક્રમમાં જોડાયા. વિદ્યાર્થીઓમાં રસોઈના કૌશલ્યો,મેનેજમેન્ટ અને એડજેસ્ટમેન્ટના કૌશલ્ય વિકસે એવા શુભ આશયથી આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમને બિરદાવવા માટે જિલ્લા શિક્ષણ અધિકારી કચેરીના ઈ.આઈ. સુવા, દક્ષિણામૂર્તિ વિનય મંદિર-ભાવનગરના આચાર્ય પીઠાભાઈ કોડીયાતર, સરસ્વતી વિનય મંદિર હાઈસ્કુલ-ભંડારીયા હાઈસ્કૂલના આચાર્ય રાજુભાઈ ઘોઘારી ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓએ બનાવેલી વાનગીનો સ્વાદ માણ્યો હતો. આ ઉપરાંત પાલીતાણા હાઈસ્કૂલના શિક્ષકો પરિવાર સાથે આ કાર્યક્રમને જોવા માટે ઉપસ્થિત રહ્યા કાર્યક્રમને સફળ બનાવવા શાળા પરિવારે જહેમત ઉઠાવતા સંસ્થાના નિયમક મેહુલભાઈ અને આચાર્ય વાઘજીભાઈ કરમટીયાએ શુભેચ્છા પાઠવી હતી.

# આધ્યાત્મિકતા કોઈ બાંધછોડ નહીં, પરંતુ આંતરિક સ્વતંત્રતાની યાત્રા છે —ઓશો રજનીશ

આચાર્ય રજનીશજી, વિશ્વવિખ્યાત ઓશો, આધ્યાત્મિક જગતમાં ક્રાંતિકારી વિચારધારાના પ્રણેતા તરીકે ઓળખાય છે. તેમની જન્મજયંતીલ ૧૧ ડિસેમ્બરલચેતના, સ્વતંત્રતા અને ધર્મના સાચા અર્થને સમજવા માટે મનન કરવાની વિશેષ તક પૂરું પાડે છે. ૧૯૩૧માં મધ્ય પ્રદેશના કુચવાડા ગામે જન્મેલા રજનીશજી બાળપણથી જ તીવ્ર બુદ્ધિશાળી, તર્કપ્રિય અને અનુશાસિત સ્વભાવ ધરાવતા હતા. જીવનના આરંભથી જ તેઓ પરંપરાગત માન્યતાઓને પ્રશ્ન કરતા અને સત્યની શોધ માટે સતત વિચારમંથન કરતા રહ્યા. યુવાનીમાં જ તેમણે વિશ્ર્વ વિદ્યાલયોમાં વક્તવ્ય આપવાનું શરૂ કર્યું અને "જિને જીવનનો સ્વાદ લેવો હોય, તેને માનસિક બાંધછોડમાંથી મુક્ત થવું આવશ્યક છે" એવું કહેતાં વિચારસ્વાતંત્ર્યને મહત્ત્વ આપ્યું. ઓશોની શિક્ષણપદ્ધતિમાં ન તો અંધશ્રદ્ધા હતી, ન માત્ર ધાર્મિક કઠોરતાલપરંતુ એક જીવંત, અનુભૂતિશીલ અને વૈજ્ઞાનિક દૃષ્ટિ હતી. તેમણે જીવનને આનંદ, પ્રેમ, સ્વીકાર અને ધ્યાનના મધ્યબિંદુમાં મૂક્યું. તેમની સૌથી લોકપ્રિય પદ્ધતિ 'ડાયનેમિક મેડિટેશન' માનવચિંતા, દબાયેલા ભાવો અને તણાવને મુક્ત કરીને ચેતનાની નવી ઊંચાઈઓ તરફ દોરી જાય છે. ઓશોના વચન અને ગ્રંથોમાં ઝેન, સૂફી, તાઓ, બૌદ્ધ અને ઉપનિષદીય તત્વજ્ઞાનનો અદભુત સંગમ જોવા મળે છે. તેમનો ભાર એ હતો કે સત્ય કોઈ પુસ્તક કે પરંપરા દ્વારા મળતું નથી; સત્યનો અનુભવ ઇનસાને પોતાના અંદર જ કરવો પડે. જીવનને એક ઉત્સવ, એક રમતમાં રૂપાંતરિત કરવાની તેમની વિચારસરણી આજે પણ લાખો અનુયાયીઓને પ્રેરણા આપે છે.ઓશોની વાણીમાં સાદગી હોવા છતાં ઊંડાણ છલકાતું હતું. તેઓ કહેતા કે માણસે પોતાની આંતરિક શક્તિને ઓળખવી જોઈએ, કારણ કે દરેક પ્રાણીમાં દિવ્યત્વનો પ્રકાશ છુપાયેલો છે. તેમણે સામાજિક બાંધછોડ, ડર અને દિગ્ભ્રમિત ધર્મવ્યવસ્થાઓમાંથી મુક્ત થવા માટે સહાસિક માર્ગ બતાવ્યો.આચાર્ય રજનીશજીની જન્મજયંતી પર વિવિધ દેશોમાં તેમના આશ્રમો અને કેન્દ્રોમાં ધ્યાન, સન્યાસ દીક્ષા, વચનચિંતન અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓ યોજાય છે. તેમની પુસ્તકો, ઓડિયો—વિડિયો વક્તવ્યો અને ધ્યાન પદ્ધતિઓ આજે પણ વૈશ્વિક સ્તરે લોકપ્રિય છે.આ દિવસ આપણેને યાદ કરાવે છે કે આધ્યાત્મિકતા કોઈ બાંધછોડ નહીં, પરંતુ આંતરિક સ્વતંત્રતાની યાત્રા છે. રજનીશજીનો સંદેશ માનવતાને, પ્રેમને અને વ્યક્તિની અનંત શક્યતાઓને ઉજાગર કરતો છે. તેમની જન્મજયંતિ નિયતિ સામે નહીં, પરંતુ ચેતના અને સ્વતંત્રતા તરફ પ્રયાણ કરવાની પ્રેરણાદાયી ક્ષણ બની રહે છે.



- બળદેવસિંહ ગોહિલ, ભાવનગર

# પ્રાથમિક અને માધ્યમિક મળી ૩૫ શાળાના વિદ્યાર્થીઓએ રજૂ કર્યા 'સ્ટેમ' પ્રયોગો

## બોટાદ જિલ્લા બાળ વૈજ્ઞાનિક ત્રિ દિવસીય પ્રદર્શન ગઢડાના જનડા ગામે યોજાયું



બોટાદ,તા.૧૧

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા બાળકોમાં વૈજ્ઞાનિક ક્ષમતાને પ્રોત્સાહન આપવા માટે બોટાદ જિલ્લા કક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન ગઢડા તાલુકાના જનડા ગામે યોજાયું હતું. જીસીઈઆરટી ગાંધીનગર અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, બોટાદના ઉપક્રમે આ ત્રણ દિવસીય પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રદર્શનમાં બોટાદ જિલ્લાની ૨૦ પ્રાથમિક અને ૧૫ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ વર્ષે 'વિકસિત અને આત્મનિર્ભર ભારત માટે સ્ટેમ' વિષયને કેન્દ્રમાં રાખીને વિદ્યાર્થીઓએ વિવિધ પ્રયોગો, મોડેલો અને વિચારો રજૂ કર્યા હતા.

પ્રદર્શનનું ઉદ્ઘાટન જિલ્લા પંચાયતના કારોબારી ચેરમેન રાજુભાઈ ચૌહાણ, જિલ્લા શિક્ષણ અધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી ડો. ભરતભાઈ વઢેર, ગઢડા મામલતદાર સિધ્ધરાજસિંહ વાળા, એજ્યુકેશન ઈન્સ્પેક્ટર ડૉ. વિક્રમસિંહ પરમાર, નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી ડૉ. પ્રભાતસિંહ મોરી અને જનડા ગામના સરપંચ લાલજીભાઈની હાજરીમાં કરવામાં આવ્યું હતું. અન્ય શિક્ષણ અધિકારીઓ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

### જેસરના ઉગલવાણ ગામે યુવકને ગાળો આપી છરી મારવાનો પ્રયાસ

ભાવનગર,તા.૧૧

જેસરના ઉગલવાણ ગામે રહેતા યુસુબભાઈ જમાલભાઈ પઠાણે ખુટવડા પોલીસ મથકમાં દિલુ ઉર્ફે હકાભાઈ કાળુભાઈ પઠાણ, મજીદ દિલુભાઈ ઉર્ફે હકાભાઈ પઠાણ અને ઈમરાન દિલુભાઈ ઉર્ફે હકાભાઈ પઠાણ (તમામ રહે.ઉગલવાણ) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેમાં ઉક્ત તેમના કુંટુંબી કાકા જેસીબી લાવી રસ્તો સીધો કરતા હતા જે રસ્તો તેમના શેઢમાં આવતો હોય જેથી તેમના બાપુજીએ તેને ના પાડતા તેની દાઝે મોઢામાં મુઢ માર મારી અપશબ્દો કહી તેમના બંન્ને દિકરાએ છરી તથા લાકડી લઈ મારવાની કોશિશ કરી હતી. આ અંગે ખુટવડા પોલીસે ગુનો નોંધ્યો છે.

### પાલીતાણામાં વિદેશી દારૂ સાથે એક શખ્સ ઝડપાયો

ભાવનગર,તા.૧૧

પાલીતાણા ટાઉન પોલીસે શહેર વિસ્તારમાંથી વિદેશી દારૂ સાથે એક શખ્સને ઝડપી પાડ્યો છે. પોલીસે આરોપી પાસેથી ૧૮૦ MLની ૧૨ નંગ બોટલો જપ્ત કરી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર પાલીતાણા ટાઉન પોલીસ શહેર વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી. તે દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે દરબારગઢ પાછળ એક શખ્સ પ્લાસ્ટિકની થેલીમાં ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો લઈને ઊભો છે. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન ધર્મેશભાઈ નારણભાઈ ભટ્ટી નામના શખ્સ પાસેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૧૮૦ MLની ૧૨ નંગ બોટલો મળી આવી હતી. પોલીસે આરોપી ધર્મેશભાઈની અટકાયત કરી ૨૪૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### સાગવાડી નજીક અકસ્માતમાં સિહોરના યુવકને ઈજા

ભાવનગર, તા.૧૧

સિહોરના બાલાજીનગર વિસ્તારમાં રહેતા હિરેનભાઈ જીતેન્દ્રભાઈ જાદવે સિહોર પોલીસ મથકમાં જીજે-૦૬-એનબી-૮૫૫૯ નંબરની બાઈકના ચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેમાં ગત તા.૭-૧૨ના રોજ રાત્રિના સખવદર રામપર ગામે આવેલા મેલડી માતાના મંદિરેથી દર્શન કરી પરત આવી રહ્યાં હતા ત્યારે રાત્રિના દસેક કલાકના અરસામાં સાગવાડી પાસે ઉક્ત બાઈકના ચાલકે તેમની સાથે અકસ્માત સર્જી ગંભીર ઈજા પહોંચાડી હતી. આ અંગે સિહોર પોલીસે ગુનો નોંધ્યો છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

સૌરાષ્ટ્ર આસપાસ

## વિકસિત ભારતનું અવકાશ વિઝન-૨૦૩૫ સુધીમાં ૪ લાખ કરોડની સ્પેસ ઇકોનોમી

ભારતનો અવકાશ કાર્યક્રમ માત્ર વૈજ્ઞાનિક મહત્ત્વાકાંક્ષાઓનું પ્રતીક નથી, પરંતુ તે દેશમાં એક નવી આર્થિક ક્રાંતિનો પાયો નાખી રહ્યો છે. વિશ્વ જ્યારે અવકાશને સંશોધન ક્ષેત્ર તરીકે જુએ છે, ત્યારે ભારત તેને આર્થિક વિકાસના મુખ્ય એન્જિન તરીકે પરિવર્તિત કરી રહ્યું છે. કેન્દ્ર સરકારની મહત્ત્વાકાંક્ષી યોજના હેઠળ, ૨૦૩૫ સુધીમાં ભારત પોતાનું સ્પેસ સ્ટેશન - એક સ્વયં સંપૂર્ણ અવકાશ મથક - તૈયાર કરશે, જે દેશની સ્પેસ ઇકોનોમીને ચાર લાખ કરોડ રૂપિયાના આંકડા સુધી પહોંચાડશે. આ એક એવું વિઝન છે, જે ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના સ્વપ્નને વાસ્તવિકતામાં બદલશે.

હાલમાં આ ક્ષેત્રનું કદ લગભગ ઇંટ બિલિયન છે, જે આગામી આઠથી દસ વર્ષમાં ઇં૪૦-૪૫ બિલિયન સુધી વિસ્તરવાની સંભાવના છે. રૂપિયાની સમજૂતીમાં આ આંકડો આશરે ૩.૬થી ૪ લાખ કરોડ રૂપિયાનું પ્રતિનિધિત્વ કરે છે. આ અભૂતપૂર્વ વૃદ્ધિ ઇસરો (ISRO)ની અદ્ભુત સિદ્ધિઓ અને ખાનગી ક્ષેત્રની ઝડપી એન્ટ્રીનું પરિણામ છે, જે હવે અવકાશને એક આર્થિક વિકાસનો વ્યવસાય બનાવી રહી છે. ભારતની આર્થિક રીતે લાભદાયી અને વ્યવહારુ રણનીતિ દેશના યુવા વૈજ્ઞાનિકો અને ઉદ્યોગપતિઓ માટે નવી તકોનું સર્જન કરી રહી છે, જે વૈશ્વિક મહાસત્તા તરીકે ભારતની સ્થાપના કરશે. ISRO અને ખાનગી ક્ષેત્રનો સુભગ સમન્વય વિકાસની નવી ક્ષિતિજો સર કરશે.ભારતનો અવકાશ કાર્યક્રમ આજે એક નવીન પડકારમાં પ્રવેશી રહ્યો છે, જ્યાં ઇસરોની સરકારી મજબૂતી અને ખાનગી કંપનીઓની નવીનતા એકસાથે કામ કરી રહી છે. ૨૦૨૩માં ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર 'વિક્રમ લેન્ડર'નું સફળ ઉતરાણ માત્ર એક વૈજ્ઞાનિક જીત નહોતી, પરંતુ તે પછીના તમામ કાર્યક્રમો માટે એક મજબૂત પાયો સાબિત થયું છે.

આ સિદ્ધિ બાદ, ઇસરો હવે ૨૦૨૭માં 'ગગનયાન' મિશન દ્વારા પ્રથમ માનવ અવકાશ ઉડાનની તૈયારીઓને વેગ આપી રહ્યું છે, જેનાથી ભારત આ સિદ્ધિ મેળવનાર દુનિયાનો છઠ્ઠો દેશ બનશે. પરંતુ આ માત્ર શરૂઆત છે; સરકારનું મુખ્ય ધ્યાન ૨૦૩૫ સુધીમાં અવકાશમાં કાયમી ઉપસ્થિતિ સ્થાપિત કરવા પર છે, જેમાં ચંદ્ર પર આધારભૂત કેન્દ્ર અને ભારતનું પોતાનું સ્પેસ સ્ટેશન સામેલ છે.વર્તમાનમાં, ૪૦૦થી વધુ સ્પેસ સ્ટાર્ટઅપ્સ સેટેલાઇટ ઉત્પાદન, પ્રક્ષેપણ સેવાઓ અને અવકાશ ડેટા વિશ્લેષણમાં સક્રિય છે. 'સ્કાયરૂટ' અને 'આગ્નિકુલ કોસ્મોસ' જેવી કંપનીઓ નાના રોકેટ્સ અને સેટેલાઇટ્સના વિકાસમાં અગ્રેસર છે. ઇસરો સાથેની તેમની ભાગીદારી આ ક્ષેત્રને વધુ ગતિ આપી રહી છે. આગામી પાંચ વર્ષમાં આ ક્ષેત્રમાં વિદેશી રોકાણકારોના રસને કારણે મોટા પાયે રોકાણની અપેક્ષા છે. સરકારની 'ડીપ-ટેક પોલિસીઓ' ખાનગી ક્ષેત્રને પ્રોત્સાહન આપી રહી છે, જે અવકાશને એક લોકપ્રિય વ્યવસાય બનાવી રહ્યું છે. ૨૦૩૦ સુધીમાં વૈશ્વિક વ્યાપારી અવકાશ માર્કેટનો ૮થી ૧૦ ટકા હિસ્સો કબજાવવાનું લક્ષ્ય ભારતની વિશાળ સંભાવનાઓને દર્શાવે છે. પડકારો સામે તકો દ્વારા સંતુલિત અવકાશ રણનીતિ વિકાસનું સીમા ચિન્હો બનશે.આગળનો માર્ગ આશાસ્પદ હોવા છતાં, તેમાં કેટલાક પડકારો પણ છે. ભારતનો અવકાશ કાર્યક્રમ હંમેશા બજેટની મર્યાદાઓમાં ચાલ્યો છે, પરંતુ હવે ખાનગી રોકાણથી તે વધુ મજબૂત બની રહ્યો છે. તેમ છતાં, માનવ અવકાશ ઉડાન અને સ્પેસ સ્ટેશન જેવા મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સ માટે વિશાળ અને સતત રોકાણ જરૂરી છે, જેના માટે વિદેશી ભાગીદારી અનિવાર્ય છે. ઉપરાંત, કુશળ માનવબળની ઉપલબ્ધતા અને ટેક્નોલોજીકલ ગેપને દૂર કરવા માટે શિક્ષણ અને તાલીમ પર વધુ ભાર મૂકવો પડશે.જોકે, આ પડકારો જ નવી તકોનું સર્જન કરી શકે છે.

# ગળપણના છટકામાં સપડાવાના સંકેત અને એમાંથી ઉગરવાના ઉપાય



વિશેષ

ખાંડ (સુગર, સાકર) નાના-મોટા બધાને ભાવે છે. સાકરવાળી ચાથી લઈ વારે-તહેવારે ખવાતી જાતજાતની મિઠાઈઓ બધાની ફેવરીટ છે કારણ કે એમાં સુગરનો મીઠડો સ્વાદ હોય છે, પરંતુ એ જાણીને નવાઈ લાગે કે સાકર આજે માનવજાતની સૌથી મોટી શત્રુ બની ગઈ છે. એટલા માટે કે એનું વધુ પડતું સેવન અનેક રોગોને આમંત્રણ આપે છે. કમનસીબે, ખાંડ જેટલી લિજ્જતદાર છે એટલી જ બંધાણ લગાડનારી છે એટલે જ બજારમાં મળતા મોટાભાગના ફુડ પેકેટ્સમાં ચોરીછુપીથી સુગર ઉમેરી દેવાય છે.

રંગેરૂપે સાકર ભલે એકદમ નિર્દોષ લાગે, પરંતુ આપણી હેલ્થ પર થતી એની લાંબા ગાળાની અસર બહુ જ ગંભીર છે એટલે એનાથી મુક્તિ મેળવવી બહુ જરૂરી છે. એ માટે સૌથી પહેલા એ જાણી લેવું પડે કે વ્યક્તિ વધુ પડતી સુગર ખાય છે એની નિશાનીઓ શું છે. એ જાણી લીધા બાદ ખાંડ ખાવાની તીવ્ર ઈચ્છા પર કઈ રીતે કન્ટ્રોલ કરવો એ જાણીશું.

સાકરના વધુ પડતા સેવનના આઠ સંકેત

૧. આપણને વારેવારે ગળ્યું ખાવાની ઈચ્છા થયા કરે છે. એના બે કારણો છે. એક તો સાકર આપણને જેનું ઝડપથી બંધાણ થઈ જાય એવો પદાર્થ છે અને બધા વ્યસની દ્રવ્યોની જેમ આપણું શરીર એનો ઉપયોગ કરી લે પછી આપણને એ ફરી લેવાની ઈચ્છા થયા કરે છે. બીજુ, આપણી સ્વાદેન્દ્રિયોને સમય જતા એનો સ્વાદ કોઠે પડી જાય છે. એને પગલે આપણને વધુને વધુ ગળ્યું ખાવાની અદમ્ય ઈચ્છા થતી રહે છે.

૨. માનવીનું શરીર સુગરને બહુ ઝડપથી શોષી લે છે. એટલે જ આપણે જ્યારે કંઈક ગળ્યું ખાઈએ કે પીઈએ ત્યારે શરીરમાં તરત સ્ફુર્તિ આવી જાય છે. મેડિકલ જારગોનમાં એને બ્લડ સુગર સ્પાઈક કહેવાય છે અને એનાથી દેહમાં એકાએક હાથી જેવું બળ આવી જાય છે. શરીર ઝાઝા બ્રેકડાઉન વિના સુગરનો ત્વરિત ઉપયોગ કરી લેતું હોવાથી શરૂઆતની સ્ફુર્તિ બાદ તરત આપણી બ્લડ સુગરમાં ઘટાડો થાય છે અને આપણું વર્તન તરંગી અને ધુની બની જાય છે. વારંવાર મૂડ બદલાયા કરે છે.

૩. તમે કાયમ ખોરાકમાં વદુ પડતી સાકર લ્યો છો ત્યારે તમારું શરીર આખો દિવસ એકલી સુગરમાંથી મળતી એનર્જી પર જ આધાર રાખવા માંડે છે. એને લીધે અવારનવાર આધાશીશી અને માથાનો દુખાવો થાય છે. એટલા માટે કે ઉર્જાના તાત્પુરતા સંચાર બાદ જ્યારે પણ આપણું બ્લડ સુગર લેવલ ઘટે છે ત્યારે બૉડી એનર્જી માટે સંગ્રહ કરાયેલી ફેટ (ચરબી)નો ઉપયોગ નથી કરતી અને એને બદલે એ સીધુ હાયપોગ્લીસેમિયાના સ્ટેજમાં આવી જાય છે. હાયપોગ્લીસેમિયા એ તબક્કો છે જેમાં લોહીમાં સુગરનું પ્રમાણ સામાન્ય કરતા એકદમ નીચે ચાલ્યું જાય છે.

૪. નાની વયમાં જ ચામડી ફાટી જાય છે. ટીનેજરો રાત-દિવસ વધુ પડતી ચોકલેટ્સ અને ડોનટ્સ આરોગ્યા કરે છે. એની આડઅસર સીધી એમની ત્વચા પર પડે છે. યુવાન વયે જ ચામડીમાં કરચલીઓ ઉપસી આવે છે. એનું એકમાત્ર સુગર છે.

૫. પાંચમી નિશાની છે શરીરમાં સર્જતુ હોર્મોન્સનું અસંતુલન. એ વધુ પડતી ખાંડ ખાવાનું અને સ્ટ્રેસનું પરિણામ છે. ખાસ કરીને સ્ત્રીઓને અવારનવાર અનિયમિત અને વધુ પડતું માસિક આવતું હોય તો એનું એક કારણ સાકરનું વધુ પડતું સેવન પણ હોઈ શકે.

૬. તમે રેગ્યુલર એકસરસાઈઝ કરતા હો અને તમારું ડાયટ હેલ્ધી હોય છતાં પણ તમારું વજન ઘટતું ન હોય તો સમજી લો કે એમાં સુગર આડી આવે છે. અમુક ફળોમાં વધુ પ્રમાણમાં નેચરલ સુગર સામેલ હોય છે અને આવું ફ્રુટ પણ આપણને નડે છે. સમસ્યા એ છે કે વધુ પડતી સાકર ખાનાર વ્યક્તિનું શરીર એનર્જી માટે ફેટનો વપરાશ કરવાનું જ ભૂલી જાય છે. એને લીધે ચરબી ઘટતી નથી અને વજન ઉતરતું નથી.

૭. ઘણી બધી પિપર કે ચોકલેટ ખાવાથી માત્ર બાળકોના દાંતમાં કેવિટીઝ (પોલાણ) નથી સર્જતી, મોટેરાના દાંત પણ વધુ પડતું ગળ્યું ખાવાથી પોલા થઈ જાય છે. આપણાં દાંત પર કાળી છરી બાજી ગઈ હોય અને કંઈ પણ ખાઈએ ત્યારે દાંતમાં દુખાવો થાય તો સમજી લેવું કે આપણે શરીરમાં પડતી સાકર છાલવી રહ્યા છીએ. આપણી જીભની જેમ મોઢાના બેક્ટીરિયાને પણ ગળ્યું ભાવે જ છે. ગળ્યું ખાઈને એ પણ દાંતમાં સડો વધારે છે.

૮. સૌથી છેલ્લો મુદ્દો એ કે પોતાની જાતને છેતરતી કોઈ હઠીલી વ્યક્તિને જ પોતે વધુ પડતી સાકર ખાય છે એ જાણવા અહીં અગાઉ આપેલા સંકેતો જાણવાની અહીં અગાઉ આપેલા સંકેતો જાણવાની જરૂર પડે. બાકી સામાન્ય વ્યક્તિ તો રોજ ચોકલેટ્સ, ડોનટસ અને પુડિંગનો પેટ ભરીને સ્વાદ લેતી હોય તો મનમાં જાણે જ છે કે આપણે વધુ પડતી સુગર ખાઈ રહ્યા છીએ.

જો કોઈને સમજાઈ જાય કે આપણે ખાંડના ખતરનાક છટકામાં સપડાઈ ગયા છીએ તો ગભરાવાની કે ચિંતા કરવાની જરૂર નથી. એમાંથી છુટવાના ઉપાયો છે. હવે આપણે સુગરમાં કાપ મુકવાના સરળ અને અસરકારક ઉપાયો વિશે ચર્ચા કરીશું. આવા એવા ઉપાયો જે તમને રોજ સ્વસ્થ હોવાનો અહેસાસ કરાવશે :

૧. ગળ્યું ખાવાનું રાતોરાત છોડી દેવાનો પ્રયાસ ન કરો. સોડા, કેન્ડી અને બેકરી ઉત્પાદનો જેવા ખાંડના જે દેખીતા સ્ત્રોત છે એના પર કાપ મુકવાથી શરૂઆત કરો. એની સાથોસાથ તમારી ચા, કોફી કે સિરીયલમાં ક્રમશઃ સાકર ઓછી નાખતા થાવ.

૨. સ્નેક્સના પેકેટ્સ પરના લેબલ્સ ધ્યાનથી વાંચવાની ટેવ પાડો એટલા માટે ફુડ પેકેટ્સ પર જે ગ્લુકોઝ, માલ્ટોઝ, કોર્ન સિરપ અને કેન જ્યુસ જેવા શબ્દો લખેલા છે એ હકીકતમાં સુગરના જ છદ્મ નામો છે. પેકેટ પર લખેલી સામગ્રીમાં સુગરનો ઉલ્લેખ ટોપ થ્રીમાં હોય તો એ સ્નેક્સ ન ખાવામાં જ શાણપણ છે.

૩. ફૂડ (ખોરાક) જેટલો ઓછો પ્રોસેસ થયો હોય એટલી એમાં છદ્મ નામે વપરાતી સુગર ઓછી હોવાની. તાજા ફળો, લીલા શાકભાજી અને છડયા વગરનું અનાજ ખાવાથી ખોટી ભૂખ નથી લાગતી અને બ્લડ સુગર લેવલમાં રહે છે.૪. ભોજનમાં કાર્બોહાઈડેટનું પ્રોટિન કે હેલ્ધી ફેટ્સ સાથે બેલેન્સ રખાય તો ખોરાકનું પાચન ધીમુ થાય અને બ્લડ સુગર સ્થિર રહે. દાખલા તરીકે, સફરજનનો જ્યુસ પીવાને બદલે એના ટુકડા કરી પીનટ બટર સાથે ખાવ.

૫. શરીરરમાં પાણી ઓછું થઈ જાય ત્યારે ડિહાઈડ્રેશનને લીધે ગળ્યું ખાવાની લાલસા થઈ શકે છે એટલે દિવસમાં અવારનવાર પાણી, હર્બલ ટી કે લીંબુ પાણી પીવાનું રાખો.

૬. પુરતી ઊંઘ લેવાનું રાખો. એટલા માટે ઊંઘ પુરી ન થાય ત્યારે આપણું થાકેલું મગજ ઝડપથી એનર્જી મેળવવા વલખાં મારે છે અને એ સુગરમાંથી જ મળે છે. વારંવાર ખોટી ભૂખ લાગવાનું ટાળવા સારી નિદ્રાને તમારી દિનચર્યાની ટોપ પ્રાયોરિટી બનાવો.

૭. અને છેલ્લી પણ સૌથી મહત્ત્વની વાત એ કે શરીરને બને એટલું ફરતું રાખો. નિયમિત એક્સરસાઈઝ કરો અને વોક પર જાવ. શારીરિક પ્રવૃત્તિઓ ઈન્સ્યુલિન અને બ્લડ સુગર લેવલ્સનું નિયમન કરવા ઉપરાંત સ્ટ્રેસ પણ ઓછી કરે છે. આજની જીવનશૈલી માટે એ સૌથી અગત્યની બાબત છે.

# 'સત્'થી યુક્ત યાગ, દાન ને તપ

કરંટ ટોપિક

ગત અંકોમાં યાગ, દાન અને તપની સમજૂતી આપીને ભગવાન કૃષ્ણ હવે આ ત્રણેય મૂલ્યોને 'સત્'ના આધારે સમજાવીને અધ્યાય ૧૭ પૂર્ણ કરે છે.

ભારતીય સંસ્કૃતિના ત્રણ પ્રાચીન મૂલ્યનિષ્ઠ તત્ત્વો જેવા કે યાગ, દાન અને તપ મનુષ્યના આત્મિક અને સામાજિક ઉત્થાન માટે મહત્ત્વનાં સાધનો તરીકે સ્થાન પામ્યાં છે. ભગવાન શ્રીકૃષ્ણે ભગવદ્ગીતામાં આ ત્રણે તત્વોને 'સત' રૂપે વ્યાખ્યાયિત કર્યાં છે. 'સત'નો પ્રારંભિક અર્થ થાય છે- સચ્ચાઈ, શુદ્ધતા, પ્રામાણિકતા અને નિઃસ્વાર્થતા. આ ગુણો જો યાગ, દાન અને તપમાં ઉમેરાય તો આ બધાં માત્ર ધાર્મિક કર્મો નથી રહેતા, પણ તે જીવાત્માને પરમાત્માની નજીક લાવવા માટે સેતુરૂપ બની જાય છે.

આજના આધુનિક યુગમાં જ્યાં લોભ, અહંકાર અને સ્વાર્થ વધી રહ્યા છે, ત્યાં સત્યનું પાલન, યજ્ઞની ભાવના, દાનની ઉદારતા અને તપની સાધના આપણને સંતુલિત જીવન જીવવામાં મદદ કરે છે. સત્ય એ ફક્ત સાચું બોલવું જ નથી, પણ તે એક જીવનશૈલી છે. રોજબરોજના જીવનમાં જ્યારે આપણે સાચું આચરણ કરીએ છીએ, ત્યારે આપણી વિશ્વસનીયતા વધે છે.

યજ્ઞવિધિમાં જો 'સત'ની ભાવના ન હોય તો તે ફક્ત લૌકિક અને ભૌતિક કૃત્ય જ બની રહેશે. યાગનો અર્થ છે- પોતાનું શ્રેષ્ઠતમ અર્પણ કરવા માટેની તૈયારી. ભગવદ્ગીતા કહે છે કે સાત્ત્વિક યાગ એ છે જે નિયમિત રીતે, શ્રદ્ધાથી અને ફળની ઈચ્છા વિના કરવામાં આવે છે. તે કર્મયોગનો અવિભાજ્ય ભાગ છે. રાજસિક યાગ એ છે જે પુષ્કળ વિધિવિધાન અને બતાવવા માટે થાય છે, તો તામસિક યાગ એ નિયમ વિરુદ્ધ કે અધર્મના માર્ગે કરવામાં આવે છે.

યજુર્વેદમાં કહેવાયું છે કે યજ્ઞ જ સર્વશ્રેષ્ઠ કર્મ છે. આમ તો આ સમગ્ર સૃષ્ટિ યજ્ઞમય છે, જે સમર્પણનાં આધારે જ ક્રિયાન્વિત થાય છે. સૂર્ય ઊર્જા અર્પે, વૃક્ષો પ્રાણવાયુ આપે, નદીઓ જળદાન કરે. આપણું જીવન પણ ત્યારે જ સફળ બને છે જ્યારે આપણે લેવા કરતાં આપવાનું વધુ શીખીએ. પ્રાચીન કાળમાં યજ્ઞો દ્વારા જ્ઞાનનો પ્રસાર થતો હતો. આજે શિક્ષકો દ્વારા ગરીબ વિદ્યાર્થીઓને મફત શિક્ષણ આપવા માટે ચલાવાતાં નિઃશુલ્ક વિદ્યાકેન્દ્ર વિદ્યાયજ્ઞના જ અનુષ્ઠાનો છે. યજ્ઞની આ શાસ્ત્રીય ભાવના આજે પણ આપણને શીખવે છે કે સાચી સિદ્ધિ સ્વાર્થમાં નહીં, પરમાર્થમાં જ નિહિત છે. એ જ યજ્ઞનું 'સત' છે.

યજ્ઞની સાથે જ ભારતીય સંસ્કૃતિમાં દાનને પણ ધર્મનું સાર્થક સ્વરૂપ માનવામાં આવે છે. પ્રાચીન કાળથી આજ સુધી, દાનની પરંપરા આપણી સંસ્કૃતિમાં સજીવ રહી છે. મહાભારતના દાનવીર કર્ણથી લઈને રતન ટાટા સુધી, દાનની ગાથાઓ સમાજને પ્રેરણા આપે છે. દાન એ ફક્ત ધન વહેંચવાની ક્રિયા નથી, પણ તે એક સંપૂર્ણ જીવનદર્શન છે જે મનુષ્યને સ્વાર્થથી ઉપર ઉઠાડે છે. ગીતામાં દર્શાવ્યા પ્રમાણે, શ્રેષ્ઠ દાન એ છે જે યોગ્ય સમયે, યોગ્ય વ્યક્તિને, વિનામૂલ્યે અને અહંકાર વિનાના ભાવથી આપવામાં આવે છે.

કોરોનાના સમયમાં જ્યારે સમગ્ર વિશ્વ સંકટમાં હતું, ત્યારે દેશભરની સેવાભાવી સંસ્થાઓ અને સામાન્ય નાગરિકોએ જે રીતે અન્નક્ષેત્રો અને મદદ કેન્દ્રો દ્વારા અન્નદાન, ઓક્સિજન સિલિન્ડરની વહેંચણી, રક્તદાન શિબિરો દ્વારા જીવનદાન અને મફત દવાઓનું વિતરણ કર્યું, તે ગીતામાં વર્ણવેલ સત્ય સાથેના દાનના સિદ્ધાંતોનું જ આધુનિક સ્વરૂપ હતું.



વળી, તૃતીય વિભાગ છે તપ ! તપ એટલે ઈન્દ્રિયોને નિયંત્રિત કરીને આત્માની શુદ્ધિ તરફ પ્રયાણ કરવું. ગીતા ત્રણ તપ વિષયક માર્ગદર્શન આપે છે. કાયિક (શરીરથી કરાતું તપ), વાચિક (વાણીનો સંયમ) અને માનસ (મનનો સંયમ). કાયિક તપમાં બ્રહ્મચર્ય, સ્વચ્છતા અને ગુરુસેવા આવરી લેવામાં આવે છે. વાચિક તપમાં સત્ય, મૌન અને નમ્ર ભાષાનો ઉપયોગ થાય છે. માનસ તપ એ છે મનમાં ઈર્ષ્યા, ગુસ્સો, લોભ વગેરેમાંથી મુક્તિ અને શાંતિ તરફ પ્રયાણ.

આજે પણ ઘણાં ભક્તો સાદું અને સંયમ સાથેનું જીવન જીવે છે. આમ, આ તપસ્વીઓ તપમાં 'સત'નું અનુસંધાન રાખે છે.

અંતે મહંતસ્વામી મહારાજ સમજાવે છે કે "સત"નો ઉત્કૃષ્ટ અને તાત્ત્વિક અર્થ પરબ્રહ્મ અને અક્ષરબ્રહ્મ પરક છે. હા, 'સત'ની આ તાત્ત્વિક વિભાવનામાં યાગ, દાન અને તપ જેવાં સાધનોને અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મની પ્રસન્નતા માટે કરવામાં આવે છે. પરિણામે આ તમામ સાધનો આત્યંતિક મુક્તિ અપાવે છે. અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મના સંબંધે યાગાદિક સર્વે ક્રિયાઓ નિર્ગુણ બની જાય છે.

આમ, 'સત'ના અનુસંધાન સાથે યાગ, દાન અને તપ આચરીને મુમુક્ષુ સમગ્ર સમાજ માટે પ્રકાશદાયી બની શકે છે.

# આધાર કાર્ડ એટલે તમારી ડિજિટલ ઓળખ

ભારતમાં લાખો લોકો માટે ઓળખનું મુખ્ય સાધન એટલે આધાર કાર્ડ. આ કાર્ડ ૧૨ અંકના અનોખા નંબર છે, જે ભારત સરકારની યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા (UIDAI) દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. ૨૦૦૯માં શરૂ થયેલી આ સ્કીમનો હેતુ

**આધાર કાર્ડની સુરક્ષાના નવા નિયમો આવી રહ્યા છે.**

**આધાર કાર્ડ ભારતની ઓળખની ગોલ્ડન કી છે.તેની સુરક્ષા માટેના નવા નિયમો આવી રહ્યા છે.**

દરેક ભારતીયને એક સરળ અને વિશ્વસનીય ઓળખ આપવાનો છે. આધાર કાર્ડમાં તમારું નામ, જન્મ તારીખ, સરનામું અને બાયોમેટ્રિક માહિતી જેવી કે આંગળીની નિશાન, આંખની આઈરિસ અને ફોટો સામેલ હોય છે. આનાથી તમારી ઓળખને વધુ મજબૂત બનાવવામાં આવે છે.

આધાર કાર્ડ મેળવવું ખૂબ જ સરળ છે. તમારે માત્ર આધાર કેન્દ્ર પર જઈને ફોર્મ ભરવું પડે છે. દસ્તાવેજો જેમ કે જન્મ પ્રમાણપત્ર કે વોટર આઈડી પુરા પાડવા પડે છે. બાયોમેટ્રિક ડેટા લેવામાં આવે છે અને ૯૦ દિવસમાં કાર્ડ તમારા સરનામે મોકલાઈ જાય છે. બાળકો માટે પણ આધાર બનાવી શકાય છે, જેમાં બાયોમેટ્રિક વિના પણ શરૂઆત થઈ શકે છે. હાલમાં ૧૩૦ કરોડથી વધુ આધાર કાર્ડ જારી થયા છે, જે વિશ્વની સૌથી મોટી બાયોમેટ્રિક આઈડી સિસ્ટમ છે.

આધાર કાર્ડના ઘણા ઉપયોગો છે. બેંક ખાતું ખોલવું, સબસિડી મેળવવી, ટેક્સ ફાઈલ કરવો, મોબાઈલ જીૈસ કરવો કે પેન્શન મેળવવા માટે તે જરૂરી છે. આધાર-લિંક્ડ પેમેન્ટ સિસ્ટમ (છીંજી)થી ગ્રામીણ વિસ્તારોમાં પૈસા ટ્રાન્સફર કરવું સરળ બને છે. જનધન યોજના જેવી સરકારી સ્કીમો આધારથી જોડાયેલી છે, જેથી ભ્રષ્ટાચાર ઘટે છે અને સુવિધા સીધી લોકો સુધી પહોંચે છે. કોવિડ-૧૯ વેક્સિનેશન જેવા કાર્યોમાં પણ આધારની ભૂમિકા મહત્વની રહી.

જોકે, આધારની ગોપનીયતા વિશે ચિંતાઓ પણ છે. "ૂઙૈં કહે છે કે ડેટા સુરક્ષિત છે અને માત્ર તમારી સંમતિથી ઉપયોગ થાય છે. સુપ્રીમ કોર્ટે પણ તેને માન્યતા આપી છે, પરંતુ વપરાશમાં સાવચેતી રાખવી જરૂરી છે. ભવિષ્યમાં આધાર ડિજિટલ ઈન્ડિયાનું મુખ્ય આધાર બનશે, જે દેશને વધુ સુસંગત અને વિકસિત બનાવશે.

ભારતમાં, આધાર કાર્ડ હવે માત્ર એક ઓળખપત્ર નહી, પણ ડિજિટલ યુગમાં નાગરિક હક્કો અને સુરક્ષાનો મુખ્ય આધાર બની ગયું છે. બેંકિંગથી લઈને મોબાઈલ કનેક્શન સુધી, સરકારી લાભથી લઈને કાયદાકીય કામગીરી સુધી, આધાર આપણા રોજબરોજના જીવનનું અભિન્ન અંગ છે. પરંતુ, આટલા વ્યાપક ઉપયોગ સાથે, ડેટાની ગોપનીયતા અને નાગરિકોની નિજીતાનું રક્ષણ પણ એક મહત્વપૂર્ણ પડકાર રહ્યો છે. આ જરૂરિયાતને ધ્યાનમાં રાખીને, ભારત સરકાર હવે આધારની સુરક્ષા માટે નવા અને કડક નિયમો લાગુ કરી રહી છે.

શા માટે જરૂરી છે નવા નિયમો?

અત્યાર સુધી, ઘણી સંસ્થાઓ – હોટેલ, ઈવેન્ટ સ્થળો, દુકાનો – આધાર કાર્ડની ભૌતિક (ફોટોકોપી) નકલ માંગતી હતી અને તેને કાગળ અથવા ઈલેક્ટ્રોનિક ફાઈલમાં સંગ્રહિત કરતી હતી. આ પદ્ધતિમાં આધાર નંબર અને વ્યક્તિગત માહિતીના દુરુપયોગ અથવા ચોરીનો ખતરો હતો. આથી, યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા (યુઆઈડીએઆઈ) એ હવે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છેઃ કોઈ પણ સંસ્થા વ્યક્તિની સ્પષ્ટ મંજૂરી વિના અથવા કાયદા મુજબની ખાસ જરૂરિયાત વિના, આધાર કાર્ડની ભૌતિક નકલ રાખી શકશે નહી.

આસપાસ ચોપાસ — સુરેશ ભટ્ટ

શું છે નવી વ્યવસ્થા?

૧. ફોટોકોપી પર પ્રતિબંધઃ હોટેલ, ઈવેન્ટ મેનેજમેન્ટ કંપનીઓ, રિટેલ સ્ટોર્સ જેવા સાર્વજનિક અને ખાનગી સ્થળોએ આધાર કાર્ડની ફોટોકોપી કે ફિઝિકલ કોપી માંગવી અથવા સંગ્રહિત કરવી પર પૂર્ણ પ્રતિબંધ રહેશે. તેના બદલે, 'ઓફલાઈન વેરિફિકેશન'નો ઉપયોગ કરવો પડશે.

૨. ઓફલાઈન વેરિફિકેશનઃ આ એક સુરક્ષિત પદ્ધતિ છે, જેમાં તમે તમારા મોબાઈલ થકી યુઆઈડીએઆઈની વેબસાઈટથી એક પાસવર્ડ-સુરક્ષિત ઈ-કાર્ડ ડાઉનલોડ કરી શકો છો. આ ઈ-કાર્ડમાં તમારું નામ, ફોટો અને ક્યૂઆર કોડ હોય છે, પરંતુ આધાર નંબર છુપાયેલો હોય છે. સંસ્થાઓ આ ક્યૂઆર કોડ સ્કેન કરીને તમારી ઓળખ ચકાસી શકે છે, પરંતુ તમારો આધાર નંબર જોઈ શકશે નહીં.

૩. એજન્સીઓ માટે મંજૂરીઃ જે કોઈ સંસ્થા આ ઓફલાઈન વેરિફિકેશન પદ્ધતિનો ઉપયોગ કરવા માંગે છે, તેને યુઆઈડીએઆઈ પાસેથી અગાઉથી મંજૂરી મેળવવી જરૂરી રહેશે. આથી ડેટાનો દુરુપયોગ થતો અટકાવી શકાશે અને સંસ્થાઓની જવાબદારી સ્પષ્ટ થશે.

નવી એપથી ચેકિંગ થશે વધુ સરળ

આ નવા નિયમોને વધુ અસરકારક બનાવવા માટે, યુઆઈડીએઆઈ ટૂંક સમયમાં એક નવી એપ લોન્ચ કરવા જઈ રહી છે. આ એપની ખાસ વિશેષતા એ હશે કે તે ઈન્ટરનેટ કનેક્શન વિના પણ કામ કરશે. એટલે કે, એરપોર્ટ, મોલ, વિવાહ સમારંભ જેવા સ્થળોએ, જ્યાં નેટવર્કની સમસ્યા હોય, ત્યાં પણ આધાર ચકાસણી સરળતાથી થઈ શકશે. આ એપ 'એપ-ટુ-એપ વેરિફિકેશન' માટે ડિઝાઈન કરવામાં આવી છે, જે વપરાશકર્તા અને સેવા પ્રદાતા બંને માટે સુરક્ષિત અને સરળ હશે. આ એપનું બીટા વર્ઝન હાલમાં ટેસ્ટિંગના તબક્કામાં છે.

નાગરિકોની શું છે જવાબદારી?

સરકારી પગલાંઓ સાથે, નાગરિકોની સાવચેતી પણ તેટલી જ મહત્વપૂર્ણ છે. આધાર કાર્ડની ફોટોકોપી કોઈને પણ આપતા પહેલા બે વાર વિચારવું. જ્યાં શક્ય હોય ત્યાં 'માસ્કડ આધાર' અથવા ઓફલાઈન ક્યૂઆર કોડનો ઉપયોગ કરવો. કોઈ પણ સંદેશો અથવા ફોન કોલ પર આધારની માહિતી શેર ન કરવી. આ નાની પણ સતર્કતાથી આપણી ઓળખ સુરક્ષિત રહી શકે છે.

સુરક્ષા અને સગવડનો સમતોલ

આધાર હવે ભારતના ડિજિટલ ભવિષ્યનો આધારસ્તંભ છે. નવા નિયમો અને ટેકનોલોજીનો ઉપયોગ કરીને, સરકાર એ જ સંદેશ આપે છે કે ડિજિટલ




સગવડ અને નાગરિકોની નિજીતાની સુરક્ષા બંને સાથે-સાથે ચાલી શકે છે. આ પ્રયાસો દ્વારા, આધાર માત્ર એક કાર્ડ ન રહીને, એક વિશ્વસનીય, સુરક્ષિત અને ભવિષ્યની ઓળખ-પ્રણાલી તરીકે ઉભરી રહ્યો છે. નાગરિક તરીકે, આ નવીનતાઓને સમજવું અને તેનો યોગ્ય ઉપયોગ કરવો, એ જ આપણી ડિજિટલ ઓળખને મજબૂત બનાવવાની ચાવી છે.

# ટી ૨૦ વર્લ્ડ કપ પહેલા ટીમ ઈન્ડિયા પર લાગ્યું 'સૂર્યા' ગ્રહણ! ૨૦૨૫માં કેપ્ટનના આંકડા જોઈને હોશ ઉડી જશે



કટક,
ટીમ ઈન્ડિયા હાલમાં બે મહિના પછી યોજાનારા ટી ૨૦ વર્લ્ડ કપની તૈયારીઓમાં વ્યસ્ત છે. સાઉથ આફ્રિકા સામે કટકમાં પ્રથમ મેચમાં ટીમ ઈન્ડિયાએ શાનદાર જીત હાસિલ કરી છે. સાઉથ આફ્રિકાના કેપ્ટન એડન માર્કરમે ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો. એવી અપેક્ષા હતી કે, કેપ્ટન સૂર્યકુમાર યાદવ કટકમાં રનનો વરસાદ કરશે, પરંતુ સૂર્યા માત્ર ૧૨ રન બનાવીને આઉટ થઈ ગયા. જુલાઈ ૨૦૨૪માં કેપ્ટન બન્યા પછી સૂર્યા ફક્ત બે અડધી સદી ફટકારી છે. તેની છેલ્લી ૧૯ ઈનિંગ્સમાં ફક્ત ૨૨૨ રન બનાવ્યા છે. આ આંકડા ભારતના ૨૦ કેપ્ટન સૂર્યકુમાર યાદવના છે. પોતાના જ મનપસંદ ફોર્મેટમાં સૂર્યા રન માટે તરસતા જોવા મળી રહ્યા છે. પરિસ્થિતિ એટલી ખરાબ છે કે છેલ્લી અડધી સદી ફટકારી હોવાને એક વર્ષથી વધુ સમય વીતી ગયો છે. સાઉથ આફ્રિકા સામે કટકમાં રમાયેલી પ્રથમ ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચમાં સૂર્યા પોતાની મનપસંદ બેટિંગ પોઝિશન એટલે કે નંબર ત્રણ પર બેટિંગ કરવા ઉતર્યા, પરંતુ તેમ છતાં ખરાબ ફોર્મે તેમનો પીછો ન છોડ્યો.

પ્રથમ ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચમાં ટોસ હાર્યા પછી ટીમ ઈન્ડિયા બેટિંગ કરવા ઉતરી. ટીમની શરૂઆત સારી ન રહી અને વાઈસ-કેપ્ટન શુભમન ગિલ પહેલી જ ઓવરમાં માત્ર ૪ રન બનાવી આઉટ થઈ ગયો. ત્યારબાદ ક્રીઝ પર ઉતર્યા કેપ્ટન સૂર્યકુમાર યાદવ. સૂર્યા પાસેથી દરેક વ્યક્તિ મોટી ઈનિંગ્સની આશા હતી.

જો કે, સૂર્યાએ ફરી એકવાર પોતાના ફેન્સને નિરાશ કર્યા. ૧૧ બોલની પોતાની ઈનિંગ્સમાં સૂર્યકુમાર માત્ર ૧૨ રન બનાવીને આઉટ થયા. એક ચોગ્ગો અને એક છગ્ગો તેમના બેટમાંથી આવ્યો. લુંગી એનગિડીના બોલને સ્કાય હવામાં મારી બેઠા અને માર્કરમે કેચ પકડવામાં કોઈ ભૂલ ન કરી.સૂર્યાએ છેલ્લી ૧૯ ટી ૨૦ ઈનિંગ્સમાં ૨૨૨ રન કર્યા છે ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ પછી કેપ્ટનશીપ સંભાળતા જ જાણે સૂર્યકુમાર યાદવ રન બનાવવાની કળા જ ભૂલી ગયા હોય. કેપ્ટનશીપ સંભાળ્યા પછી સૂર્યાના બેટમાંથી માત્ર બે અડધી સદી નીકળી છે. હવે સૌથી ચોંકાવનારી વાત એ છે કે, સૂર્યાએ છેલ્લી ફિફ્ટી ફટકારી હોવાને એક વર્ષથી વધુ સમય થઈ ગયો છે.

# હું હંમેશા પોતાના દેશને પોતાનાથી પહેલા રાખું છું,હું મારી બેટિંગથી સંતુષ્ટ છું. હાર્દિક પંડયા



કટક,
ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે કટકમાં પ્રથમ ટી ૨૦ મેચ રમાઈ હતી. હાર્દિક પંડ્યાની મેદાન પર વાપસી થઈ અને આવતાની સાથે જ તેણે કમાલ કરી દીધો. પંડ્યાએ માત્ર બેટથી જ ધમાલ ન મચાવી, પરંતુ બોલથી પણ પોતાનો જાદુ વિખેર્યો. આ જ કારણોસર તેમને 'પ્લેયર ઓફ ધ મેચ'નો ખિતાબ મળ્યો. હવે પંડ્યાએ પોતાની વાપસી પર મોટું નિવેદન આપ્યું છે.

મેચમાં ઈજા થવાના કારણે ઘણીવાર ખેલાડીઓને અંદરથી તોડી નાખે છે, પરંતુ જો કમબેક જોરદાર હોય, તો તે પીડાને ભૂલાવી શકાય છે. હાર્દિક પંડ્યાએ આનું સૌથી શાનદાર ઉદાહરણ પૂરું પાડ્યું. ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચેની પ્રથમ ટી ૨૦ મેચ દ્વારા હાર્દિકે મેદાન પર વાપસી કરી. એશિયા કપમાં ઈજાગ્રસ્ત થવાને કારણે તે બે મહિના સુધી બહાર રહ્યો. હાર્દિકે પોતાની કમબેક મેચમાં ધમાલ મચાવી અને ઓલરાઉન્ડ પ્રદર્શનના દમ પર 'પ્લેયર ઓફ ધ મેચ'નો ખિતાબ જીત્યો. વાપસી બાદ પંડ્યા ખૂબ જ ખુશ દેખાતા હતા, પરંતુ તેમની વાતોમાં લાગણી સ્પષ્ટપણે છલકાતી હતી.'પ્લેયર ઓફ ધ મેચ'નો ખિતાબ જીત્યા બાદ હાર્દિક પંડ્યાએ ઈન્ટરવ્યુ આપ્યો. આ દરમિયાન તેમણે પોતાના રિહેબ વિશે વાત કરી અને એ પણ કહ્યું કે તે હંમેશા પોતાના દેશને પોતાનાથી પહેલા રાખે છે. તેમણે કહ્યું, 'હું મારી બેટિંગથી સંતુષ્ટ છું. ફિટનેસની દૃષ્ટિએ છેલ્લા ૬-૭ મહિના કમાલના રહ્યા છે. મેં છેલ્લો કેટલોક સમય NCA (નેશનલ ક્રિકેટ એકેડમી) માં વિતાવ્યો.

# બીસીસીઆઈએ આઈપીએલ ૨૦૨૬ની હરાજી પહેલા ખેલાડીઓની યાદીમાં ૯ નવા નામ ઉમેર્યા



નવીદિલ્હી,
બીસીસીઆઇએ આઇપીએલ ૨૦૨૬ ની હરાજી માટે ખેલાડીઓની યાદીમાં નવ નવા ખેલાડીઓનો ઉમેરો કર્યો છે. અગાઉ જાહેર કરાયેલી યાદીમાં ૩૫૦ ખેલાડીઓનો સમાવેશ થતો હતો, જે હવે વધીને ૩૫૯ થઈ ગયો છે.આઈપીએલ ૨૦૨૬ ની હરાજી ૧૬ ડિસેમ્બરે યોજાશે.

નવા ઉમેરાયેલા ખેલાડીઓમાં ત્રિપુરાના ઓલરાઉન્ડર મણિશંકર મુરાસિંઘ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરના ભૂતપૂર્વ ખેલાડી સ્વસ્તિક ચિકારાનો સમાવેશ થાય છે. મલેશિયન ખેલાડી વિરાટદીપ સિંહનો પણ આ યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે. તે આ હરાજીમાં ભાગ લેનાર એસોસિયેટ દેશના એકમાત્ર ખેલાડી છે, જે આ હરાજીને વધુ ખાસ બનાવે છે. ખેલાડીઓની યાદીમાં ઉમેરાયેલા અન્ય છ ખેલાડીઓમાં હૈદરાબાદના ચામા મિલિંદ, કર્ણાટકના કે.એલ. શ્રીજીત, દક્ષિણ આફ્રિકાના એથન બોશ, અનુભવી ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડર ક્રિસ ગ્રીન, ઉત્તરાખંડના રાહુલ રાજ નામલા અને ઝારખંડના વિરાટ સિંહનો સમાવેશ થાય છે.બીસીસીઆઇ અનુસાર આઇપીએલ અનુસાર,આઈપીએલ ૨૦૨૬ ની હરાજી માટે કુલ ૧,૩૯૦ ખેલાડીઓએ નોંધણી કરાવી હતી, જેમાંથી ૩૫૯ ખેલાડીઓને શોર્ટલિસ્ટ કરવામાં આવ્યા છે. હરાજી દરમિયાન બધી ફ્રેન્ચાઇઝીઓ કુલ ૭૭ સ્લોટ માટે સ્પર્ધા કરશે, જેમાંથી ૩૧ વિદેશી ખેલાડીઓ માટે અનામત છે. હરાજીમાં ખેલાડીઓ માટે મહત્તમ અનામત કિંમત ?૨ કરોડ નક્કી કરવામાં આવી છે. આ શ્રેણીમાં કુલ ૪૦ ખેલાડીઓએ નોંધણી કરાવી છે, જેના કારણે મોટા નામો માટે ભારે બોલી લાગવાની અપેક્ષા છે. ફક્ત ૨ ભારતીય ખેલાડીઓની બેઝ પ્રાઈસ ૨ કરોડ રૂપિયા છે. આમાં વેંકટેશ ઐયર અને રવિ બિશ્નોઈનો સમાવેશ થાય છે.

નવા સામેલ ખેલાડીઓની બેઝ પ્રાઈસની વાત કરીએ તો, મોટાભાગના ખેલાડીઓએ ૩૦ લાખની બેઝ પ્રાઈસ પસંદ કરી છે. દરમિયાન, વિદેશી ખેલાડીઓ એથન બોશ અને ક્રિસ ગ્રીને ૭૫ લાખની બેઝ પ્રાઈસ નક્કી કરી છે.

આઈપીએલ ૨૦૨૬ ની હરાજીમાં નવા ખેલાડીઓનો સમાવેશ,મનીષંકર મુરાસિંઘ (મૂળભૂત કિંમતઃ ૩૦ લાખ રૂપિયા),સ્વસ્તિક ચિકારા (મૂળભૂત કિંમતઃ ૩૦ લાખ રૂપિયા),વિરાટદીપ સિંહ (મૂળભૂત કિંમતઃ ૩૦ લાખ રૂપિયા),ઈથન બોશ (મૂળભૂત કિંમતઃ ૩૦ લાખ રૂપિયા)

ક્રિસ ગ્રીન (મૂળભૂત કિંમતઃ ૩૦ લાખ રૂપિયા)

કે.એલ. શ્રીજીત (મૂળભૂત કિંમતઃ ૩૦ લાખ રૂપિયા)

વિરાટ સિંહ (મૂળભૂત કિંમતઃ ૩૦ લાખ રૂપિયા)

રાહુલ રાજ નામલા (મૂળભૂત કિંમતઃ ૩૦ લાખ રૂપિયા)

ચમા મિલિંદ (મૂળભૂત કિંમતઃ ૩૦ લાખ રૂપિયા)

# અર્શદીપ સિંહે ભુવનેશ્વર કુમારના રેકોર્ડની બરાબરી



કટક,
વનડે શ્રેણી ૨-૧ થી જીત્યા બાદ, ટીમ ઈન્ડિયાએ ટી ૨૦ શ્રેણીની ધમાકેદાર શરૂઆત કરી. કટકના બારાબતી સ્ટેડિયમ ખાતે રમાયેલી પ્રથમ ટી ૨૦ મેચમાં, ભારતીય ટીમે દક્ષિણ આફ્રિકાને ૧૦૧ રનથી હરાવ્યું. પ્રથમ બેટિંગ કરતા, ટીમ ઈન્ડિયાએ હાર્દિક પંડ્યાની ધમાકેદાર ઈનિંગને કારણે ૨૦ ઓવરમાં ૬ વિકેટે ૧૭૫ રનનો સ્કોર બનાવ્યો. હાર્દિક પંડ્યાએ ૨૮ બોલમાં અણનમ ૫૯ રન બનાવ્યા, જેમાં ૬ ચોગ્ગા અને ૪ છગ્ગા ફટકાર્યા. તિલક વર્માએ ૨૬ અને અક્ષર પટેલે ૨૧ રનનું યોગદાન આપ્યું.

ભારતના ૧૭૫ રનનો પીછો કરતા, દક્ષિણ આફ્રિકા ભારતીય બોલરો સામે ખૂબ જ અપૂરતું જણાયું. પરિણામે, દક્ષિણ આફ્રિકાની ટીમ માત્ર ૧૨.૩ ઓવરમાં ૭૪ રનમાં ઓલઆઉટ થઈ ગઈ. ભારતે પહેલી મેચ ૧૦૦ થી વધુ રનના માર્જિનથી જીતીને પાંચ મેચની ટી૨૦ શ્રેણીમાં ૧-૦ની લીડ મેળવી. બધા ભારતીય બોલરોએ શાનદાર બોલિંગ કરી. અર્શદીપ સિંહ, જસપ્રીત બુમરાહ, અક્ષર પટેલ અને વરુણ ચક્રવર્તીએ ૨-૨ વિકેટ લીધી. હાર્દિક પંડ્યા અને શિવમ દુબેએ ૧-૧ વિકેટ લીધી.

અર્શદીપ સિંહે ક્વિન્ટન ડી કોક અને ટ્રિસ્ટન સ્ટબ્સ જેવા ખતરનાક બેટ્સમેનોને માત્ર બે ઓવરમાં આઉટ કર્યા. બોલ સાથે આ એક નોંધપાત્ર સિદ્ધિ છે. અર્શદીપ હવે ટી ૨૦ ક્રિકેટમાં ૧-૬ ઓવરમાં સૌથી વધુ વિકેટ લેનારા ભારતીય બોલરોની યાદીમાં ટોચ પર પહોંચી ગયો છે. તેણે ભુવનેશ્વર કુમારના રેકોર્ડની બરાબરી કરી છે. બંને બોલરો પાસે હવે ટી ૨૦ ક્રિકેટમાં ૧-૬ ઓવરમાં ૪૭-૪૭ વિકેટ છે. અર્શદીપ પાસે હવે આગામી મેચમાં ભુવીને પાછળ છોડી દેવાની સારી તક છે.

ટી ૨૦ ક્રિકેટમાં ૧-૬ ઓવરમાં સૌથી વધુ વિકેટ લેનારા ભારતીય બોલરો

૪૭ - અર્શદીપ સિંહ
૪૭ - ભુવનેશ્વર કુમાર
૩૩ - જસપ્રીત બુમરાહ
૨૧ - અક્ષર પટેલ
૨૧ - વોશિંગ્ટન સુંદર

નોંધનીય છે કે, અર્શદીપ સિંહ ટી ૨૦ ક્રિકેટમાં ૧૦૦ વિકેટ લેનાર પ્રથમ ભારતીય બોલર છે. તેણે એશિયા કપ ૨૦૨૫ માં ઓમાન સામેની મેચમાં તેની ૧૦૦મી વિકેટ લીધી હતી. હવે બુમરાહ આ વિશિષ્ટ ક્લબમાં જોડાયો છે. તેણે ડેવાલ્ડ બ્રેવિસને આઉટ કરીને તેની ૧૦૦મી ટી ૨૦ વિકેટ લીધી.

# માઉન્ટન ડે પર એન્ડટીવીના કલાકારો ટેકરીઓમાં શાંતિ અને રોમાંચ શોધે છે!





મુંબઈ,
વિશ્વ પહાડીઓની શાંતિ અને મનોહરતાની ઉજવણી કરી રહી છે ત્યારે અભિનયથી લાખ્ખો લોકોમાં ખુશી લાવતા એન્ડટીવીના કલાકારો ઉત્તમ આઉટડોર માટે તેમના પ્રેમ, તેમના અત્યંત વહાલા ટેકરીઓ પરનાં સાહસો અને માઉન્ટન ગેટઅવે તેમના જીવનમાં લાવે છે તે રોમાંચ વિશે ખૂલીને વાત કરે છે.

આ કલાકારોમાં પારસ અરોરા (જીતુ, ઘરવાલીપેડવાલી), સંજય ચૌધરી (કમલેશ, હપ્પુ કી ઉલટન પલટન) અને વિદિશા શ્રીવાસ્તવ (અનિતા ભાભી, ભાભીજી ઘર પર હૈ) તેમને હવાફેર, પુનઃજોડાણ કરવા મદદરૂપ થતી અને શહેરી જીવનના ધમધમાટની પાર પ્રેરણા શોધવામાં કઈ રીતે મદદરૂપ થાય છે તે વિશે જણાવે છે.આગામી શો ઘરવાલીપેડવાલીમાં જીતુની ભૂમિકા ભજવતો પારસ અરોરા કહે છે, ''પહાડીઓનું મારા મનમાં વિશેષ સ્થાન છે. તે મને જીવંત, ગ્રાઉન્ડેડ અને તુરંત મુક્ત મહેસૂસ કરાવે છે. હું સંપૂર્ણ માઉન્ટન પર્સન છું! ટ્રેકિંગ,સ નવી ટ્રેઈલ્સની ખોજ કરવી અને વાઈન્ડિંગ રસ્તાઓ થકી રાઈડિંગ મને બેજોડ ખુશી આપે છે. ગયા વર્ષે મેં ઊટીની ખોજ કરી અને રિવર બાજુ કેમ્પિંગ, છૂપા પાણીના ધોધની ખોજ અને પેઈન્ટિંગમાંથી સીધું જ બહાર આવ્યું હોય તેવા સૂર્યાસ્ત જોવો મારા જીવનની સૌથી શાંતિપૂર્ણ છતાં રોમાંચક ટ્રિપમાંથી એક બની રહી. તાજેતરમાં મેં હિમાચલ પ્રદેશની મુલાકાત લીધી અને મારી બાઈક પણ જોડે લઈ ગયો હતો. સૂર્યોદય સમયે ધુમ્મસથી ઘેરાયેલા વળાંકો થકી સવારી, ચહેરા પરથી સ્પર્શી જતી ઠંડી હવા અને પાઈનની સુગંધ ખરેખર બેજોડ લાગણી મહેસૂસ થતી હતી. અમુક રસ્તાઓ તીક્ષ્ણ અને લપસણા હતા, જેને લઈ આ રાઈડ વધુ રોમાંચક બની હતી. જોકે ટોચ પર પહોંચ્યો, વાદળા સાથે ચાના ઘૂંટડા ખરેખર સુખદ લાગણી આપતા હતા. મારે માટે પહાડીઓ ફક્ત ડેસ્ટિનેશન નથી, પરંતુ થેરપી, સાહસ અને શાંતિ બધું જ એકમાનમાં હોય તેવું મહેસૂસ થતું હતું.''

હપ્પુ કી ઉલટન પલટનમાં કમલેશની ભૂમિકા ભજવતો સંજય ચૌધરી ઉમેરે છે, ''હું ટેકરીવાળા પ્રદેશથી મોહિત રહ્યો છું. નિસર્ગ વચ્ચે આ બહુ જ શાંતિપૂર્ણ છતાં સાહસિક હતું. કુફરીમાં તાજેતરમાં મેં મુલાકાત લીધી ત્યારે મારી લિસ્ટમાંથી ડ્રીમ ટિક- ઓફફ કરવા જેવું હતું. મેં સોશિયલ મિડિયા પર તેના ઘણા બધા વિડિયો જોયા છે અને બહુ જ સુખદ લાગણી થઈ. બરફાચ્છાદિત શિખરો, પાઈનની સુગંધવાળી હવા અને નાના રોડસાઈડ ટી સ્ટોલ ખરેખર નિર્ભેળ ખુશી આપતા હતા. મેં માઉન્ટન ટ્રેઈલ પર પહેલી વાર ઘોડેસવારી પણ કરી અને સૌપ્રથમ થોડી બીક લાગી પરંતુ પછી ટેવાઈ ગયો અને આજ સુધીની મારી તે યાદગાર ટ્રેઈલ રહી છે. મારે માટે પહાડીઓ એ વાતની યાદ અપાવે છે કે જીવનનું સૌંદર્ય સાદગીપૂર્ણ, પથદર્શક અ સરોમાં રહેલી છે.''

ભાભીજી ઘર પર હૈમાં અનિતા ભાભીની ભૂમિકા ભજવતી વિદિશા શ્રીવાસ્તવ કહે છે, ''ટેકરીઓ પર ટ્રેકિંગ હંમેશાં નિત્યક્રમથી દૂર ભાગવા માટે મારી મનગમતી પ્રવૃત્તિ રહી છે. અગાઉ હું ખાસ કરીને ચોમાસામાં વરસાદથી પલળેલી માટીની સુગંધ, હરિત ટ્રેઈલ્સ અને પાણીના ધોધ માણવા માટે છાશવારે ટ્રેક પર નીકળી જતી હતી, જે મને રોમાંચક અનુભવ કરાવતા હતા. મોન્સૂન ટ્રેકની મારી એક સૌથી સારી યાદગીરી વેસ્ટર્ન ઘાટની છે, જ્યાં હવામાન દરેક મિનિટે બદલાતું હોવાથી પડકારજનક અને ચમત્કારી પણ હતું! મને પહાડીઓનું અણધાર્યાપણું ગમે છે. તે તમને નમ્ર અને ઊર્જાશીલ રાખે છે. તમે લાંબા નેચર વોક પર નીકળો કે ટેકરીઓની બાજુમાં કેફે પરથી વાદળાંને ફરતા જુઓ, પહાડીઓ હંમેશાં મને આપણે કેટલા નાના છતાં દુનિયા સાથે કનેકટેડ છીએ તે યાદ અપાવે છે.''

જોતા રહો તમારા ફેવરીટ શો, દરેક સોમવારથી શુક્રવાર, હપ્પુ કી ઉલટન પલટન રાત્રે ૧૦, ભાભીજી ઘર પર હૈ રાત્રે ૧૦.૩૦ અને ટૂંક સમયમાં આવનાર ઘરવાલીપેડવાલી, ફક્ત એન્ડટીવી પર!

# હું ૨૦ વર્ષની ઉંમરે લોભી હતી... પ્રિયંકા ચોપરાએ તેની કારકિર્દીના શરૂઆતના દિવસો યાદ કર્યા



મુંબઇ,
ગ્લોબલ સ્ટાર પ્રિયંકા ચોપરાએ તાજેતરમાં એક કાર્યક્રમમાં તેની શરૂઆતની કારકિર્દી વિશે સ્પષ્ટપણે વાત કરી. તેણીએ ખુલાસો કર્યો કે જ્યારે તે નવી અભિનેત્રી હતી, ત્યારે તે ખૂબ જ મહત્વાકાંક્ષી હતી અને તેને મળેલી કોઈપણ નોકરી માટે હા કહેતી હતી.

અહેવાલ મુજબ, પ્રિયંકાએ અબુ ધાબીમાં બ્રિજ સમિટ દરમિયાન કહ્યું હતું કે, "મારી કારકિર્દીના શરૂઆતના તબક્કામાં હું બિલકુલ પસંદગીયુક્ત નહોતી. મને જે પણ કામ મળે તે મેં સ્વીકાર્યું કારણ કે કામ મેળવવું એ પોતે જ એક મોટી વાત છે. હું મારા ૨૦ ના દાયકામાં ખૂબ જ લોભી હતી. હું દરરોજ કામ કરવા માંગતી હતી."

પ્રિયંકાએ સમજાવ્યું કે તેણીએ તેની સફળતા માટે ઘણા બલિદાન આપ્યા. પ્રિયંકાએ કહ્યું, "મેં જન્મદિવસ, દિવાળી, નાતાલ ઉજવ્યા નહીં અને મારા પરિવાર સાથે સમય વિતાવ્યો નહીં. જ્યારે મારા પિતા હોસ્પિટલમાં હતા ત્યારે પણ હું તેમની સાથે રહી શકી નહીં. તે ઉંમરે, મારે ખૂબ મહેનત કરવી પડી જેથી હું આજે જે જીવન જીવી રહી છું તે જીવી શકું."

પ્રિયંકા આજે ખુશ છે કે તેણીએ તેની મહેનતનું ફળ મેળવ્યું છે. તેણીએ કહ્યું, "આજે મારી પાસે ફિલ્મો માટે ક્યારે હા પાડવી અને ક્યારે ના પાડવી તે પસંદ કરવાની લક્ઝરી છે. જો મેં તે સમયે આટલી મહેનત ન કરી હોત, તો આજે મને આ સ્વતંત્રતા ન મળી હોત. તેથી હું મારી જાતનો ખૂબ ખૂબ આભાર માનું છું."

હાલમાં, પ્રિયંકા દિગ્દર્શક રાજામૌલીની ફિલ્મ "વારાણસી" માં વ્યસ્ત છે. આ ફિલ્મમાં તે મહેશ બાબુ સાથે જોવા મળશે. તેની હોલીવુડ ફિલ્મ "હેડ્સ ઓફ સ્ટેટ" તાજેતરમાં રિલીઝ થઈ હતી. તેની હોલીવુડ ફિલ્મ "ધ બ્લફ" ૨૦૨૬ માં રિલીઝ થશે.

# આરાધ્યાના નામે જે એકાઉન્ટ છે તે તેનું નથી. ઐશ્વર્યાએ લોકોને આવા નકલી એકાઉન્ટ્સથી સાવધ રહેવા અપીલ કરી



મુંબઇ,
છેલ્લા કેટલાક સમયથી, આરાધ્યા બચ્ચનની સોશિયલ મીડિયા હાજરી વિશે ચર્ચા ચાલી રહી છે. આરાધ્યા બચ્ચનના નામે એક સોશિયલ મીડિયા એકાઉન્ટ ખુલ્યું છે, જેના કારણે તે સોશિયલ મીડિયા પર હોવાના દાવા થઈ રહ્યા છે. હવે, આરાધ્યાની માતા અને અભિનેત્રી ઐશ્વર્યા રાય બચ્ચને આ મામલે પ્રતિક્રિયા આપી છે. ઐશ્વર્યાએ પોતે સ્પષ્ટતા કરી છે કે શું આરાધ્યા બચ્ચન સોશિયલ મીડિયા પર છે.રેડ સી ફિલ્મ ફેસ્ટિવલમાં હાજર અભિનેત્રીએ આરાધ્યા બચ્ચનની સોશિયલ મીડિયા હાજરી અંગે ચાલી રહેલી ચર્ચાઓનો જવાબ આપ્યો. આરાધ્યાના નકલી સોશિયલ મીડિયા એકાઉન્ટ અંગે, ઐશ્વર્યાએ કહ્યું, "કેટલીકવાર લોકો ધારે છે કે જે વસ્તુઓ બહાર છે તે તેની છે, પરંતુ તે સાચું નથી. હું માનું છું કે કોઈ શુભેચ્છકે તેને બનાવ્યું છે. દેખીતી રીતે, તે આરાધ્યા, મારા પરિવાર, મારા પતિ અને મારા માટે પ્રેમથી છે. તમારા પ્રેમ બદલ આભાર, પરંતુ તે આરાધ્યા નથી. આરાધ્યા હાલમાં સોશિયલ મીડિયા પર નથી." આરાધ્યાના નામે જે એકાઉન્ટ છે તે તેનું નથી. ઐશ્વર્યાએ લોકોને આવા નકલી એકાઉન્ટ્સથી સાવધ રહેવા પણ વિનંતી કરી.

સોશિયલ મીડિયા સાથેના તેના સંબંધો અંગે, ઐશ્વર્યાએ કહ્યું, "હું સોશિયલ મીડિયાનો વધુ ઉપયોગ કરતી નથી. હું તેનો ઉપયોગ ફક્ત કામ માટે કરું છું." અભિનેત્રીએ કહ્યું કે સોશિયલ મીડિયાની સુંદરતા એ છે કે તે આજે જીવનનો એક ભાગ બની ગયું છે. તેનો ઉપયોગ એક પ્લેટફોર્મ તરીકે થાય છે જ્યાં તમે કનેક્ટ થઈ શકો છો, તમારા કામને શેર કરી શકો છો અને કંપનીઓ તમારી સાથે વાત કરવા માંગે છે. અલબત્ત, તેમાં ઘણી સારી બાબતો છે. દરેક વ્યક્તિ પોતાના ફોન પર છે અને તેમાં ડૂબી ગઈ છે.

# પાલીતાણામાં આવતીકાલે બે ફીડરમાં પાંચ કલાક વીજકાપ

પાલીતાણા,તા.૧૧

પાલીતાણામાં PGVCL દ્વારા મેન્ટેનન્સ કામગીરી હાથ ધરવામાં આવનાર હોવાથી આવતીકાલે તા.૧૨ ડિસેમ્બરના રોજ બે ફીડરમાં પાંચ કલાક વીજ પુરવઠો બંધ રહેશે. આ અંગે PGVCL દ્વારા યાદી જાહેર કરવામાં આવી છે. જાહેર કરાયેલી યાદી મુજબ, ૧૨ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ જેમાં સવારે ૭ વાગ્યાથી બપોરના ૧૨ વાગ્યા સુધી વીજ પુરવઠો ખોરવાશે. આ કામગીરી PGVCLના મેન્ટેનન્સ માટે જરૂરી હોવાનું જણાવાયું છે.

પ્રથમ ફીડર હેઠળ વૃંદાવન સોસાયટી, હીરા બજાર પોપડા વિસ્તાર, ભાવનગર રોડ, ગુરુકુળ રેલવે સ્ટેશન અને હીરો હોન્ડાના શોરૂમ સુધીના વિસ્તારોમાં વીજળી બંધ રહેશે.બીજા ફીડરમાં ભૈરવપરા, એસટી રોડ, સરદાર નગર, ગણેશ નગર, જીઆઈડીસી વડીયા રોડ, સુમેરુ હોટેલ, સરદાર શોપિંગ સેન્ટર, ડોક્ટર હાઉસ, ભાવનગર રોડ, સતુઆ બાબા સંકુલ અને પંચશીલ સોસાયટી સહિતના વિસ્તારો પ્રભાવિત થશે.મેન્ટેનન્સ કામગીરી વહેલી પૂરી થઈ જશે, તો કોઈપણ પૂર્વ જાણકારી વિના વીજ પુરવઠો પુનઃ ચાલુ કરી દેવામાં આવશે તેમ PGVCL દ્વારા જણાવાયું છે.

# ફાયનાન્સ ફોર એક્સપોર્ટ એન્ડ MSME અંતર્ગત યોજાયેલો માર્ગદર્શન સેમીનાર

## સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ભાવનગર તથા AMAના સંયુક્ત ઉપક્રમે થયેલું આયોજન

ભાવનગર,તા.૧૧

સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે ફાયનાન્સ ફોર એક્સપોર્ટ એન્ડ એમ.એસ.એમ.ઈ. અંતર્ગત માર્ગદર્શન સેમીનારનું આયોજન કરવામાં આવેલ જેના પ્રારંભે એએમએના સીનીયર મેનેજર દેવાંગભાઈ દેસાઈએ સ્વાગત પ્રવચનની સાથે સંસ્થા વિષે વિસ્તૃત પરિચય આપેલ.જયારે સૌરાષ્ટ્ર ચેમ્બરના ઉપ પ્રમુખ તેજસભાઈ શેઠએ જણાવેલ કે રાષ્ટ્રની આર્થિક ઉન્નતી માટે હુંડીયામણનું ખુબજ મહત્વનું યોગદાન હોય છે અને આ કિંમતી હુંડીયામણ મેળવવા માટે વધારેમાં વધારે એક્સપોર્ટ કરવું જરૂરી હોય છે. સામાન્ય રીતે વેપાર, ઉદ્યોગ કે એક્સપોર્ટ સહિતના દરેક સેક્ટરમાં ફાયનાન્સનો પ્રશ્ન મુંજવતો હોય છે.



નિષ્ણાંત વક્તાગૌરાંગભાઈ વસાવડાએ જણાવેલ કે ખાતું ખોલાવવાથી બેંક સાથે સબંધની શરૂઆત થાય છે. અને પછી દરેક એક્સપોર્ટ, શિપમેન્ટ અથવા પેમેન્ટમાં બેન્કની જરૂર પડે છે. શિપમેન્ટ કર્યા પછી બીલ સબમિટ કરવાનું હોય અને તેનું પેમેન્ટ આવે ત્યાં સુધી રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયાની ગાઈડલાઈન્સ મુજબ એ રકમ બાકી ઉભી રહે. વિદેશી વેપારમાં કરન્સી એક્સચેન્જ પણ બેંક પાસેથી કરવવાનું હોય છે. રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાનાં સોફટવેર ઈ.ડી.પી.એમ.એસ. દ્વારા એક્સપોર્ટનું શિપમેન્ટ અને પેમેન્ટ ટ્રેક કરાય છે. એટલે જ્યાં સુધી આ એન્ટ્રીઓ મેચ ન થાય અથવા અન્ય નિયમોની અંતર્ગત બંધ ના થાય ત્યાં સુધી બેંક આનું ફોલોઅપ કરે છે. કોઈપણ વ્યાપારમાં મૂડીની જરૂર પડે તો બેંકો પાસેથી એક્સપોર્ટ ફાયનાન્સ મેળવી શકાય.

ત્યારબાદ પ્રશ્નોતરી શેશનમાં એક્ષ્પોર્ટરોએ તેમના પ્રશ્નો રજુ કરેલ જેને ઉપસ્થિત વક્તાશ્રીઓ દ્વારા માહિતી અને માર્ગદર્શન આપવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સુપેરે સંચાલન સી.ઈ.ડી.ના એક્ઝીક્યુટીવ જય ત્રિવેદીએ કરેલ. આ સેમીનારમાં વિશાળ સંખ્યામાં એક્સપોર્ટરો અને ઉદ્યોગ સાહસિકોએ ભાગ લીધેલ.

# જન્મદિન શુભેચ્છા

## ભાવનગર નાગરિક બેન્કના આસી. જનરલ મેનેજર ભાવેશ ગાંધીનો આજે જન્મદિવસ



ભાવનગર નાગરિક સહકારી બેન્કના આસી. જનરલ મેનેજર અને ભાજપના અગ્રણી નેતા ભાવેશભાઈ ગાંધીનો આજે જન્મદિવસ છે, ભાવનગર નાગરિક સહકારી બેન્કના કપરા દિવસોમાં પણ જેણે સંસ્થા માટે લોહી રેડયું એમ કહી શકાય તેવા ભાવેશ ગાંધીએ બેન્કમાં કર્મચારીથી લઈ રીકવરી ઓફિસર, મેનેજર સુધીની જવાબદારીઓ નિભાવ્યા બાદ હવે બેન્કના આસી. જનરલ મેનેજરની જવાબદારીમાં છે. રકતદાન ક્ષેત્રે પણ ભાવશ ગાધીએ અનેક રેકોર્ડ પોતાના નામે અંકિત કર્યા છે. બેન્ક એમ્પ્લોઈઝ કન્ઝયુમર્સ એન્ડ ક્રેડીટ કો. ઓપ. સોસા.માં પણ તેઓ સેવા આપી રહયા છે. ભાવેશભાઈ ગાંધી આજે તેનો જન્મદિવસ પિતાજી શશીકાંતભાઈ, માતુશ્રી મીનાબેન, ધર્મપત્ની ભાવનાબેન, મોટાભાઈ દિનેશભાઈ, ભાભી રીમાબેન, દિકરી ડો. ભાવી, પુત્ર પ્રણય, ભાઈ ઉમેશભાઈ, ભદ્રેશભાઈ, બહેન દિપ્તીબેન, બનેવી વિજયભાઈ મહેતા સહિતના પરિવારજનોના અપાર હેત, પ્રેમ અને અસ્ખલિત લાગણીઓ વચ્ચે ભાવેશભાઈ આજે તેનો જન્મદિવસ બેન્કના તમામ કર્મચારીઓ, સભાસદો અને શહેર ભાજપના સંગઠનના તમામ પદાધિકારીઓ સાથે સેવાકિય કાર્યો સાથે ઉજવશે. સફળ કારર્કિદી ૫૬ વર્ષ પુરા કરી ૫૭માં વર્ષમાં પ્રવેશી રહેલા ભાવેશભાઈને જન્મ દિવસની શુભેચ્છા પાઠવવા ડાયલ કરો મોં.નં.૯૨૨૮૧૮૦૦૦૦.

# પાલીતાણા યાર્ડમાં ટેકાના ભાવે મગફળીની ખરીદી



સરકાર દ્વારા ટેકાના ભાવે મગફળીની ખરીદી શરૂ કરાતા પાલીતાણા માર્કેટિંગ યાર્ડ મગફળીથી છલકાઈ ગયું છે. મોટી સંખ્યામાં ખેડૂતો પોતાનો પાક લઈને યાર્ડ ખાતે પહોંચી રહ્યા છે.યાર્ડમાં મગફળીના વેચાણ માટે કુલ ૩૨૦૦ ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. ખરીદ વેચાણ સંઘ દ્વારા ખેડૂતોની મગફળી ટેકાના ભાવે ખરીદવાનું કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું હતું. જેમાં અત્યાર સુધીમાં ૧૧૦૦ ખેડૂતો ટેકાના ભાવે પોતાની મગફળીનું વેચાણ કરી ચૂક્યા છે. પાલીતાણા માર્કેટિંગ યાર્ડ દ્વારા અત્યાર સુધીમાં કુલ ૬૧,૦૦૦ ગુણી મગફળીની ખરીદી કરવામાં આવી છે.

# ભાવનગરનો યુવાન અયોધ્યાની ૪૦ દિવસની સાયકલ યાત્રાએ રવાના






તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૧૧

ભાવનગરના કુંભારવાડા વિસ્તારમાં રહેતો યુવાન વધુ એક વખત ભાવનગરથી અયોધ્યા સુધીની સાયકલ યાત્રાએ નિકળ્યા છે. તેઓ ૪૦ દિવસમા સાયકલ યાત્રા પુર્ણ કરશે. તેઓને સ્થાનિક આગેવાનોએ ફુલહાર પહેરાવી શુભેચ્છા આપી ભાવનગર ખાતેથી પ્રસ્થાન કરાવ્યું હતું. ભાવનગર શહેરના કુંભારવાડા, માઢિયા રોડ પર રહેતા ભરતભાઈ બચુભાઈ રાઠોડ સાયકલિંગના શોખીન છે. અને તેઓ રાષ્ટ્રીય સ્તરે યાત્રાઓ કરી રહ્યા છે. તેમણે અગાઉ ત્રણ વખત ભાવનગરથી દિલ્હી સુધી સાયકલ રેલીમાં ભાગ લીધો છે. ત્રણ વખત સોમનાથ-દ્વારકા સુધી પણ સાયકલ યાત્રા કરી છે. ગયા વર્ષે તેમણે ભાવનગરથી હરિદ્વાર જઈને પરત ભાવનગર સુધીની સાયકલ યાત્રા પૂર્ણ કરી હતી. આ વખતે ભરતભાઈ રાઠોડે ભાવનગરથી અયોધ્યા અને ત્યાંથી ઉજજૈનના મહાકાલ સુધી જઈને પરત ભાવનગર આવવાની યાત્રા શરૂ કરી છે. તેઓ આ યાત્રાને ૪૦ દિવસમાં પૂર્ણ કરશે. જેમને સ્થાનિક આગેવાનોએ ફુલહાર પહેરાવી અને શુભેચ્છા આપી પ્રસ્થાન કરાવ્યું હતુ.

# ક.પરામાંથી વિદેશી દારૂની ૩૦ બોટલ સાથે મહિલા ઝડપાઈ

ભાવનગર,તા.૧૧

લોકલ ક્રાઈમ બ્રાન્ચે રાણીકા ગેટ કરચલિયા પરા ખાતે રહેતી નિમિષબેન હિંમતભાઈ રાઠોડના રહેણાંકના મકાનમાં દરોડો પાડી તલાશી લેતા વિદેશી દરની ૩૦ બોટલ રૂ.૯૭૫૦ની મળી આવતા મહિલાને ઝડપી લઈ પૂછપરછ હાથ ધરતા રાહુલ ઉર્ફે ઈડી રાજેશભાઈ ચુડાસમા પાસેથી લાવ્યા હોવાની કબૂલાત કરતા પોલીસે બન્ને વિરૂધ્ધ ઘોઘારોડ પોલીસ મથકમાં ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# રોટરી કલબ દ્વારા કાલે નાઝિર સાવંતનું વક્તવ્ય યોજાશે

ભાવનગર,તા.૧૧



રોટરી કલબ ઓફ ભાવનગરના ઉપક્રમે આવતીકાલે તા ૧૨ને શુક્રવારે રાત્રે ૯ વાગે રોટરી હોલ ઘોઘાસર્કલમાં એડવોકેટ, પત્રકાર નાઝિર સાવંતનું વક્તવ્ય યોજાયું છે. 'રૂપેરી ડગર, આપણું નગર' વિષય સાથે તેઓ ફિલ્મ જગત સાથેના ભાવનગરના અનુસંધાનની રસપ્રદ માહિતીઓ પ્રસ્તુત કરશે.

# વલભીપુરને વારંવાર લાઈટ કાપ આપી બાનમા લેતુ PGVCL તંત્ર

વલભીપુર,તા.૧૦

વલભીપુરમા ગઈકાલે મંગળવારે સવારે - સાત વાગ્યાથી સાંજના સાત વાગ્યા સુધી લાઈટ કાપ મૂકવામાં આવ્યો હતો. તેમ તેમ છતાં આંઠ વાગ્યા સુધી લાઈટના ઠેકાણા ન હતા ત્યારે પી. જી. વી. સી. એલ.ના અધિકારીઓએ વલભીપુર શહેરીજનોને બાનમાં લીધા હતા. આખો દિવસ વીજકાપ જીકીને લોકોને હેરાન પદેશાન કરી નાખ્યા હતા. તેમજ જાગૃતિ નાગરિકોએ જ્યારે અધિકારીને લાઈટ ભાબતે પૂછતાં યોગ્ય જવાબો પણ આપતાં ન હતા. વલભીપુરના રાજનેતાઓની નબળી નેતાગીરી પણ આવી સ્થિતિ જોઈને નબળાઈ જોવા મળી હતી.


અનુ.પાના ૮નું શરૂ...

## શાતીર શૈલેષે કહ્યું ; હું નિર્દોષ છું, પોલીસે ટોર્ચર

ડર છે કે પોલીસ મારું એન્કાઉન્ટર કરી નાખશે.' તેણે હતાશામાં આવીને પોતે મરી જવાની વાત પણ કોર્ટ સમક્ષ ઉચ્ચારી હતી.આરોપી દ્વારા નાર્કો ટેસ્ટ માટે સંમતિ ન આપવામાં આવતા અને એન્કાઉન્ટરના ડરની રજૂઆતો બાદ અંતે કોર્ટે નાર્કો ટેસ્ટ કર્યા વિના જ જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપવાનો હુકમ કરાતા તેને જેલ હવાલે કરવામાં આવ્યો છે. આ ઘટનાએ ભાવનગર સહિત સમગ્ર રાજ્યમાં ચકચાર જગાવી છે, અને હવે પોલીસ તપાસ કઈ દિશામાં આગળ વધે છે તેના પર સૌની નજર છે. આરોપી શાતીર દિમાગી છે ત્યારે પોલીસ માટે ગુન્હો સાબિત કરી તેને સજા અપાવવી મોટો પડકાર બની રહેશે તેમ જાણકારોનું માનવું છે.!

# આજે આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ

વર્ષ ૨૦૦૩થી સંયુક્ત રાષ્ટ્ર દ્વારા દર વર્ષે ૧૧ ડીસેમ્બરનાં દિવસને આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ તરીકે ઉજવવામાં આવે છે. પર્યાવરણની દ્રષ્ટીએ જોઈએ તો તમામ પ્રકારનાં પર્વતો મહત્વનાં છે પછી ભલે તે બરફ આચ્છાદિત હોય કે સંપૂર્ણ લીલોતરીથી મહેકતા હોય. દરેકે દરેક પ્રકારનાં પર્વતોમાં વિવિધ પ્રકારનાં જીવસૃષ્ટિ વસે છે. પશુ, પક્ષી, પ્રાણીઓથી લઈને વિવિધ વનસ્પતિ અને માનવી પણ ઘણા ચોક્કસ પહાડી પ્રદેશોમાં રહે છે. વળી ઘણા લોકો ત્યાં રહેતા નથી તો એ જગ્યાનો, માહોલનો આનંદ માણવા માટે પણ પહાડો પર થોડા દિવસો માટે રહેવા જાય છે. પર્વતો પર રહેલી કુદરતી હવા, પ્રદુષણ રહિત માહોલ સૌને આનંદ આપે છે.




જેવી રીતે ટ્રાવેલ ટુરીઝમ વધ્યું છે તેમ તેમ લોકો અન્ય વિસ્તારોમાં ફરવા કરતાં પર્વતો પર જઈને પોતાના રજાના દિવસો વિતાવવાનું વધારે પસંદ કરે છે પછી ભલે તે કોઈ યાત્રાધામ હોય, હિમાચલ પ્રદેશ હોય, બરફીલા પ્રદેશો હોય કે દક્ષિણમાં આવેલા લીલોતરીથી સજ્જ પર્વતો હોય બધે જ રજાના દિવસોમાં કે વેકેશનમાં ભીડ જોવા મળે છે. વળી કોરોનાકાળમાં તો જયારે અમુક વિસ્તારોમાં ખુબ જ તકલીફનાં કારણે સંપૂર્ણ કાર્યભાર બંધ રાખવામાં આવ્યો હતો ત્યારે કેટલાંક લોકો કામનો ભારો ઉતરતા જ પરિવાર સાથે મજા કરવા કે કોરોનાથી બચવા માટે પહાડો પર પહોચી ગયા હતા. જો કે ત્યાંથી પણ ઘણાને કોરોના ડીટેકટ થયો અને પછી જ લોકોને આ વિષયની ગંભીરતા સમજાવા લાગી પરંતુ અહિ મુખ્ય બાબત એ છે કે કુદરતી રીતે નિર્માણ થયેલા એવા પર્વતો પર જરૂર કરતા વધુ માનવ વસાહત થતા, હવા, પાણી, જમીનનું પ્રદુષણ વધ્યું છે. ઉપરાંત નોઈસ અને લાઈટ પોલ્યુશન પણ વધારાના ઉમેરાયા છે. આવામાં પર્વતો પર રહેતી વન્ય જીવસૃષ્ટિનું શું ? શું માનવ બધે જ પોતાનું અસ્તિત્વ જમાવશે તો પ્રાણીઓનું શું ? હા એ વાત સાચી કે પર્વતો પર જીવન ગુજારતા કેટલાક લોકો માટે આવકનું સાધન બનવા તેમજ ઈકોનોમી મેઈન્ટેનઈન રાખવા માટે ટ્રાવેલ ટુરીઝમ જરૂરી છે પરંતુ તેને લગતા અમુક ચોક્કસ કડક નિયમો તો હોવા જ જોઈએ. જેથી કુદરતી સંસાધનોનું રક્ષણ થઈ શકે.

આવતીકાલે એટલે કે ૧૧ ડિસેમ્બરના રોજ આંતરરાષ્ટ્રીય પર્વત દિવસની ઉજવાની વર્ષ ૨૦૦૩ થી સંયુક્ત રાષ્ટ્ર દ્વારા શરૂ આત કરવામાં આવી છે જેનો મુખ ઉદ્દેશ પર્વતોના મહત્વ તરફ વધતા ધ્યાનથી યુ.એન.એ પર્વતોનું યુ.એન. આંતરરાષ્ટ્રીય વર્ષ ૨૦૦૨ જાહેર કર્યું હતું ત્યાર પછીના વર્ષેઆટલે ક વર્ષ ૨૦૦૩માં પ્રથમ વખત આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ ઉજવવામાં આવ્યો.

પર્વતોમાં વિશ્વની ૧૫% વસ્તી છે અને વિશ્વની લગભગ જૈવવિવિધતા હોટસ્પોટ્સનો અડધો ભાગ છે. તેઓ અડધા માનવતાને રોજિંદા જીવન માટે મીઠા પાણી આપે છે. તેમનું સંરક્ષણ ટકાઉ વિકાસ માટેના મુખ્ય પરિબળ છે

દુર્ભાગ્યવશ, પર્વતો હવામાન પરિવર્તન અને વધુ પડતાં શોષણના જોખમમાં છે. જેમ જેમ વૈશ્વિક વાતાવરણ ગરમ રહે છે તેમ, પર્વત લોકો – વિશ્વના કેટલાક ગરીબ – અસ્તિત્વ ટકાવવા માટેના મોટા સંઘર્ષોનો સામનો કરે છે. વધતા તાપમાનનો અર્થ એ પણ છે કે પર્વત ગ્લેશિયર્સ અભૂતપૂર્વ દરે ઓગળી રહ્યા છે, લાખો લોકો માટે તાજા પાણીના પુરવઠાને અસર કરે છે.

આ સમસ્યા આપણા બધાને અસર કરે છે. આપણે આપણા કાર્બન પદચિહ્નને ઘટાડવું જોઈએ અને આ કુદરતી ખજાનાની સંભાળ રાખવી જોઈએ.

**-મિત્તલ ખેતાણી**

# ઓપન ભાવનગર લેધર બોલ ક્રિકેટ ટુર્નામેન્ટ રોટરી પ્રીમિયર લીગ ૨૦૨૫નું થયેલું સમાપન



ભાવનગર,તા ૧૦

રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલ દ્વારા ભાવનગર જિલ્લામાં સૌપ્રથમવાર ઓપન ભાવનગર લેધર બોલ ક્રિકેટ ટુર્નામેન્ટ રોટરી પ્રીમિયરલીગ ૨૦૨૫ (ઈઁન્ ૨૦૨૫) જીઈછજૈંદ્ઘ ૧નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ લેધર બોલ ક્રિકેટ ટુર્નામેન્ટ મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીના ક્રિકેટ ગ્રાઉન્ડ ઉપર કરવામાં આવ્યું હતું. જેમાં ભાવનગર જિલ્લાના સારામાં સારા ક્રિકેટરોની ટીમોએ ભાગ લીધો હતો અને ત્રણ દિવસ આ રોમાંચક મુકાબલો ચાલ્યો હતો. ફાઇનલમાં કેપીસીએ ( જેમાં ભાવનગરના નામાંકિત ડોક્ટરો હતા) અને ટોપએજની ટીમો ટકરાઈ હતી જેમાં ટોપએજ વિજય થઈ રોટરી પ્રીમિયર લીગ ૨૦૨૫ની વિજેતા જાહેર થઈ હતી રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલ દ્વારા ભાવનગરના ઉભરતા ક્રિકેટરોને આંતરરાષ્ટ્રીય ફલક ઉપર યોગ્ય સ્થાન મળે અને મેચ રમવાની પ્રેક્ટિસ મળે એના હેતુથી આ સ્પર્ધાનું આયોજન ઈન્ટરનેશનલ નિયમો દ્વારા કરવામાં આવ્યું હતું.

**પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન**

નં. WR-BVP0COMM(LSG)8/2022-O/o ACM/BVP/WR

**ટ્રેનો ના VPUs ના લિઝીંગ કોન્ટ્રાક્ટ માટે ટેન્ડર**

ટ્રેન નં. ૧૨૯૦૫-૦૬ પોરબંદર-શાલીમાર-પોરબંદર એક્સપ્રેસ (દ્વિ-અઠવાડિક) ના VPUs ના ૦૨ વર્ષના સમયગાળા માટે રાઉન્ડ ટ્રીપ ધોરણ પર લિઝીંગ કોન્ટ્રાક્ટ્સના ટેન્ડર માટે IREPS મારફતે ટેન્ડર નોટીસ આમંત્રિત કરવામાં આવે છે.

| કેટલોટ નં. | કોન્ટ્રાક્ટનો પ્રકાર | કેટેગરી |
|---|---|---|
| લિઝીંગ-૨૦૨૫-૨૦ | ટ્રેન નં. ૧૨૯૦૫-૦૬ પોરબંદર-શાલીમાર-પોરબંદર એક્સપ્રેસ (દ્વિ-અઠવાડિક) ના VPUs ના ૦૨ વર્ષના સમયગાળા માટે રાઉન્ડ ટ્રીપ ધોરણ પર લિઝીંગ કોન્ટ્રાક્ટ્સ. | લિઝીંગ |

બિડર / ટેન્ડરરે IREPS/ઈ-હરાજી સાઈટની મુલાકાત લેવાની રહેશે અથવા વધુ માહિતી માટે ડિવિઝનલ ઓફિસ ભાવનગર અથવા (કોમર્શિયલ ઈન્સ્પેક્ટર (NFR), **ભાવનગર ડિવિઝન- +૯૧ ૭૨૨૭૯ ૮૯૪૮૬) ની ટેલીફોનિક મુલાકાત લેવાની રહેશે. હરાજી શરૂ થવાની તારીખ અને સમયઃ** ફક્ત ઓનલાઈન વેબસાઈટ www.ireps.gov.in/ મારફતે તા.૨૩-૧૨-૨૦૨૫ ના ૧૧:૦૦ કલાકે **હરાજી બંધ થવાની તારીખ અને સમયઃ** ફક્ત ઓનલાઈન વેબસાઈટ www.ireps.gov.in/ મારફતે તા.૨૩-૧૨-૨૦૨૫ ના ૧૧:૩૦ કલાકે.

BVP-219

Like us on : facebook.com/WesternRly • Follow us on : x.com/WesternRly

**પશ્ચિમ રેલવે - ભાવનગર ડિવિઝન**

નં. DRM/EL/BVP/2025-26/22 તારીખઃ 08-12-2025

**બેસવાની વ્યવસ્થાઓ સહિત કવર શેડની જોગવાઈ અને વિવિધ સેક્શનો માટે સંબંધિત ઈલેક્ટ્રિકલ કામ**

| અનું. નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | ટેન્ડર મૂલ્ય (રૂા.) | ઈએમડી (રૂા.) |
|---|---|---|---|---|
| ૦૧ | બીવીપી-ઈએલ-પી-૦૨-૨૦૨૫-૨૬-આર૧ | ભાવનગર ડિવિઝન : ગાંધીગ્રામ ખાતે એક કવર શેડ તથા વસ્ત્રાપુર રેલવે સ્ટેશન ખાતે બેસવાની વ્યવસ્થાઓ સહિત ૧૬×૭ મી. ના બે કવર શેડની જોગવાઈ કરવાનું કામ. | ૩,૫૭,૧૨૫ | ૭,૨૦૦ |
| ૦૨ | બીવીપી-ઈએલ-પી-૩૧-૨૦૨૫-૨૬-આર૧ | ભાવનગર ડિવિઝન : ૨૪ મહિનાઓ માટે ભાવનગર ડિવિઝનના બોટાદ-ગાંધીગ્રામ, ભાવનગર ટર્મિનસ-ધોળા, સિહોર-પાલીતાણા, રાજુલા-મહુવા અને ઢસા-ખીજડીયા સેક્શનને લગતુ સહાયક ઈલેક્ટ્રિકલ કામ. | ૭૧,૯૩,૩૧૦ | ૧,૪૩,૯૦૦ |

**ઉપરોક્ત બંને ટેન્ડરો માટે :- બિડીંગ શરૂ થવાની તારીખ :** ૧૭-૧૨-૨૦૨૫ **બિડીંગ બંધ થવાની તારીખ :** ૩૧-૧૨-૨૦૨૫ **વેબસાઈટ વિગતો :** https://www.ireps.gov.in

BVP-218

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

**જાહેર નોટીસ**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**શ્રી અરવિંદભાઈ વિભાભાઈ આલગોતર,** **અરજી નં.૧૭૦/૨૦૨૫**
**રહે.અક્ષરપાર્ક, સંતોષીનગર, કુંભારવાડા,** **જ.તા.૨૩/૦૯/૨૦૧૬**
**ભાવનગર. મો-૯૯૦૯૮૪૯૦૫૮, ૯૭૨૭૯૯૫૪૯૨**

**વિરૂદ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી,**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર.**

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી અરવિંદભાઈ વિભાભાઈ આલગોતર, રહે.અક્ષરપાર્ક, સંતોષીનગર, કુંભારવાડા, ભાવનગર, મો-૯૯૦૯૮૪૯૦૫૮, ૯૭૨૭૯૯૫૪૯૨ તેમના પુત્રી ક્રિષ્નાબેન અરવિંદભાઈ આલગોતરનો જન્મ તા.૨૩/૦૯/૨૦૧૬ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઇસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઇપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલ મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમિયાન રજૂ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ તા.૨૯/૦૯/૨૦૨૫ના રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.**

**કોર્ટનો સિક્કો**

**હુકમથી**
**(કે.બી. ચાંદલીયા)**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર ભાવનગર**

# ઓસ્ટ્રેલિયાએ ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ મૂક્યો

## ઓસ્ટ્રેલિયન સરકાર નું ઐતિહાસિક પગલું ભરી વૈશ્વિક મિસાલ સ્થાપિત કરી

સિડની,
ઓસ્ટ્રેલિયાએ ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, ટિકટોક, સ્નેપચેટ, એક્સ (અગાઉ ટ્વિટર), યુટ્યુબ, રેડિટ અને કિક સહિતના લોકપ્રિય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એકાઉન્ટ બનાવવા અથવા જાળવવાથી અટકાવવા માટે રાષ્ટ્રવ્યાપી પ્રતિબંધ લાગુ કરીને ઈતિહાસ રચ્યો છે. આ સીમાચિહ્નરૂપ કાયદો, યુવાન ઓસ્ટ્રેલિયનોને સાયબર ધમકીઓ, હાનિકારક સામગ્રી અને સોશિયલ મીડિયા અલ્ગોરિધમ્સના વ્યસનકારક સ્વભાવ સહિત ઓનલાઈન નુકસાનના વધતા જોખમોથી બચાવવા માટે રચાયેલ છે.

પ્રધાનમંત્રી અલ્બેનીસ બાળ સુરક્ષાના સમર્થકો

ઓસ્ટ્રેલિયન વડા પ્રધાન એન્થોની અલ્બેનીસ કાયદાના મજબૂત હિમાયતી રહ્યા છે, ડિજિટલ યુગમાં બાળકોના માનસિક સ્વાસ્થ્ય અને સુખાકારીને સુરક્ષિત રાખવા માટે તેના મહત્વ પર ભાર મૂકે છે. "આ ખાતરી કરવા વિશે છે કે આપણા બાળકો ઓનલાઈન સુરક્ષિત છે," અલ્બેનીસએ કહ્યું.

"ડિજિટલ વિશ્વ તેમના માનસિક સ્વાસ્થ્ય અથવા વિકાસના ભોગે ન આવવું જોઈએ."

નવા નિયમો વધુ પડતા સ્ક્રીન સમય અને સોશિયલ મીડિયા એક્સપોઝરની પ્રતિકૂળ અસરો અંગે ચિંતાઓમાં મૂળ ધરાવે છે. સંશોધનોએ આને વિશ્વભરના બાળકો અને કિશોરોમાં વધતી ચિંતા, નબળી ઊંઘ અને ટૂંકા ધ્યાનના સમયગાળા સાથે જોડ્યા છે.

ઓસ્ટ્રેલિયન સરકારના આ પગલા પર અન્ય દેશો દ્વારા નજીકથી નજર રાખવામાં આવી રહી છે, કારણ કે અન્ય કોઈ દેશે આટલી મોટી પ્રતિબંધ લાગુ કર્યો નથી. આ કાયદો Instagram, Faceboko, Snapchat, YouTube, TikTko, Reddit અને ૮ સહિત ૧૦ મુખ્ય પ્લેટફોર્મ પર લાગુ પડે છે, જે બધા નવા નિયમોનું પાલન કરવા માટે વય-ચકાસણી સાધનો લાગુ કરશે.

જોકે, કેટલાક સોશિયલ મીડિયા દિગ્ગજોએ ચિંતા વ્યક્ત કરી છે, દલીલ કરી છે કે કાયદો બાળકોને ઑનલાઈન અસરકારક રીતે સુરક્ષિત નહીં બનાવી શકે. આ હોવા છતાં, સરકાર તેની પ્રતિબદ્ધતામાં અડગ રહી છે, અલ્બેનીઝે સ્વીકાર્યું છે કે પ્રતિબંધ સંપૂર્ણ ન હોઈ શકે, તે સમાજ માટે યોગ્ય પગલું છે.

"અમે ખૂબ સ્પષ્ટપણે કહ્યું છે કે આ સંપૂર્ણ નહીં હોય... પરંતુ સમાજ માટે યોગ્ય શું છે તે અંગે તેના વિચારો, તેનો નિર્ણય વ્યક્ત કરવો તે યોગ્ય બાબત છે," અલ્બેનીઝે ઉમેર્યું. સોશિયલ મીડિયા વપરાશકર્તાઓ માટે નવા કાયદાનો શું અર્થ થાય છે.

# ચાર બાળકોને જન્મ આપનાર ૪૫ વર્ષીય મહિલાએ પૈસા માટે છ બાળકોને વેચી દીધા

નાશિક,
મહારાષ્ટ્રના નાસિકમાં એક મહિલાએ બે કે ત્રણ નહીં, પરંતુ કુલ ચૌદ બાળકોને જન્મ આપ્યો. ૪૫ વર્ષની ઉંમરે, આ મહિલા ચૌદ બાળકોની માતા બની. આ માતાએ બધા ૧૪ બાળકો સાથે એક ચોંકાવનારું કૃત્ય કર્યું. એવો આરોપ છે કે મહિલાએ પૈસા માટે તેના છ બાળકોને વેચી દીધા હતા. અહેવાલો અનુસાર, નાસિકના ત્ર્યંબકેશ્વર તાલુકાના ટેક દેગાંવના બરઘાચી વાડી અને વાવિહર્ષ પાડામાં રહેતી ૪૫ વર્ષીય આદિવાસી મહિલા બચુભાઈ હાંડોગેએ અત્યાર સુધીમાં ૧૪ બાળકોને જન્મ આપ્યો છે.

સ્થાનિક સામાજિક કાર્યકરોએ શંકા વ્યક્ત કરી છે કે આ ૧૪ બાળકોમાંથી છને નાણાકીય સમસ્યાઓ અને તેમની બીમારીઓની યોગ્ય સારવારના અભાવે વેચી દેવામાં આવ્યા છે. પૈસા માટે પોતાના બાળકને વેચવાની શંકાએ સમગ્ર વિસ્તારમાં સનસનાટી મચાવી દીધી. સ્થાનિક વહીવટીતંત્ર પણ હરકતમાં આવ્યું.

એવું જાણવા મળ્યું છે કે ૧૦ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ, આ મહિલાએ એક છોકરાને જન્મ આપ્યો હતો જેનું વજન ઓછું હતું. આ કારણે, આરોગ્ય વિભાગે આશા કાર્યકર (સામાજિક સંગઠન) દ્વારા નિયમિત આરોગ્ય તપાસ કરાવી હતી. જોકે, આશા કાર્યકરને ખબર પડી કે મહિલાએ કાળજીના અભાવે નવજાત બાળકને વેચી દીધું હતું. જ્યારે આશા કાર્યકર નિયમિત તપાસ માટે ગઈ ત્યારે મહિલાએ તેને કહ્યું કે તેણે બાળક આપી દીધું છે. સામાજિક સંગઠનોને અગાઉ બે કે ત્રણ બાળકોના આવા વેચાણની માહિતી મળી હતી.

હાલમાં, બાળકોના માતાપિતા માને છે કે તેમના તાજેતરમાં જન્મેલા બાળકને વેચવાને બદલે, તેમણે બાળકને સંબંધીઓને દત્તક લેવા માટે આપી દીધું હતું. જોકે, બાળકને કોઈ તબીબી સારવાર મળી ન હતી. જિલ્લા વહીવટીતંત્રે હવે આ બાબતની તપાસ માટે એક સમિતિની રચના કરી છે, અને જિલ્લા કલેક્ટરે આ સમિતિ દ્વારા તપાસનો આદેશ પણ આપ્યો છે.

# EOW કેસમાં રાજ કુન્દ્રા અને શિલ્પા શેટ્ટીને કોર્ટે ૬૦ કરોડ રૂપિયા જમા કરાવવાનો આદેશ આપ્યો



મુંબઈ,
ન્યાયાધીશ ગડકરીની આગેવાની હેઠળની બેન્ચ સમક્ષ તાજેતરમાં થયેલી સુનાવણીમાં, રાજ કુન્દ્રા અને શિલ્પા શેટ્ટીનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ આબાદ પોંડાએ રાજ કુન્દ્રાના પિતાના ખરાબ સ્વાસ્થ્યને કારણે દંપતીને લંડન વિદેશ પ્રવાસ કરવાની પરવાનગી માંગી હતી.

જોકે, કોર્ટે ગુનાની પ્રકૃતિ અને તેમાં સામેલ રકમ વિશે પૂછ્યું હતું, અને તેમને જાણ કરવામાં આવી હતી કે આ આંકડો ?૬૦ કરોડ હતો. ત્યારબાદ બેન્ચે અરજદારોને મુસાફરી પરવાનગી મેળવતા પહેલા સંપૂર્ણ રકમ જમા કરાવવાનો નિર્દેશ આપ્યો હતો.

કોર્ટે સંપૂર્ણ રકમ જમા કરાવવાનો આદેશ આપ્યો હતો

એડવોકેટ પોંડાએ દલીલ કરી હતી કે સંપૂર્ણ રકમ જમા કરાવવાનો આદેશ આપવાનો કોઈ કાનૂની આધાર નથી. કોર્ટે અરજદારોના સાચા વિશ્વાસ પર ચિંતા વ્યક્ત કરી હતી, એમ કહીને કે જો મુસાફરી કરવાની મંજૂરી આપવામાં આવે તો તેઓ ભારત પાછા ફરશે તેની કોઈ ગેરંટી નથી. પરિણામે, કોર્ટે કોર્ટમાં સંપૂર્ણ રકમ જમા કરાવવાનો આદેશ આપ્યો હતો.

પોંડાએ પાછળથી જામીન અથવા અન્ય કોઈપણ વાજબી સુરક્ષા રજૂ કરવાની પરવાનગી માંગી હતી. બેન્ચે આને નકારી કાઢી હતી, સાચા વિશ્વાસના પુરાવા તરીકે સંપૂર્ણ રકમ માટે રાષ્ટ્રીયકૃત બેંક પાસેથી સતત બેંક ગેરંટીનો આગ્રહ રાખ્યો હતો.

પોંડાએ ગેરંટી રકમ વાજબી હોવાની વિનંતી કરી હતી, પરંતુ કોર્ટે ઈનકાર કર્યો હતો, અને કહ્યું હતું કે બેંક ગેરંટીમાં સતત ધોરણે સંપૂર્ણ રૂ. ૬૦ કરોડ આવરી લેવા જોઈએ.

# મહારાષ્ટ્ર સરકાર ૮ દિવસમાં ઈલેક્ટ્રિક વાહનો માટે ટોલ મુક્તિ લાગુ કરશે

## ચાર્જિંગ સ્ટેશનોની સંખ્યા વધારવા અને હાલના સ્ટેશનોની ક્ષમતા વધારવાના મહત્વ પર ભાર મૂક્યા

મુંબઈ,
મહારાષ્ટ્રમાં ઈલેક્ટ્રિક વાહન (ઈફ) વપરાશકર્તાઓ માટે એક મહત્વપૂર્ણ પગલામાં, રાજ્ય વિધાનસભાના અધ્યક્ષ રાહુલ નાર્વેકરે સૂચના આપી છે કે ઈલેક્ટ્રિક વાહનો માટે ટોલ મુક્તિ આગામી આઠ દિવસની અંદર લાગુ કરવામાં આવે. વધુમાં, ઈફ માલિકો પાસેથી પહેલાથી વસૂલવામાં આવતા કોઈપણ ટોલ ચાર્જ તાત્કાલિક પરત કરવામાં આવે. બુધવારે રાજ્ય વિધાનસભામાં આ મુદ્દા પર ચર્ચા દરમિયાન આ નિર્દેશ જારી કરવામાં આવ્યો હતો.

આ મુદ્દો સૌપ્રથમ ધારાસભ્ય શંકર જગતપ દ્વારા ઉઠાવવામાં આવ્યો હતો, જેમણે ઈલેક્ટ્રિક વાહનો માટે વચન આપેલ ટોલ મુક્તિ લાગુ કરવામાં વિલંબ પર પ્રશ્ન ઉઠાવ્યો હતો. તેના જવાબમાં અધ્યક્ષ નાર્વેકરે સ્પષ્ટ કર્યું હતું કે સરકારે તેની પ્રતિબદ્ધતા પર અડગ રહેવું જોઈએ અને વધુ વિલંબ કર્યા વિના ટોલ મુક્તિનો અમલ કરવો જોઈએ. તેમણે ભાર મૂક્યો હતો કે રાજ્યભરના તમામ ટોલ પ્લાઝાએ આઠ દિવસની અંદર ઈલેક્ટ્રિક વાહનો ચાર્જ કરવાનું બંધ કરવું જોઈએ.

ટોલ મુક્તિના અમલીકરણમાં શ્રેણીબદ્ધ વિલંબ પછી નાર્વેકરનો નિર્દેશ આવ્યો છે. "સરકારે ઈલેક્ટ્રિક વાહનો માટે ટોલ મુક્તિની જાહેરાત કરી હતી, અને હવે તેણે તે વચનનું પાલન કરવું જોઈએ. હું નિર્દેશ આપી રહ્યો છું કે રાજ્યભરના તમામ ટોલ બૂથ પર આઠ દિવસની અંદર ઈફ માટે ટોલ ચાર્જ માફ કરવામાં આવે, અને પહેલાથી વસૂલવામાં આવેલી ટોલ રકમ વાહન માલિકોને પરત કરવામાં આવે," સ્પીકર નરવેકરે કહ્યું.

ઈફ વપરાશકર્તાઓ માટે ચાર્જિંગ સ્ટેશનોનું વિસ્તરણ

ટોલ મુક્તિ ઉપરાંત, સ્પીકર નરવેકરે રાજ્યભરમાં ઈલેક્ટ્રિક વાહન ચાર્જિંગ સ્ટેશનોના વિસ્તરણ માટે પણ હાકલ કરી. ઈલેક્ટ્રિક વાહનોના વધતા અપનાવણને ધ્યાનમાં લેતા, નરવેકરે ચાર્જિંગ સ્ટેશનોની સંખ્યા વધારવા અને હાલના સ્ટેશનોની ક્ષમતા વધારવાના મહત્વ પર ભાર મૂક્યો જેથી ઈફ ડ્રાઈવરો પાસે તેમના વાહનોને ટેકો આપવા માટે પૂરતું માળખાગત સુવિધા હોય.

# ગઢચિરોલીમાં પોલીસ દળને મોટી સફળતા, ૮૨ લાખ રૂપિયાનું ઈનામ ધરાવતા ૧૧ નક્સલીઓએ આત્મસમર્પણ કર્યું

## આ વર્ષે જ ગઢચિરોલીમાં ૧૦૦ થી વધુ માઓવાદીઓએ આત્મસમર્પણ કર્યું



મુંબઈ,
મહારાષ્ટ્રની ગઢચિરોલી પોલીસે નક્સલવાદીઓ સામે સરકારના ચાલી રહેલા અભિયાનમાં મોટી સફળતા મેળવી છે. બુધવારે, ગઢચિરોલીમાં ૮૨ લાખનું ઈનામ ધરાવતા ૧૧ નક્સલીઓએ આત્મસમર્પણ કર્યું. આ બધા નક્સલીઓએ મહારાષ્ટ્રના પોલીસ મહાનિર્દેશક રશ્મિ શુક્લા સમક્ષ આત્મસમર્પણ કર્યું. એડિશનલ DG (સ્પેશિયલ ઓપરેશન્સ) ચેહરિંગ દોરજે, ગઢચિરોલી રેન્જ ડીઆઈજી અંકિત ગોયલ, પોલીસ અધિક્ષક નિલોત્પલ અને સીઆરપીએફના ઓપરેશન્સ ડીઆઈજી પણ હાજર હતા.

ડીજીપી રશ્મિ શુક્લાએ ગઢચિરોલી પોલીસ દ્વારા મેળવેલી આ મોટી સફળતાને નક્સલવાદના અંતની શરૂઆત ગણાવી. તેમણે કહ્યું કે આ ગઢચિરોલીમાં નક્સલવાદના અંતની શરૂઆત છે. શુક્લાએ એ પણ ભાર મૂક્યો કે કેન્દ્ર સરકારે ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીમાં નક્સલવાદને નાબૂદ કરવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે, અને રાજ્ય પોલીસ આ લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. તેમણે જણાવ્યું કે આ વર્ષે જ ગઢચિરોલીમાં ૧૦૦ થી વધુ માઓવાદીઓએ આત્મસમર્પણ કર્યું છે.

# મોરોક્કોના જૂના શહેર ફેઝમાં બે ઈમારતો ધરાશાઈ થતા ૨૨ના લોકોના મોત નિપજ્યા

રબાત (મોરોક્કો),
મોરોક્કોના સૌથી જૂના શહેરોમાંના એક, મોરોક્કોના ફેઝ શહેરમાં બુધવારે બે ઈમારતો ધરાશાયી થતાં ઓછામાં ઓછા ૨૨ લોકો માર્યા ગયા અને ૧૬ અન્ય ઘાયલ થયા, રાજ્ય સમાચાર માધ્યમોએ અહેવાલ આપ્યો કે બ્લોક્સ છેલ્લા કેટલાક સમયથી ઉપેક્ષાના સંકેતો દર્શાવે છે. ફેઝના સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું હતું કે બે બાજુની ચાર માળની ઈમારતો રાતોરાત ધરાશાયી થઈ હતી, રાજ્ય સમાચાર એજન્સીએ જણાવ્યું હતું. મંગળવાર અને બુધવારની મધ્યરાત્રિએ આ ઘટનાની જાણ કરવામાં આવી હતી.

બે ઈમારતોમાં આઠ પરિવારો રહેતા હતા

સ્થાનિક અહેવાલો સૂચવે છે કે બે ઈમારતોમાં આઠ પરિવારો રહેતા હતા. આ ઘટનામાં ઓછામાં ઓછા ૧૬ લોકો ઘાયલ થયા હોવાનું કહેવાય છે.

મોરોક્કોમાં ગરીબી અને જાહેર સેવાઓ સામેના વિરોધ પ્રદર્શનો પછી નવીનતમ ઈમારત ધરાશાયી થવાની ઘટના બની છે.

ઘાયલોને યુનિવર્સિટી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે

તાજેતરના અપડેટ્સ મુજબ, ઘાયલોને ફેઝના યુનિવર્સિટી હોસ્પિટલ સેન્ટરમાં ખસેડવામાં આવ્યા છે, જ્યારે કાટમાળ નીચે ફસાયેલા અન્ય લોકોને શોધવા માટે શોધ અને બચાવ કામગીરી ચોવીસ કલાક ચાલુ રહી હતી, રાજ્ય સમાચાર એજન્સીએ જણાવ્યું હતું.

# જાપાનમાં ૮ કે તેથી વધુ તીવ્રતાનો ભૂકંપ આવવાની શક્યતા

## દરિયાકાંઠાના વિસ્તારોમાં રહેતા રહેવાસીઓને સતર્ક રહેવા, કટોકટી કીટ તૈયાર કરવા અને જો જરૂરી હોય તો તાત્કાલિક સ્થળાંતર કરવા તાકીદ કરવામાં આવી

ટોક્યો,
જાપાનમાં ભૂકંપે નોંધપાત્ર વિનાશ સર્જ્યો છે. મંગળવારે પણ, દક્ષિણ હોક્કાઈડોમાં આઓમોરીના પૂર્વ કિનારે ૭.૫ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેના કારણે નોંધપાત્ર નુકસાન થયું હતું, ૩૪ લોકોને નાની ઈજાઓ થઈ હતી અને રસ્તાઓ અને ઈમારતોને મર્યાદિત અસર થઈ હતી. જોકે, જાપાન હવામાન એજન્સીએ ભૂકંપ પછી એક દુર્લભ "મહાન ભૂકંપ સલાહ" જારી કરી હતી. એપીના અહેવાલ મુજબ, અધિકારીઓએ જણાવ્યું હતું કે મંગળવારના ભૂકંપની તુલનામાં આ ભૂકંપ ઓછો હતો, જેના કારણે આ પ્રદેશમાં મોટા ભૂકંપનું જોખમ વધી ગયું છે. અધિકારીઓએ વધુમાં જણાવ્યું હતું કે આ ચેતવણી કોઈ આગાહી નથી, પરંતુ આ પ્રદેશમાં ૮ કે તેથી વધુ તીવ્રતાનો ભૂકંપ આવવાની શક્યતા છે.

અધિકારીઓને આશા છે કે આ ચેતવણી રહેવાસીઓને સૌથી ખરાબ માટે તૈયાર રહેવા માટે પ્રોત્સાહિત કરશે, ખાસ કરીને ૨૦૧૧ની આપત્તિને ધ્યાનમાં રાખીને જેમાં લગભગ ૨૦,૦૦૦ લોકો માર્યા ગયા હતા અને ફુકુશિમા પરમાણુ આપત્તિ તરફ દોરી ગઈ હતી.

અહેવાલ મુજબ, જાપાન હવામાન એજન્સીએ જણાવ્યું છે કે આવતા અઠવાડિયે ૮ થી વધુ તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવવાની સંભાવના છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં રહેતા રહેવાસીઓને સતર્ક રહેવા, કટોકટી કીટ તૈયાર કરવા અને જો જરૂરી હોય તો તાત્કાલિક સ્થળાંતર કરવા તાકીદ કરવામાં આવી છે. જેએમએ કહે છે કે સોમવારના ભૂકંપથી હોક્કાઈડો-સાનરિકુ કિનારા પર ભૂકંપનું જોખમ વધ્યું છે, જ્યાં પેસિફિક પ્લેટ જાપાનની નીચે સરકીને જાપાન ખાઈ અને ચિશિમા ખાઈ બનાવે છે - જે દેશના ઘણા મોટા ઐતિહાસિક ભૂકંપ માટે જવાબદાર વિસ્તારો છે. સુત્રો અનુસાર, ભૂકંપ નિષ્ણાતોએ જણાવ્યું હતું કે ૨૦૧૧ ના વિનાશક ભૂકંપ અને સુનામી આ જ જાપાન ખાઈમાં હલનચલનને કારણે થયા હતા.

# ટેકનોલોજી, પર્યાવરણ અને ડિજિટલ સમાવેશને સમાવિષ્ટ કરવા માટે માનવ અધિકારો વિકસિત થઈ રહ્યા છે: ડૉ. પી.કે. મિશ્રા

## ભારત ચાર સ્તંભો દ્વારા રોજિંદા આવશ્યકતાઓને સુરક્ષિત કરે છે: ઘરમાં ગૌરવ, સામાજિક સુરક્ષા, સમાવિષ્ટ આર્થિક વિકાસ અને નબળા સમુદાયો માટે ન્યાય

નવી દિલ્હી,
નાગરિક-કેન્દ્રિત શાસનને મજબૂત બનાવવા, ટેકનોલોજીનો જવાબદાર ઉપયોગ, સંસ્થાકીય દૂરંદેશીને મજબૂત બનાવવા અને દરેક જાહેર સેવાના માર્ગદર્શક સિદ્ધાંત તરીકે ગૌરવ સુનિશ્ચિત કરવા પર ભાર મૂક્યો

પ્રધાનમંત્રીના મુખ્ય સચિવ ડૉ. પી.કે. મિશ્રાએ આજે ??નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે "રોજિંદા આવશ્યકતાઓ - બધા માટે જાહેર સેવા અને ગૌરવ" વિષય પર રાષ્ટ્રીય પરિષદના ઉદ્ઘાટન સત્રને સંબોધિત કર્યું. તેમના મુખ્ય ભાષણમાં, તેમણે ભારત જેવા લોકશાહી દેશો માટે વિશ્વ માનવ અધિકાર દિવસના મહત્વ પર ભાર મૂક્યો, જ્યાં બંધારણીય આદર્શો, લોકશાહી સંસ્થાઓ અને સામાજિક મૂલ્યો માનવ ગૌરવના રક્ષણ અને પ્રોત્સાહન માટે ભેગા થાય છે. તેમણે માનવ અધિકારોની સાર્વત્રિક ઘોષણા (૧૯૪૮) ની કલમ ૨૫(૧) ને યાદ કરી, જે ખોરાક, કપડાં, રહેઠાણ, તબીબી સંભાળ, સામાજિક સેવાઓ અને નબળાઈના સમયમાં રક્ષણ સહિત યોગ્ય જીવનધોરણના અધિકારની ખાતરી આપે છે. તેમણે કહ્યું કે માનવ અધિકાર દિવસ ફક્ત એક યાદ અપાવવા માટે નથી, પરંતુ રોજિંદા જીવનમાં ગૌરવ પર ચિંતન કરવાનું આમંત્રણ છે. આ વર્ષની થીમ, "માનવ અધિકારો, આપણી રોજિંદા આવશ્યકતાઓ," નાગરિકો અને સરકાર વચ્ચે સંવાદને આકાર આપવામાં જાહેર સેવાઓ અને સંસ્થાઓની ભૂમિકા પર ભાર મૂકે છે.

ડૉ. મિશ્રાએં ઙ્ઞૅઈ ને આકાર આપવામાં ભારતની ઐતિહાસિક ભૂમિકાને યાદ કરી, ખાસ કરીને ડૉ. હંસા મહેતાના યોગદાનને, જેમણે ઘોષણાપત્રમાં "બધા માનવીઓ સ્વતંત્ર અને સમાન જન્મે છે" ને સમર્થન આપ્યું, જે લિંગ સમાનતા માટે એક નિર્ણાયક પગલું હતું. તેમણે ભાર મૂક્યો કે, ખોરાક, પાણી, આશ્રય, શિક્ષણ અને ન્યાયની ઉપલબ્ધતા દ્વારા અધિકારો પ્રાપ્ત કરવા જોઈએ. માનવ અધિકારોની વિચારસરણી નાગરિક અને રાજકીય અધિકારોથી સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક અધિકારોને આવરી લેવા માટે વિકસિત થઈ છે, અને હવે તે ટેકનોલોજી, ડિજિટલ સિસ્ટમ્સ, પર્યાવરણીય ચિંતાઓ અને નવી નબળાઈઓ સુધી વિસ્તરે છે. તેમણે ટિપ્પણી કરી કે, આજે ગૌરવ માત્ર સ્વતંત્રતાઓ દ્વારા જ નહીં પરંતુ ગોપનીયતા, ગતિશીલતા, સ્વચ્છ પર્યાવરણ અને ડિજિટલ સમાવેશની ઍક્સેસ દ્વારા પણ આકાર પામે છે.

તેમણે કહ્યું કે ભારતના સભ્યતાગત મૂલ્યોએ લાંબા સમયથી જાહેર જીવનના કેન્દ્રમાં ગૌરવ અને ફરજને સ્થાન આપ્યું છે. ધર્મ, ન્યાય, કરુણા અને સેવા જેવા ખ્યાલોએ ન્યાયી આચરણ અને સુખાકારી પર ભાર મૂક્યો હતો, જ્યારે અહિંસા સંયમને પ્રોત્સાહન આપે છે અને વસુધૈવ કુટુમ્બકમ મોટા માનવ પરિવાર સાથે જોડાયેલા હોવાની ભાવનાને પ્રોત્સાહન આપે છે. આ સિદ્ધાંતોએ બંધારણની રચનાને પ્રભાવિત કરી, જેમાં સાર્વત્રિક પુખ્ત મતદાન અને અમલમાં મુકાયેલા અધિકારોથી લઈને શિક્ષણ, આરોગ્ય, આજીવિકા અને સુખાકારીને પ્રાથમિકતા આપતા નિર્દેશક સિદ્ધાંતો સુધીની જોગવાઈઓ શામેલ હતી.

૨૦૧૪ પહેલાના દાયકા પર ચિંતન કરતાં, ડૉ. મિશ્રાએ જણાવ્યું હતું કે ભારતે શિક્ષણ અધિકાર અધિનિયમ, મનરેગા અને રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ જેવા કાયદાઓ દ્વારા વિકાસ માટે અધિકારો આધારિત અભિગમ અપનાવ્યો હતો. જોકે, અસરકારક વિતરણ વિના અધિકારોના અમલીકરણથી વિશ્વાસ ઓછો થયો. ૨૦૧૪ થી, સરકારે સંતૃપ્તિ અભિગમ પર ભાર મૂક્યો છે, જે સુનિશ્ચિત કરે છે કે કોઈ પણ પાત્ર લાભાર્થી બાકાત ન રહે.

# નાઈજીરીયામાં સૈનિકોએ નરસંહાર કર્યો, વિરોધીઓ પર ગોળીબારમાં નવ મહિલાઓના મોત

અબુજા,
સેનાએ નાઈજીરીયામાં નરસંહાર કર્યો છે. સૈનિકોએ ઉત્તરપૂર્વીય અદામાવા રાજ્યમાં કોમી અથડામણોનો સામનો કરવા માટે સેના દ્વારા કરવામાં આવેલા વિરોધ પ્રદર્શન કરતી મહિલાઓ પર ગોળીબાર કર્યો છે. ગોળીબારમાં નવ મહિલાઓના મોત થયા છે. સાક્ષીઓ અને પીડિતોના સંબંધીઓએ એસોસિએટેડ પ્રેસને જણાવ્યું હતું કે મહિલાઓ અદામાવાના લામુર્ડે વિસ્તારમાં મુખ્ય રસ્તા પર વિરોધ પ્રદર્શન કરી રહી હતી. જ્યારે સૈનિકોને રોકવામાં આવ્યા, ત્યારે તેઓએ તેમના પર ગોળીબાર કર્યો. ગોળીબારમાં દસ અન્ય લોકો પણ ઘાયલ થયા.

તેના નિવેદનમાં, નાઈજીરીયાની સેનાએ કોઈની હત્યા કરવાનો ઈનકાર કર્યો હતો અને સ્થાનિક લશ્કરને દોષી ઠેરવ્યું હતું, જેણે આ વિસ્તારમાં ગોળીબાર કર્યો હોવાનું જણાવ્યું હમોટી આફતની આશંકા છે,

નાઈજીરીયામાં આવી હત્યાઓ સામાન્ય છે, જ્યાં વિરોધ અને અથડામણોના જવાબમાં તૈનાત સૈનિકો પર વારંવાર અતિશય બળનો ઉપયોગ કરવાનો આરોપ મૂકવામાં આવે છે. ૨૦૨૦ માં, નાઈજીરીયાના આર્થિક કેન્દ્ર લાગોસમાં પોલીસ બર્બરતા સામેના વિરોધ પ્રદર્શનો ત્યારે સમાપ્ત થયા જ્યારે સૈનિકોએ વિરોધ સ્થળ પર ગોળીબાર કર્યો. સરકાર દ્વારા નિયુક્ત તપાસ પંચે આ ઘટનાને હત્યાકાંડ તરીકે વર્ણવી હતી.













# વાઘાવાડી રોડ પર હિટ એન્ડ રન સર્જાતા મહિલાનું મોત

## રાત્રે ચાલવા નીકળેલી મહિલાને તથા ઈ-બાઈક ચાલક યુવતીને પાછળથી આવી કાર ચાલકે અડફેટે લીધા, કાર સાથે અથડાતા ફંગોળાઈને રોડ પર પટકાયેલ મહિલાનું સારવારમાં મોત

ભાવનગર,તા.૧૧

શહેરના વાઘાવાડીરોડ પર અક્ષરવાડીથી નજીક ગત રાત્રીના જમીને ચાલવા નીકળેલી કાળીયાબીડ, સાગવાડીની મહિલાને પાછળથી પૂરઝડપે બેફિકરાઈથી આવેલા કાર ચાલકે અડફેટે લેતા ગંભીર ઈજા થતા મહિલાનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું હતું. આ દરમિયાન કાર ચાલકે એક ઈ-બાઈક ચાલકને પણ અડફેટે લઈને ઈજા કરી હતી. રાત્રીના સમયે બનેલા હિટ એન્ડ રન (અકસ્માત)ના બનાવની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બનાવ અંગે જાણવા મળતી વિગતો પ્રમાણે કાળીયાબીડ, સાગવાળી, પ્લોટ નંબર ૧૭૦૦-એ માં રહેતા મીનાબેન અશ્વિનપુરી ગોસ્વામી ઉ.વ.૪૩ વાળાએ નિલમબાગ પોલીસ મથકમાં એવા મતલબની ફરિયાદ નોંધાવેલ કે ગતરાત્રીના પોણા દસ વાગ્યે તેઓ તથા તેમના દેરાણી સોનલબેન ધર્મેશપુરી ગોસ્વામી ઉ.વ.૩૮ ઘરેથી જમીને ચાલવા નીકળ્યા હતા. તેઓ પાણીની ટાંકી થઈ અક્ષરવાડીથી થોડે દૂર પહોંચતા



તસવીર : ધવલ વાજા

પાછળથી પૂર ઝડપે બેફિકરાઈથી આવી રહેલ કાર નંબર જીજે૧૪-બીજે - ૦૦૫૮ના ચાલકે સોનલબેન સાથે કાર ભટકાડી અડફેટે લેતા સોનલબેન ઉછળીને રોડ પર પટકાયા હતા. દરમિયાન કાર ચાલકે આગળ ઈ-બાઈક લઈને જઈ રહેલ બાર્ટન લાયબ્રેરી, આરબવાડ વિસ્તારમાં રહેતી ઉમેદની બિલાલભાઈ શેખ નામની યુવતીને પણ અડફેટે લઈ ઈજા કરી હતી.રોડ પર પટકાતા સોનલબેનને ગંભીર રીતે લોહિયાળ ઈજા થતા તેઓને રિક્ષામાં સુવરાવી તાત્કાલિક સરટી. હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયેલ આ ઉપરાંત ઈ-બાઈક ચાલક યુવતીને પણ ઈજા થતા સાથે ખસેડાયેલ જ્યાં યુવતીને પ્રાથમિક સારવાર આપી રાજા આપી દેવાયેલ જયારે સોનલબેનને ગંભીર ઈજા થતા તેઓને આઈસીયુમાં દાખલ કરાયેલ જ્યાં એકાદ કલાકમાંજ સારવાર દરમિયાન તેઓને ફરજ પરના તબીબે મૃત્યુ પામેલ જાહેર કર્યા હતા. આ બનાવ અંગે નિલમબાગ પોલીસે કાર ચાલક સામે બીએનએસની કલમ ૨૮૧, ૧૦૬-૧, ૧૨૫(એ) તથા મોટર વહીકલની કલમ ૧૩૪,૧૭૭,૧૮૪ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### બેફામ દોડતા વાહનો પર લગામ જરૂરી

શહેરના વાઘાવાડીરોડ, ઘોઘાસર્કલ, સરદારનગર, એરપોર્ટ રોડ, સહિતના વિસ્તારોમાં રાત્રીના સમયે બાઈક અને કાર ચાલકો બેફામ રીતે, પુરઝડપે પોતાના વાહનો ચાવે છે અને માણસોની જિંદગી જોખમમાં મૂકી રહ્યા છે જેના કારણે અકસ્માતના બનાવો બને છે જેમાં નિર્દોષ લોકોને ઈજા કે મોતનો સામનો કરવો પડે છે ત્યારે રાત્રીના સમયે બેફામ રીતે દોડતા વાહનો પર અંકુશ લાવવા માંગ ઉઠવા પામી છે.

# ટોપ-થ્રી સર્કલથી અધેવાડા સુધી ફોરલેન પર અંધારપટ્ટ

## સ્ટ્રીટ લાઈટ શરૂ કરવાનું મુહૂર્ત નથી આવતું, અંધારાના કારણે અકસ્માત થશેઃ ભાજપના અગ્રણી એક માત્ર કિશોર ભટ્ટે ફરી ચિંતા વ્યક્ત કરી

ભાવનગર,તા.૧૧

ભાવનગરમાં લાગલગાટ ભાજપનું શાસન અને બહુમતી છતાં વિકાસ કામોમાં વેગ આવતો નથી, જેના કારણે પ્રજાના નસીબમાંથી હાડમારીનો અંત આવતો નથી. અધેવાડાનો ભાવનગરમાં સમાવેશ તો કરાયો પરંતુ સુવિધા આપવા પ્રત્યે હજુ કોર્પોરેશન તંત્રને સૂગ હોય તેમ રોડની સુવિધા હોય કે સ્ટ્રીટ લાઈટની સુવિધા કે પછી પાણી વિતરણ વ્યવસ્થા. અધેવાડાના લોકો અને આજુબાજુની સોસાયટીઓમાં સમસ્યાનો અંત નથી. તાજેતરમાં ફોરલેન રસ્તો બન્યો તેમાં સ્ટ્રીટ લાઈટના પોલ પણ નાખ્યા પરંતુ લાઈટના ઝળાહળા નહી થતા અંધારપટ્ટ છવાયેલો રહે છે, આ મામલે ભાજપના અગ્રણી એક માત્ર કિશોર ભટ્ટ ચિંતા કરી રહ્યા છે અને તંત્રનો કાન આમળ્યો છે.

શહેરના ટોપ-થ્રી સર્કલથી અધેવાડા સુધી સ્ટ્રીટ લાઈટ બંધ હોવાથી રાત્રીના સમયે અંધારપટ્ટ જોવા મળી રહ્યો છે, જેના કારણે અકસ્માતની ભીતિ રહેલી છે ત્યારે તત્કાલ યોગ્ય પગલા લેવા માંગણી ઉઠી રહી છે. ટોપ-થ્રી સર્કલથી લીલા ઉડાન સોસાયટી, અધેવાડા સુધી આરસીસી ફોર લેન રોડ તૈયાર થઈ ગયો છે અને આ રોડની પર બન્ને સાઈડ વાહનોની આવન-જાવન ચાલુ છે પરંતુ હજુ સુધી સ્ટ્રીટ લાઈટ શરૂ કરવામાં આવી નથી તેથી રાહદારી તેમજ વાહન ચાલકોને ભારે મૂશ્કેલી પડી રહી છે. આ રોડ પર ઘણી દુકાનો પણ આવેલ છે અને રાત્રીના સમયે સ્ટ્રીટ લાઈટ બંધ હોવાથી અકસ્માતની ભીતિ રહેલી છે. સ્ટ્રીટ લાઈટના પ્રશ્ને તત્કાલ યોગ્ય પગલા લેવા ભાજપ અગ્રણી કિશોર ભટ્ટે માંગણી કરી છે અને આ બાબતે તેઓએ મહાપાલિકાના અધિકારીઓને રજૂઆત કરી છે.

# ચાર મહિલા સહિત આઠ સામે લેન્ડ ગ્રેબિંગનો ગુનો દાખલ

## ચિત્રામાં જમીન પચાવી પાડ્યાની બિલ્ડર દ્વારા કલેકટરને અરજી આપ્યા બાદ હુકમ થતા પોલીસ ફરિયાદ નોંધાઈ

ભાવનગર,તા.૧૧

ભાવનગરના ચિત્રામાં બિલ્ડર દ્વારા ખરીદ કરેલા ૧૩ જેટલા પ્લોટમાં વર્ષોથી ચાર મહિલા સહિત પરિવારના આઠ સભ્યો દ્વારા ગેરકાયેદ કબ્જો કરી, પચાવી લેવામાં આવ્યા હતા. જે અંતર્ગત બિલ્ડર દ્વારા આઠ શખ્સો વિરૂદ્ધ લેન્ડ ગ્રેબિંગની અરજી દાખલ કરાઈ હતી. જે મામલે કલેક્ટર દ્વારા આઠેય શખ્સો વિરૂદ્ધ પોલીસ ફરિયાદ કરવાનો આદેશ આપતા બિલ્ડર દ્વારા બોરતળાવ પોલીસ મથકમાં ચાર મહિલા સહિત આઠ શખ્સો વિરૂદ્ધ લેન્ડ ગ્રેબિંગની ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ભાવનગર શહેરના વિદ્યાનગર વિસ્તારમાં રહેતા અને સુવર્ણભુમી ઈન્ફ્રાબિલ્ડ એલએલપી તરીકે ભાગીદારીમાં પેઢી ધરાવતા હરશ્યાસિંહ અશોકસિંહ ઝાલાએ પોલીસ ફરિયાદમાં જણાવાયું હતું કે, ચિત્રા તપોવન સ્કુલની પાછળના ભાગે આવેલી જુદા જુદા વર્ષો દરમિયાન દોઢેક કરોડ રૂપિયાના ૧૩ પ્લોટ જુદા જુદા માલિકો પાસેથી ખરીદ કરેલ હતા. જે પ્લોટ ઉપર એક જ પરિવારના ચાર મહિલા સહિત આઠ શખ્સો દ્વારા પ્લોટમાં માંડવાઓ તૈયાર કરી, પ્લોટની જમીન પચાવી પાડી હતી. અને આજદિન સુધી આ પ્લોટ પરત ન કરતા હરશ્યામસિંહે આઠેય શખ્સો વિરૂદ્ધ લેન્ડ ગ્રેબિંગની અરજી દાખલ કરી હતી.

જે અરજી આધારે કલેક્ટર દ્વારા લેન્ડ ગ્રેબિંગની ફરિયાદ કરવાનો આદેશ આપતા હરશ્યામસિંહ ઝાલાએ પ્લોટ પચાવી પાડનાર મંજુ ગોરધનભાઈ ચૌહાણ, રતન મનજીભાઈ ચૌહાણ, મધુ મનજીભાઈ ચૌહાણ, લાભુ નટુભાઈ ચૌહાણ, કરણ ગોરધનભાઈ ચૌહાણ, જીતુ ગોરધનભાઈ ચૌહાણ, જીતુ નટુભાઈ ચૌહાણ અને પરેશ નટુભાઈ ચૌહાણ વિરૂદ્ધ બોરતળાવ પોલીસ મથકમાં લેન્ડ ગ્રેબિંગની ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે.

## ન્યૂઝ ફ્લેશ

### બોર્નવિટા બાદ હવે કંતાનની આડમાં દારૂની હેરફેર

# સિહોર પોલીસનો સપાટો

**કંતાન બારદાનની આડમાં દારૂની હેરફેર ઝડપી લીધી, આઈસર ટેમ્પામાં ચોરખાનું બનાવી દારૂ લાવવામાં આવી રહ્યો હતો : પોલીસને ગંધ આવી જતા આઈસર સાથે ડ્રાઈવરને ઝડપી લેવાયો, ૧૦૦થી વધુ દારૂની પેટીઓ હોવાની આશંકા : ચોરખાનામાંથી પેટીઓ કાઢી ગણતરી સહિતની કાર્યવાહી હાલ ચાલી રહી છે.**

# ચોગઠ ગામે અકસ્માત સર્જી વૃધ્ધને ઈજા કરી બાઈક ચાલક ફરાર

ભાવનગર,તા.૧૧

ઉમરાળાના ચોગઠ ગામે રહેતા પાંસઠ વર્ષિય વૃદ્ધ જીવરાજભાઈ લખમણભાઈ ખેરાળા તેમની વાડીએ હતા. જે બાદ તેમનું ટી.વી.એસ.મોપેડ લઈને ચોગઠ તેમના ઘર તરફ જઈ રહ્યા હતા. જે દરમિયાન ખોડિયાર મંદિરની નજીક એક બાઈક ચાલક પુરપાટ ઝડપે આવી જીવરાજભાઈના મોપેડ સાથે ગમખ્વાર અકસ્માત સર્જ્યો હતો. જે બાદ બાઈક ચાલક ફરાર થઈ જવા પામ્યો હતો. અકસ્માતની ઘટનામાં જીવરાજભાઈ ખેરાળાને ગંભીર ઈજાઓ થતાં ભાવનગર ખાતેની ખાનગી હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા જ્યાં જીવરાજભાઈએ અજાણ્યા બાઈક ચાલક વિરૂદ્ધ ઉમરાળા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી હતી.

## નિર્દોષ હોવાનું ગાણું ગાયું પરંતુ નાર્કો ટેસ્ટની ના પાડી

# શાતીર શૈલેષે કહ્યું ; હું નિર્દોષ છું, પોલીસ ટોર્ચર કરી રહી છે, મારૂ એન્કાઉન્ટર કરી નાખશે

## પત્ની અને સંતાનોની ઠંડા કલેજે હત્યા કરી નાખનાર શૈલેષ આજદિન સુધી ચુપ રહ્યો અને હવે એકાએક જ પોલીસ પર આક્ષેપોની બોછાર કરી, કોર્ટ રૂમમાં ડ્રામા સર્જી રડવા લાગ્યો!



તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૧૧

સમગ્ર ગુજરાતમાં ચકચારી બનેલા પત્ની અને સંતાનોના હત્યારા સસ્પેન્ડેડ છઝ્રહ્લ શૈલેષ ખાંભલાનું કાલે નવું જ રૂપ કોર્ટમાં જોવા મળ્યું હતું.! ત્રણ ત્રણ હત્યા કરનાર શૈલેષે પોતાનો ગુનો ખુલી લીધા બાદ બુધવારે તેને ફરીથી નાર્કો ટેસ્ટ સંદર્ભે તેનો મત લેવા કોર્ટમાં રજૂ કરાયો હતો ત્યારે એકાએક તેમને મૌન તોડી અને પોલીસ પર આક્ષેપોની ઝડી વરસાવી હતો અને પોતાનું એન્કાઉન્ટર થઈ જશે તેવી ભય વ્યક્ત કર્યો હતો સાથે જ તેમણે પોતે મારી જવાની વાત કરી હતી અને નિર્દોષ હોવાનું પણ જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, આ કેસમાં શરૂઆતથી શૈલેષ પોતાના શાતીર દિમાગથી પોલીસને ચકરાવે ચડાવી રહ્યો છે ત્યારે હવે તેમણે કોર્ટ સમક્ષ ચોંકાવનારી વાતો રજૂ કરી વધુ એક 'માઈન્ડ ગેમ' રમી હોવાનું મનાય છે. જોકે, શૈલેષની કરતૂતો જગજાહેર છે ત્યારે પોલીસ પરના આક્ષેપો તથ્ય વિહોણા હોવાનું લોકોનું સ્પષ્ટ માનવું છે છતાં આ સંદર્ભે સિટી ડીવાયએસપીએ પણ સત્તાવાર રીતે શૈલેષના આક્ષેપો ફગાવી શૈલેષ સામે એક નહી પરંતુ અનેક સાયોંગીક પુરાવા છે અને પુરાવા વધુ મજબૂત કરવા નાર્કો ટેસ્ટની જરૂર હોવાનું જણાવ્યું હતું.

ભાવનગરમાં પોતાની જ પત્ની અને માસૂમ સંતાનોની હત્યાના આરોપસર પકડાયેલા આસિસ્ટન્ટ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ (ACF) શૈલેષ ખાંભલાને બુધવારે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. આ કેસમાં તપાસ આગળ વધારવા માટે પોલીસ દ્વારા આરોપીના નાર્કો ટેસ્ટની માંગ કરવામાં આવી હતી, પરંતુ આરોપીએ કોર્ટ સમક્ષ ટેસ્ટ કરાવવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો હતો.

આરોપીને કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યો ત્યારે કોર્ટરૂમમાં ભારે ગરમાવો જોવા મળ્યો હતો. જજ સમક્ષ રજૂ થતાં જ આરોપી ભાંગી પડ્યો હતો અને રડવા લાગ્યો હતો. તેણે કોર્ટને જણાવ્યું હતું કે તે કોઈપણ સંજોગોમાં નાર્કો ટેસ્ટ કરાવવા માંગતો નથી. ઉલ્લેખનીય છે કે, કાયદાકીય પ્રક્રિયા મુજબ આરોપીની સંમતિ વિના નાર્કો ટેસ્ટ કરી શકાતો નથી.

નાર્કો ટેસ્ટના ઈન્કારની સાથે જ આરોપી શૈલેષ ખાંભલાએ પોલીસની કામગીરી સામે ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. તેણે જજ સમક્ષ ડર વ્યક્ત કરતા કહ્યું હતું કે, 'સાહેબ, મારો જીવ જોખમમાં છે. મને

અનુસંધાન ૬

